
# યુગ શક્તિ ગાયત્રી



ડીસેમ્બર ૧૯૯૬



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


૧. શાશ્વત સૌંદર્યની અનુભૂતિ ૧
૨. સિધ્ધિ અર્થાત્ સાધનાનું પરિણામ ૨
૩. પૂજાપાઠનું ગૂઢ રહસ્ય ૫
૪. બ્રહ્મજ્ઞાનનો અધિકાર ૯
૫. પુસ્તકોની પ્રયોગશાળામાં મહાપુરુષો ૧૨
૬. મનુષ્ય સર્વશ્રેષ્ઠ હોવાનું અભિમાન છોડે ૧૫
૭. કલાકારની ઓળખ ૧૭
૮. શ્રધ્ધા શક્તિ છે, વિશ્વાસ શિવ છે ૧૯
૯. આ સંસાર સચ્ચિદાનંદ સ્વરૂપ છે ૨૨
૧૦. સાધના - પોતે પોતાને જ સાધવું ૨૪
૧૧. મનુષ્ય પોતે પોતાના ભાગ્યનો નિર્માતા છે ૨૭
૧૨. છેવટે કુદરત કેમ ગુસ્સે થયેલી છે ? ૩૩
૧૩. રાષ્ટ્રરક્ષાને સમર્પિત 'મેજર મેઘસિંહ' ૩૭
૧૪. પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી - વિષમ પરિસ્થિતિમાં નવયુગની તૈયારી ૪૦
૧૫. મહાજનો યેન ગતઃ સ પન્થાઃ ૪૭


* 'યુગ શક્તિ ગાયત્રી' પત્રિકા કાર્યાલયથી ૧ તારીખ સુદીમાં રવાના થાય છે. પોસ્ટ વિભાગના નિયમ પ્રમાણે ૭ દિવસ સુધી પત્રિકા ડિસ્પેચ થાય છે. જેથી પત્રિકા તમને ૨૪ તારીખ સુદીમાં ન મળે તો ગ્રાહક નંબર-ખાતા નંબર લખી અમને જાણ કરશો.
* આપનું લવાજમ અત્રે મોકલ્યાની તારીખથી ૨૪ દિવસ સુધી અંક ન મળે ત્યારે લવાજમ મોકલ્યાની સંપૂર્ણ વિગત સાથે પત્ર લખવો.
* વાર્ષિક ગ્રાહક, આજીવન ગ્રાહકના નંબર આપને મળતા અંકમાં તમારા નામ આગળ લખવામાં આવે છે. માટે તમારો નંબર અવશ્ય નોંધ કરી રાખો.
* 'યુગ શક્તિ ગાયત્રી' પત્રિકા પેકેટ દ્વારા બેથી વધુ મળતી હોય તેમનો ખાતા નંબર હોય છે. ખાતા નંબર પેકેટ ઉપર લખવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે આ ખાતા નંબર અવશ્ય લખો.
* તમારું લવાજમ નજીકની શાખા શક્તિપીઠ, પ્રજ્ઞાપીઠમાં જમા કરાવો ત્યારે પણ તમારો ખાતા નંબર જરૂર નોંધ કરાવો.
* પત્રિકાનું લવાજમ મોકલો તેમાં બહાર ગામના ગ્રાહકો હોય તો તેની યાદી સારા કાગળમાં, સારા અક્ષરમાં બે કોપીમાં મોકલશો. જેથી બીજી કોપીમાં ગ્રાહક નંબર અને પત્રિકા કયા મહીનાથી કયા મહીના સુધી જશે તે લખી આપને પરત કરવામાં આવશે.
* મનીઓર્ડરથી લવાજમ મોકલો ત્યારે સંદેશ કુપનમાં તમારુ સરનામું ગ્રાહક નંબર-ખાતા નંબર તથા વિગત અવશ્ય લખવી.
* અખંડ જ્યોતિ હિન્દી પત્રિકા તેમજ વાંગમય સાહિત્ય માટે અખંડ જ્યોતિ સંસ્થાન ઘીયા મંડી, મથુરા-૨૮૧૦૦૩ ના સરનામે ડાયરેક્ટ સંપર્ક કરશો તથા ત્યાંનો પત્રાચાર હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં કરશો.

યુગ શક્તિ ગાયત્રી પત્રિકાનું લવાજમ ભર્યા છતાં પત્રિકા ન મળી હોય તો અમને લવાજમ ભર્યાની સંપૂર્ણ વિગત લખી આ સરનામે પત્રાચાર કરશો.

**યુગ શક્તિ ગાયત્રી ફરિયાદ નિવારણ, ગુજરાતી વિભાગ પો-ગાયત્રી તપોભૂમિ, મથુરા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

સંસ્થાપક/સંરક્ષક :
વેદમૂર્તિ તપોનિષ્ઠ યુગદૃષ્ટા
**પં. શ્રીરામ શર્મા આચાર્ય**
અને
**માતા ભગવતી દેવી શર્મા**
પરામર્શ દાતા :
**પં. લીલાપત શર્મા**
સંપાદક :
**ડૉ. પ્રણવ પંડ્યા**
કાર્યાલય :
**ગાયત્રી તપોભૂમિ,**
**મથુરા-૨૮૧ ૦૦૩**
ટેલિફોન :
(૦૫૬૫)૪૦૪૦૦૦,૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા
આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડોલર/ ૪૦૦ રૂપિયા
આજીવન : ૧૦૦ પાઉન્ડ/ ૧૫૦ ડોલર/ ૪૫૦૦ રૂપિયા
વર્ષ - ૨૬ અંક-૧૦
**ડીસેમ્બર - ૧૯૯૬**

## શાશ્વત સૌંદર્યની અનુભૂતિ

મેં પૂછ્યું, "હું કોને પ્રેમ કરું ?" તો ધ્યાનના ઊંડાણમાંથી એક અવાજ આવ્યો, "જેમને લોકો દબાયેલા, દુઃખી અને ખરાબ સમજે છે તેમને પ્રેમ કરો. જેઓ નિંદા અને તિરસ્કારપાત્ર બન્યા છે તેમના મિત્ર બનીને તેમને પ્રેમ અને પ્રકાશ આપો. તમને સંસારમાં ઘણા લોકો પ્રેમ કરે તેમાં તમારું ગૌરવ નથી, બલ્કે તમે સંસારને પ્રેમ કરીને ગૌરવ મેળવી શકો છો."

મેં કહ્યું, "લોકો કહે છે કે જેઓ ચામડી, રંગ અને શરીરથી સુંદર નથી, તેમને જોવાથી સુખ અને શાંતિ મળતી નથી." મારા પ્રિય આત્માએ કહ્યું, "તું અસુંદરતામાં તે શાશ્વત સૌંદર્યની શોધ કર, જે ચામડી, રંગ અને શરીરના ધૂંધળા વાદળોમાં આકાશની નીલિમાની માફક છુપાયેલ શાંતિમાં ડૂબેલ છે. જ્યારે બાહ્ય આવરણોનું ધૂંધળું વાદળ વિખરાઈ જશે ત્યારે સૌંદર્ય સિવાય કશું જ ન રહેશે."

મેં જાણવાની ઇચ્છા કરી કે લોકો શરીર અને નાતજાતથી સુંદર હોવાં છતાં પણ માનસિક મલિનતામાં અને વાસનાઓના અંધારામાં ઘેરાયેલા હોય છે, તો શું હું તેમને ઘૃણા કરું ? હૃદયના ઊંડાણમાં પ્રગટેલ પ્રકાશવાન સૂર્ય તેજમાંથી નીકળતો એક અવાજ ફરીથી ગૂંજ્યો, ના, ઘૃણા કરીશ નહીં, ઘૃણા તેમના અંધકારને વધુ ગાઢ બનાવશે. એનાથી તેમની મલીનતા સવિશેષ ગાઢ થશે. તેમને સવિશેષ પ્રેમની જરૂરિયાત છે. પ્રેમનું નિર્મળ જળ તેમને પરિશુદ્ધ કરશે. પ્રેમનો પ્રકાશ તેમના અંધારાને પ્રકાશિત કરશે અને વાસનાઓને હટાવશે. મલીનતાઓ નષ્ટ થતાં વેંત જ જેના ધ્યાનમાં તું અત્યારે તલ્લીન છે તેવું શાશ્વત સૌંદર્ય આપોઆપ પ્રગટ થઈ જશે.

મેં કહ્યું, "મા ! સંસાર કોલાહલયુક્ત છે. સર્વત્ર કરુણ અને કઠોર રુદન સંભળાય છે, તમે કહો કે શું મને કશું સંભળાશે. મારા હૃદયમાં સ્થિર અને શાંતભાવની શીતળતા જગાડતો વેદમાતા ગાયત્રીનો એક બીજો અવાજનો રણકાર સંભળાયો, "વત્સ ! જે શબ્દોનું ઉચ્ચારણ જીભ, હોઠ કે ગળું ન કરતું હોય તે શબ્દોને સાંભળો. નીરવ અંતરાળમાંથી જે મૌન પ્રેરણાઓ અને પરાગાન પ્રગટ થતું રહે છે, તેને સાંભળીને તારું માનવજીવન ધન્ય થઈ જશે.

ત્યારથી હું કોઈ પણ રંગ ચામડી અને શરીરવાળા દીન-દુઃખીને પ્રેમ કરતો રહ્યો છું. જેઓ વાસનાઓની મલિનતાથી ઘેરાયેલા છે તેમને હું મારા નિર્મળ પ્રેમના જળથી ધોવું છું. હવે મારી અંદર પ્રેમ સિવાય બીજું કશુંય નથી. ત્યારથી હું હૃદયના ઊંડાણમાં સમાયેલ સૌંદર્યના ધ્યાનમાં ડૂબેલો છું અને મૌનના શરણમાં જઈને તે સ્તોત્રને સાંભળીને આનંદમય બની રહ્યો છું, જેને યુગોથી નભોમંડળનો કોઈ અદૃશ્ય ગાયક ગાઈ રહ્યો છે અને શાશ્વત સૌંદર્યની અનુભૂતિ કરાવી રહેલ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સિદ્ધિ અર્થાત્ સાધનાનું પરિણામ

વ્યાયામશાળામાં હંમેશાં ઝઝૂમતા રહેતા પહેલવાનની મનઃસ્થિતિ અને પ્રવૃત્તિઓને ગંભીરતાથી જોવાથી આત્મસાધનાના વિદ્યાર્થીએ શું કરવું જોઈએ તેનો ખ્યાલ આવે છે. પહેલવાન કસરતની સાથેસાથે પૌષ્ટિક આહાર, સંયમિત બ્રહ્મચર્ય, તેલમાલિશ, નિયમિત દિનચર્યા, પ્રસન્નતા અને નિશ્ચિંતતા પણ જાળવે છે. આ બધી બાબતોની ઉપેક્ષા કરીને માત્ર દંડબેઠકોને જાદૂની લાકડી માની લેવાથી સફળતા મળતી નથી. એકલી કસરતથી કંઈ જ થઈ શકતું નથી. એકલી ઉપાસના કરવાથી કંઈ જ કામ થઈ શકતું નથી. પોતાના લક્ષ્ય પ્રમાણે ચિંતન અને જીવનની કાર્યપદ્ધતિ હોવી જોઈએ.

ગાયકો અને વાદકો એક જ દિવસમાં પોતાના વિષયમાં નિષ્ણાત બની જતાં નથી. તેમણે સ્વર અને નાદની રોજ સાધના કરવી પડે છે. 'રિયાજ' ન કરવાથી ગાયકનો સ્વર અને વાદકની આંગળીઓ અકડાઈ જાય છે. સંગીત સંમેલન તો ક્યારેક જ થાય છે પણ તેમાં સફળતા મેળવવા માટે સ્વર સાધના તો નિયમિત કરવી જ પડે છે. તેમાં મળેલ ધન અને પ્રશંસા ગૌણ બાબત બની જાય છે. બહારથી કંઈ ન મળે તો પણ સંગીત સાધક આત્મસંતોષથી મળેલી પ્રસન્નતાને જ પૂરતી માને છે. તે એકાંત જંગલની કોઈ ઝૂંપડીમાં રહીને કંટાળ્યા વિના આજીવન સંગીત સાધના કરે છે. આત્મસાધના કરનારની મનની સ્થિતિ આટલી તો હોવી જ જોઈએ.

નૃત્યકાર અને અભિનેતા તેમજ શિલ્પી અને કલાકાર જાણે છે કે પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવા નિયમિત અભ્યાસ કરવો જોઈએ. તેથી પોતાનો મહાવરો ચાલુ રાખે છે. લશ્કરના સૈનિકોને અનિવાર્યપણે 'પરેડ' કરવી પડે છે. મહાવરો છૂટી જતાં ગોળીનું નિશાન યોગ્ય તાકી શકતા નથી અને જરૂરી કૌશલ્ય છૂટી જાય છે. કોઈ વિશેષ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે ચોક્કસ સંખ્યા અને ચોક્કસ સમય મર્યાદાની સાધના કરવી જોઈએ. પરંતુ આત્મસાધકને તો આટલાથી સંતોષ નથી થતો. તે જાણે છે તરસ મિટાવવા માટે કૂવામાંથી રોજ પાણી ખેંચવું પડે છે અને ઓરડાને સાફ રાખવા માટે રોજ કચરો કાઢવો પડે છે. માનવીય સત્તાની સ્થિતિ પણ આવી જ છે. તેની હીરા ભરેલી ખાણને રોજ ખોદવાથી જ તેને નવી નવી ભેટો મળવાની શક્યતા રહેશે. સ્નાન કરવું, દાતણ કરવું અને કપડાં ધોવા એ રોજનો ક્રમ છે. તેની ઉપેક્ષા થાય નહીં. તેવી જ રીતે સંસારના અશાંત વાતાવરણથી મન પર ચઢેલી ગંદકીની જો રોજ સફાઈ ન કરીએ તો ગંદકી વધતી જાય છે અને છેવટે કોઈ મોટી મુશ્કેલી ઊભી થાય છે.

શરીરને જીવીત અને સુસંચાલિત રાખવા માટે ભોજન અને મળત્યાગ એ બે જરૂરી કાર્યો છે. તેમાંથી કોઈની પણ ઉપેક્ષા કરી શકાય નહીં. ભોજન ન કરવાથી શરીરના પોષણ માટેનું જરૂરી નવું લોહી ઉત્પન્ન થતું નથી. જૂના લોહીનો એક જથ્થો ધીમે ધીમે ઓછો થતો જશે અને શરીર દુર્બળ બનીને છેવટે મૃત્યુ પામશે. એવી જ રીતે દરરોજ મળત્યાગ ન કરવાથી રોજ ઉત્પન્ન થતું વિષ શરીરમાં એકઠું થશે અને તેનું પ્રમાણ વધતાં જ શરીરમાં અનેકાનેક વ્યાધિઓ ઉત્પન્ન થશે અને છેવટે મૃત્યુનો આધાર બનશે. પંચભૌતિક દેહની જેમ સૂક્ષ્મ શરીરની દિવ્યચેતનાની પણ કેટલીક જરૂરિયાતો છે. તેને પણ ભૂખ લાગે છે. તેના પર પણ મળ ચઢે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ બંનેની સફાઈ કરવાની પ્રક્રિયાને જ સાધના કહેવાય છે. તેનાથી સત્પ્રવૃત્તિઓને જગાડીને આત્માની ભૂખ પૂરી પાડીને જીવનને હર્યુંભર્યું બનાવનાર પાક ઉગાડી શકાય છે. પ્રગતિના દરેક ક્ષેત્રમાં અડીખમ રહેનાર અને ડગલેને પગલે અવરોધ ઊભો કરનાર મેલ અને મનોવિકારોને સાધના દ્વારા ભગાડી શકાય છે.

સાબુ અને પાણીથી ધોઈને તડકામાં સૂકવેલું કપડું એકદમ ચકાચક દેખાય છે. તેને પહેરનાર પોતે ગૌરવ અનુભવે છે અને જોનાર પણ પહેરનારની પસંદગીને વખાણે છે. સાધનામાં હાથ ધરવામાં આવતી આત્મનિર્માણ અને આત્મશોધનની પ્રક્રિયા મનમાં પડેલા કુસંસ્કારોને ઉખાડીને તેની જગ્યાએ સુસંસ્કારોનું વાવેતર કરે છે. તેના દ્વારા કાંટાળી ઝાડીઓમાંથી છુટકારો મળે છે અને સ્વાદિષ્ટ ફળ સંપત્તિ પ્રાપ્ત કરવાનો બમણો લાભ મળે છે. આત્મદેવ સંસારના બધાં જ ચમત્કારી દેવતાઓથી શ્રેષ્ઠ છે. તેની સાધના પ્રત્યક્ષ છે. નગદ ધર્મની જેમ કોઈપણ રૂપમાં ક્યારેય પણ તેની કરેલી સાધના નિષ્ફળ જતી નથી. જો ઉદ્દેશ સમજીને સાચો દૃષ્ટિકોણ અપનાવવામાં આવે અને વિધિવત્ સાધના કરવામાં આવે તો જીવનસાધનાને અમૃત, પારસ, કલ્પવૃક્ષ અને કામધેનૂની ઉપમા આપી શકાય છે.

સામાન્ય વર્ગના પ્રાણીઓ પણ સાધનાને લીધે આશ્ચર્યકારક કામો કરી બતાવે છે. જંગલી ગાયો મનુષ્યને પાસે પણ ફરકવા દેતી નથી અને ખેતરોને ઉજ્જડ બનાવી મૂકે છે, પણ જ્યારે તે જ ગાયો પાળવામાં આવે છે ત્યારે દૂધ, વાછરડાં, છાણ વગેરે ઘણું બધું આપે છે. પોતે સુખી રહે છે અને પાળનારાને પણ લાભ મળે છે. આ જ વાત બીજા જંગલી પશુઓને પણ લાગુ પડે છે. જંગલી ઘોડા, કૂતરાં, સુવ્વર, હાથી વગેરે ભૂખે મરે છે, અનેક કષ્ટ વેઠે છે અને અનિશ્ચિત જીવન જીવે છે. પરંતુ પાલતું બનતાં જ તેઓ પોતે નિશ્ચિતતાપૂર્વક જીવે છે અને પાળનારાને પણ લાભ આપે છે. આપણા મનપ્રદેશમાં પણ એકથી એક ચઢે તેવી શક્તિશાળી ધારાઓનો પ્રવાહ વહેતો હોય છે. તે નિરુદ્દેશ અને અનિયંત્રિત હોવાથી જંગલી પશુઓ જેવી અયોગ્ય હોય છે. પરિણામે વિકૃત બનીને પોતાના વિસ્તારને ઝહેરીલો બનાવી દે છે. વિકૃત પ્રવૃત્તિઓ ફેલાયેલી આગ અને તૂટેલી શરાબની બાટલી જેવી હોય છે, તેનાથી કેવળ વિનાશ થાય છે. આ બંને વસ્તુઓનો જો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો તેના એટલા સુંદર લાભ મળે છે કે સામાન્ય જણાતો મેનુષ્ય પણ અસામાન્ય સ્થિતિએ પહોંચી જાય છે. તેને સમજવાથી અને અમલમાં મૂકવાથી જંગલી જાનવરોને પકડીને પાલતૂ બનાવતા જે લાભ મળે છે તેવા લાભ મળે છે.

સરકસના જાનવરો કેવી આશ્ચર્યજનક કરામતો દેખાડે છે. તેને જોનારા આનંદિત થઈ જાય છે. આ તાલીમ પામેલા જાનવરો પ્રશંસા, પ્રતિષ્ઠા અને સારો ખોરાક પામે છે અને તાલીમ આપનારાઓને પણ સારો પગાર મળે છે તથા સરકસના માલિકો પણ સારા પૈસા કમાઈ શકે છે. જો આ જ જાનવરો નિરંકુશ હોય તો પોતે જાતે અસંતુષ્ટ રહે છે અને બીજાને પણ દુઃખી કરે છે.

તાલીમ આપ્યા વિના અને શિખવાડયા વિના તો ઘરઆંગણાંના પશુઓ પણ પોતાનું કામ સારી રીતે કરી શકતાં નથી. વાછરડો યુવાન થયા પછી પણ પોતાની મરજીથી હળ કે ગાડીમાં જોતરાતો નથી. ઘોડા પર સવારી કરી, તેને ઝડપી ચાલે ચલાવવો સહેજમાં શક્ય નથી. ઊંટગાડી, ઘોડાગાડી અને બળદગાડામાં પશુઓ પોતાની જાતે જોતરાતાં નથી. તેમને બહુ ધીરેધીરે મુશ્કેલીથી આ કામને લાયક બનાવવામાં આવે છે. આનું નામ સાધના છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અભિમાન - આ ચારેય ઇન્દ્રિયોના સમૂહને જંગલી પ્રાણીઓ જેવાં ગણી શકાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સામાન્યતયાઃ આ ચારેય નિરંકુશ હોય છે. જન્મ જન્માંતરના કુસંસ્કારોનો મેલ તેના પર ચોંટેલો હોય છે. તેને દૂર કરવા માટે જે સંઘેડાનો ઉપયોગ કરવામાં આવે છે તેને સાધના કહી શકાય છે. પશુતાને દૂર કરી તેને માનવતા અને દેવત્વના રૂપમાં વિકસાવવી એ અણઘડ પથ્થરને કલાત્મક મૂર્તિના રૂપમાં ઘડવા જેવું જ વિશિષ્ટ કૌશલ્ય છે. આ કૌશલ્યમાં પારંગત થવું એ જ આત્મસાધના છે. આ કામ પશુઓને તાલીમ આપવા જેવું અને પથ્થરમાંથી મૂર્તિઓ બનાવવા જેવું મુશ્કેલ તો છે જ, પણ તેમાં ભરપૂર લાભ છે.

કઠપૂતળી નચાવનાર, હાથચાલાકીથી જાદુગરીના ખેલ દેખાડનાર, વાંદરા અને રીંછનો તમાશો કરનાર જાદૂગર જેવાં જ લાગે છે અને તેમને ચમત્કારી ગણવામાં આવે છે. પરંતુ આ ચમત્કાર એ બીજું કંઈ જ નહીં પણ કોઈ વિશેષ દિશામાં એકાગ્રતાપૂર્વક ધીરજ અને ઉત્સાહથી પુરુષાર્થ કર્યાનું ફળ માત્ર છે. આવા ચમત્કાર કુતૂહલ પ્રદર્શનથી માંડીને કોઈ પણ સાધારણ કે અસાધારણ કાર્યોમાં ક્યારેય પણ આશાજનક સફળતાના રૂપમાં જોઈ શકાય છે. આપણી ઈશ્વરદત્ત વિશેષતાઓને ફેલાવવી અને મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ અર્થે વાપરવી તેનું નામ સાધના છે. સાધનાનું પરિણામ સ્વાભાવિક અને નિશ્ચિતપણે સિદ્ધિના રૂપમાં મળે જ છે.

* * *

**એક ગીધ હતું. તેના માતાપિતા આંધળા હતા. સમગ્ર કુટુંબ પર્વતની એક ગુફામાં રહેતું હતું. ગીધ રોજ સવારે સૂર્યોદય થતાં જ નીકળી જતું, પોતાનું પેટ ભરતું અને પોતાના માતાપિતા માટે માંસના ટુકડાં શોધી શોધીને લાવતું. આ રોજનો ક્રમ હતો. એક દિવસ નદી કિનારે ગીધ શિકારીએ નાખેલી જાળમાં ફસાઈ ગયું. તે ખૂબ તરફડિયા મારવા લાગ્યું પરંતુ તેના બધા પ્રયત્નો વ્યર્થ ગયા. તેને જાળમાં સપડાવા કરતાં વૃદ્ધ માતાપિતાની ભૂખની વધારે ચિંતા હતી. તે જોરશોરથી રડવા લાગ્યો. પારધીનું ધ્યાન તે તરફ ગયું. તેણે જઈને પૂછ્યું કે બીજા ગીધ તો આટલો વિલાપ કરતાં નથી તું શા માટે આટલું બધું રડે છે ? ગીધે પોતાની દુઃખભરી કથા સંભળાવી. પારધીએ ટોણો માર્યો અને કહ્યું કે, "ગીધોની નજર તો એટલી તેજ હોય છે કે સો માઈલ દૂર આકાશમાંથી પણ જમીન પર પડેલી મરેલી ચીજોને જોઈ શકે છે. તો તને તો આ નજીકમાં પાથરેલી જાળ પણ ન દેખાઈ ? આમ કેમ ? આ વાત મારી સમજમાં આવતી નથી." ગીધે કહ્યું, પારધી ભાઈ ! જ્યાં સુધી બુદ્ધિની લગામ આપણાં હાથમાં હોય છે ત્યાં સુધી કોઈ છળકપટમાં ફસાઈ જવાતું નથી, પરંતુ જ્યારે બુદ્ધિ પર લોભનો અધિકાર થાય છે ત્યારે તે પોતે તો રસ્તો ભૂલી જાય છે અને પોતાના સાથીઓને પણ ડૂબાડે છે. સમગ્ર જિંદગી પર્યંત માસના ટુકડા પાછળ ભટકવાને કારણે મારી નજરમાં માંસના ટુકડા જ સર્વસ્વ બની ગયા છે. તેના સિવાય મને બીજું કંઈ દેખાતું નથી. સંકુચિત દૃષ્ટિને કારણે સાચો રસ્તો ભૂલી જવાય છે. તેના કારણે જ મને જાળ દેખાઈ નહીં. પરંતુ હવે જ્ઞાન પ્રાપ્ત થવાથી શું લાભ ? કરેલા કર્મોના ફળ તો ભોગવવા જ પડે છે. પારધી ગીધની વાત સાંભળી પ્રસન્ન થયો. તેણે કહ્યું, ગીધરાજ, જાઓ હું તમને છોડી મૂકું છું. જઈને આંધળા માબાપની સેવા કરો. તમે મારી આંખો આજે ખોલી નાખી છે."**

**આવી જ ભૂલ મનુષ્ય પોતાના જીવનમાં પણ કરે છે. જે પહેલા ચેતી જાય છે તે જીવતેજીવ પોતાની જવાબદારીઓમાંથી મુક્ત થઈ જાય છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પૂજાપાઠનું ગૂઢ રહસ્ય

પરમ પૂજ્ય ગુરુદેવ સાથે પ્રવાસ કરતી વખતે દેવપૂજા અને તેમાં સમાયેલાં વિધિવિધાનો બાબતે જિજ્ઞાસા પ્રકટ કરી. જોકે ગુરુદેવે તેમના સાહિત્યમાં કોઈ વિષયને બાકી રાખ્યો નથી. આ વિષયમાં પણ તેમણે ઘણું લખ્યું છે. પરંતુ મારું મન તેમના શ્રીમુખેથી આ વાત સાંભળવા માટે લાલચું બન્યું હતું તેથી પૂછી લીધું. તેમણે પૂજા પ્રાર્થનાનો આધાર મૂર્તિથી શરૂ કરીને તેમણે કહ્યું, મૂર્તિપૂજા આધ્યાત્મિક વ્યાયામનું પહેલું ચરણ છે.

આ માધ્યમથી આપણે આપણી ભાવનાઓને કેન્દ્રિત કરી શકીએ છીએ. જેવી રીતે નાના બાળકોને 'ક' કબૂતર 'ખ' ખરગોશ ભણાવવું પડે છે તેવી રીતે મૂર્તિપૂજાના માધ્યમથી અધ્યાત્મનું પ્રાથમિક શિક્ષણ અપાય છે. ત્રિરંગો ઝંડો રાષ્ટ્રીય ભાવના અને ગૌરવનું પ્રતીક છે. આપણે તેનું સન્માન કરીએ છીએ. આર્યસમાજીઓ મૂર્તિપૂજા નથી કરતાં પરંતુ કોઈ સ્વામી દયાનંદ સરસ્વતીની મૂર્તિનું કે ચિત્રનું અપમાન કરે તો તેઓ સહન કરી શકતાં નથી. આ ભાવનાનો અને સન્માનનો વિષય છે. મૂર્તિપૂજા ભગવાનને પ્રાપ્ત કરવાનું પ્રાથમિક ચરણ છે. દેવપૂજા અને મૂર્તિપૂજા પાછળની ભાવના હવે તને સમજાઈ ગઈ હશે."

"જી હા, ગુરુદેવ ! આ બધું તો સમજાઈ ગયું પરંતુ પૂજામાં ચાર ચમચી જળ, કંકુ, ચોખા, ચંદન, ફૂલ અને મીઠાઈ ચઢાવવાથી શું લાભ થાય છે ? દીવો કેમ પ્રગટાવવામાં આવે છે ? તેનાથી શું લાભ થાય છે ! વગેરે બતાવવાની કૃપા કરો."

પૂજ્યવરે કહ્યું, "બેટા, ચાર ચમચી જળમાં તન, મન, ધન અને ભાવના આ ચાર શક્તિઓ છે. તેને આપણે ભગવાનના ચરણોમાં સમર્પિત કરીએ છીએ. આપણે આપણો સમય, શ્રમ, ધન વગેરે ભગવાનને માટે વાપરવું જોઈએ. હજારી નામનો એક ગરીબ ખેડૂત હતો. તેની પાસે ધન ન હતું પણ તે મહેનતુ હતો. તેણે સમાજ માટે કંઈક કરી છૂટવાની વાત વિચારી. તેથી તેણે એક હજાર આંબાનો બગીચો બનાવ્યો. આજે પણ બિહારમાં તે જગ્યા તે ખેડૂતના નામ પર હજારીબાગ તરીકે ઓળખાય છે. મથુરામાં એક દળણાં દળનારી બાઈ હતી. તે વિધવા હતી અને લોટ દળવાનું કામ કરીને જીવન ગુજારતી હતી. પોતાની કમાણીનો એક અંશ તે બચાવતી હતી અને તેમાંથી કોઈ પરોપકારનું કાર્ય કરવા માગતી હતી. તેણે એક કૂવો ખોદાવ્યો. તેનું પાણી ખૂબ મીઠું નીકળ્યું. તે સમયે મથુરા-વૃંદાવનમાં એક જ મીઠા પાણીનો કૂવો હતો. જે આજે પણ દળણાં દળનારીના કૂવા તરીકે ઓળખાય છે. લોભ અને મોહને કારણે તો બધા જ જીવે છે પણ થોડુંક ભગવાન માટે પણ વાપરવું જોઈએ. આપણે પરોપકારનું એક પણ કાર્ય ન કરીએ તો આપણે પશુથી પણ બદતર જીવન જીવીએ છીએ. પશું તો મર્યા પછી પણ કામમાં આવે છે જ્યારે મનુષ્ય તો મર્યા પછી પણ કોઈ કામનો હોતો નથી.

પાણી શીતળતા, કલ્યાણ અને સંવેદનાનું પ્રતીક છે. પારધીએ ક્રૌંચ પક્ષીને તીર માર્યું. તેની પત્નીનો વિલાપ જોઈને વાલ્મીકિને દયા આવી અને તે દયામાંથી રામાયણ મહાકાવ્ય ઉદ્ભવ્યું. આમ બીજાનું દુઃખ જોઈને હૃદય પીગળવું જોઈએ.

આ બધાં જ ગુણો આપણી અંદર વિકસે અને તન, મન, ધન તથા ભાવનાથી સમાજની સેવા કરી શકીએ અને તેના પ્રતીક રૂપે ચાર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ચમચી જળ ચઢાવવામાં આવે છે.

કંકુ-ચંદન વગેરે ચઢાવવાનો અર્થ એ છે કે આપણું જીવન પણ ચંદન જેવું હોવું જોઈએ. ચંદનના સંપર્કમાં રહેનાર ઝાડી-ઝાંખરાં પણ ચંદન જેવા સુગંધિત બની જાય છે. આપણું જીવન પણ અત્તરફૂલ લગાવવાથી નહીં, પરંતુ આપણા કર્મોની કીર્તિથી, સદ્‌વિચારોથી અને ચારેતરફ ફરકતી આપણી યશપતાકાથી આપણું જીવન પણ સુગંધિત બનવું જોઈએ. આપણી પાસે જે કંઈ પણ અસાધારણ બુદ્ધિ છે તેને સમાજ માટે વાપરવી જોઈએ. સ્વાર્થ નહીં પરંતુ પરમાર્થ માટે જીવન જીવવાનું વિચારો. ભાગીરથીએ ગંગાઅવતરણ માટે કઠોર તપશ્ચર્યા પરમાર્થની ભાવનાથી કરી હતી. તેથી જ તો ગંગા પોતાને ભાગીરથી કહેવડાવીને ધન્ય બની. ભગવાનની ભક્તિ શબરી જેવી હોવી જોઈએ. ફક્ત ભજનકીર્તન કરનારા સાચા ભક્તો નથી હોતાં. ભજનનો અર્થ છે સેવા કરવી. શબરી રોજ સવારે બ્રાહ્મમુહુર્તમાં ઋષિઓના નાહવાના ઘાટ સુધીના રસ્તાના કાંટા ઋષિઓના પગમાં ન વાગે તે માટે કચરો વાળતી હતી. તેની નિસ્વાર્થ ભક્તિને કારણે જ એક દિવસ રામ તેની ઝૂંપડીએ આવ્યા અને તેનાં એંઠાં બોર પણ ખાધાં. ચંદન પણ બીજાની સેવા કરવાનું શીખવે છે.

ચંદન માટે કહેવત છે કે "ખડે ખડે સો સાલ પડે પડે સો સાલ (ઊભાં ઊભાં સોં વર્ષ પડયાં પછી પણ સો વર્ષ) મતલબ કે ચંદનનું વૃક્ષ સો વરસ સુધી પોતાની સુગંધ ફેલાવતું રહે છે અને કપાયા પછી તેના લાકડાના ટુકડા પણ સો વરસ સુધી સુગંધ આપતા રહે છે. આપણે પણ 'શતમ્ જીવમ્ શરદમ્' પ્રમાણે ચંદનની જેમ સો વરસ સુધી આપણા સત્કાર્યોની સુગંધ ફેલાવતાં રહીને જીવીએ અને પછી પણ સેંકડો વર્ષો સુધી તે સુગંધ સંસારમાં ફેલાતી રહે.

ચંદન કહે છે બીજાની સેવામાં પોતાને સમર્પિત કરતાં શીખો. ભગવાન હંમેશાં પહેલાં કંઈક માગે છે. આપણું સમર્પણ ઇચ્છે છે અને પછી જ કંઈક આપે છે. સુદામા પાસેથી પૌંઆની પોટલી માગી હતી. બલિરાજા સિંહાસન પર બેઠા હતાં અને ભગવાન ભિક્ષા માગવા માટે નીચે ઊભા રહ્યા હતા. ભગવાન પાસેથી કંઈક માગવું એ ભક્તિ નથી વેપાર છે. આપવું, સમર્પણ કરવું એ ભક્તિ છે. આપણે કર્ણ જેવા દાનેશ્વરી બનવું જોઈએ.

ભગવાનની પૂજામાં 'પુષ્પમ્ સમર્પયામિ' પણ કહેવાય છે. પુષ્પની જેમ ખીલતું હસતું અને સમૃદ્ધ જીવન ભગવાનનાં કાર્યો માટે સમર્પિત કરી દેવું જોઈએ. ફૂલે માળીને ભગવાનના ચરણે ચઢવાની વાત કરી તો માળીએ કહ્યું, "પહેલાં તારે તારું ગળું કપાવવું પડશે." અર્થાત્ ભગવાનના ચરણોમાં પહોંચવું છે તો તપ અને સહનશીલતા ભરેલું કષ્ટ સાધ્ય જીવન જીવવું જોઈએ. ફૂલે માળીને કહ્યું કે હું ભગવાનના ગળાનો હાર બનવા માગુ છું તો માળીએ જવાબ આપ્યો કે એકલું ગળુ કપાવવાથી કામ ન ચાલે, તેના માટે પેટમાં સોય વડે કાણાં પડાવવા પડે ત્યારે ભગવાનના ગળાનો હાર બની શકાય. અર્થાત્ દુઃખદાયક (કષ્ટસાધ્ય) જીવન ઉપરાંત અંદરના વ્યસનોને બહાર કાઢવાં જોઈએ. અંદર જે ગંદકી ભરેલી છે તેને સોય વડે કાણું પાડીને બહાર કાઢવી જોઈએ. બીડી, સિગારેટ, શરાબ, માંસ, જુગાર, સટ્ટો, સિનેમા વગેરે વ્યસનોમાંથી મુક્ત બનીને બધાની સાથે હળીમળીને સહકાર ભરેલું જીવન જીવો ત્યારે તમે માળારૂપે દેવોના ગળાનો હાર બની શકશો. ફૂલની જેમ એક બનીને સમર્પિત જીવન જીવો અને લોકકલ્યાણ માટે પોતાનું સર્વસ્વ ચારેતરફ વિખેરતાં રહો. પોતાની સુગંધથી બીજાને મોહિત કરતા રહો.

પૂજામાં દીવો પ્રગટાવવામાં આવે છે. પાત્ર, ઘી અને દિવાસળી ત્રણે હશે તો જ દીવો પ્રકાશ આપવાને શક્તિમાન બનશે. જો પાત્ર જ તૂટયું-



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ફૂટયું હશે તો તેમાં ઘી ક્યાંથી રહે અને પ્રકાશ કેવી રીતે ફેલાય ? આપણે દીવાની જેમ ભગવાનની સેવા માટે પાત્રતા પેદા કરવી જોઈએ. અંદરબહારના બધાં જ મનોવિકારોને દૂર કરીને દીવાની જેમ સેવા માટે સમર્પિત થવું જોઈએ. પ્રેમ અને સેવાની ભાવનાથી ઓતપ્રોત બનવું જોઈએ. સત્કાર્યો અને સમાજ પ્રત્યે નિષ્ઠા રાખવી જોઈએ. આ ત્રણે પ્રતીકોની એકત્રિત જ્યોતિ પંથ ભૂલેલાને સાચો પંથ બતાવી શકશે. જ્ઞાનનો પ્રકાશ લોકો સુધી પહોંચાડવા માટે ત્યારે જ શક્તિમાન બની શકીશું. દીવાના રૂપે આપણે પોતે ભગવાનને સ્વયં સમર્પિત થઈને પ્રાર્થના કરીએ છીએ કે પાત્રતાની પરીક્ષામાં આપણે સફળ થઈએ.

ચોખા ચઢાવવાનું તાત્પર્ય એ છે કે જે અનાજ ધનસંપત્તિ આપણે કમાઈએ છીએ તેને બધાં સાથે હળીમળીને ખાઈએ. કુટુંબ, રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેના આપણાં કર્તવ્યોને પૂરાં કરવાં જોઈએ. ગીતામાં કહ્યું છે કે ‘જે એકલો ખાય છે તે પાપ ખાય છે.’ મનુષ્ય સમાજમાં રહીને સમાજના સાધનોથી અને સહયોગથી જ શીખે છે. તેથી સમાજ પ્રત્યે ઋણી રહે છે. રામૂ નામના બાળકનું ઉદાહરણ લો. માતા ખેતરના કોઈ કામમાં રોકાયેલી હતી ત્યારે તે નાનું બાળક ખેતરના કિનારે સૂઈ ગયું હતું. જંગલમાંથી એક વરૂ આવ્યું અને તે બાળકને ઉઠાવીને ચાલતું થયું. કેટલાંક વર્ષો પછી એક શિકારીએ તે બાળકને વરૂના ટોળામાં જોયું. તે બાળક આઠ-દસ વર્ષનો હોવા છતાં વરૂની જેમ ચાલતો હતો અને વરૂની જેમ બૂમો પાડતો હતો. હોંકારા પડકારા પાડવાથી વરૂ ત્યાંથી ભાગી ગયું અને તે બાળકને પકડીને લખનૌની એક હૉસ્પિટલમાં રાખવામાં આવ્યું. તેનું નામ રામૂ પાડવામાં આવ્યું. ત્રણ વર્ષ સુધી દવાખાનામાં રાખવા છતાં પણ તે પોતાની ભાષા શીખી શક્યો નહોતો. એક દિવસ તે મરી ગયો. પોતાના સમાજથી અલગ રહેવાનું આ પરિણામ આવ્યું. આપણને સમાજ પાસેથી બળ, બુદ્ધિ અને સંપત્તિ જેવાં અગણિત દાન મળ્યાં છે. તેથી આપણી કમાણીનો એક ભાગ સમાજ માટે કાઢવો એ આપણી ફરજ થઈ પડે છે. આવું કરવાથી કેટલો લાભ થાય છે, તે સાંભળો.

એકવાર ભારે દુકાળ પડયો. એક બ્રાહ્મણનું કુટુંબ સાત દિવસથી ભૂખ્યું હતું. અનાજના અભાવે ચારેતરફ ત્રાસ ત્રાસ થઈ રહ્યો હતો. બ્રાહ્મણ ભિક્ષા માગીને પોતાનું જીવન ગુજારતો હતો. સારાં દિવસોમાં તો ભિક્ષા સહેલાઈથી મળી જતી હતી પરંતુ દુષ્કાળમાં જ્યાં લોકો પાસે જ કંઈ ન હતું તો તેઓ ભિક્ષા ક્યાંથી આપે ?

સાત દિવસની મહેનત પછી ચાર રોટી જેટલી ભિક્ષા મળી. તેને લઈને ઘેર આવ્યો. કુટુંબના ચાર સભ્યો માટે ચાર રોટલીઓ બનાવવામાં આવી, થાળીમાં મૂકી અને જમતાં પહેલાં બ્રાહ્મણને થયું કે આપણા કરતાં પણ કોઈ ક્યાંક વધારે જરૂરિયાતવાળું હોય તો કમાણી પર પહેલો હક તેનો છે. પહેલાં શોધીએ પછી ભોજન કરીએ. પોતાના ભાગની રોટલી લઈને બ્રાહ્મણ જેવો બહાર નીકળ્યો તો તેણે પાસેના જ એક ઝાડ નીચે એક વૃદ્ધ ચંડાળને પડેલો જોયો. ઘણાં દિવસોથી અનાજ મળ્યું ન હતું તેથી તે મરણાસન્ન સ્થિતિમાં હતો. રોટલી લઈને આવતાં બ્રાહ્મણને જોઈને તે બોલ્યો મને ક્યાંયથી ભોજન મળી જાય તો મારો જીવ બચી જાય, કૃપા કરીને કોઈક મારો જીવ બચાવી લો. બ્રાહ્મણે પોતાના ભાગની રોટલી તે વૃદ્ધ ચંડાળને આપી દીધી પણ તેનાથી તેની ભૂખ શાંત થઈ નહીં. તેથી બ્રાહ્મણે ક્રમશઃ પોતાની પત્ની, પુત્ર અને પુત્રીની રોટલીઓ પણ તે ચંડાળને ખવડાવી દીધી. સાત દિવસના ઉપવાસી તે કુટુંબે મહામહેનતે મેળવેલું ભોજન તે વૃદ્ધ ચંડાળને સ્વેચ્છાએ ખવડાવી દીધું. તેની ભૂખ શાંત થઈ. તે વૃદ્ધ ચંડાળે તૃપ્ત થઈને પાણીનો કોગળો કર્યો. જ્યાં કોગળો કરેલું પાણી પડ્યું હતું ત્યાં એક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નોળિયો આવીને આળોટવા લાગ્યો. નોળિયાના શરીરનો જેટલો ભાગ તે પાણીથી ભીનો (પલળ્યો) થયો હતો તેટલો ભાગ સોનાનો બની ગયો. આ નોળિયાએ જ્યારે સાંભળ્યું કે રાજા યુધિષ્ઠિર રાજસૂય યજ્ઞ કરી રહ્યા છે તો તેણે વિચાર્યું કે યજ્ઞમાં ભૂદેવોએ કરેલા ભોજન પછીના કોગળાના પાણીમાં આળોટીને હું મારું બાકીનું શરીર પણ સોનાનું બનાવી દઈશ પરંતુ ત્યાં જઈને તેને નિરાશા મળી. આ રીતે તે બ્રાહ્મણનું અન્નદાન રાજસૂયયજ્ઞથી પણ મહાન સાબિત થયું. ઉદાર હાથે કરેલાં સામાન્ય કાર્યોને પણ અસાધારણ પુણ્ય માનવામાં આવે છે.

પૂજનીય ગુરુદેવે આ જ પ્રકારની એક બીજી વાત પણ સંભળાવી. સંત એકનાથ કાવડ લઈને ભક્તોની સાથે રામેશ્વર ગંગાજળ ચડાવવા જઈ રહ્યા હતાં. રસ્તામાં એક ગધેડું તરસે મરી રહ્યું હતું. બધાં ભક્તો ગધેડાની અવગણના કરીને આગળ ચાલ્યા ગયા પરંતુ સંત એકનાથ સર્વમાં ઈશ્વરનો વાસ છે તેમ માનતા હતા. તેથી રામેશ્વરને ચઢાવવા માટે જે જળ લઈ જઈ રહ્યા હતાં તેમાંથી એક ઘડો પાણી તે તરસ્યા ગધેડાને પીવડાવી દીધું. ગધેડું ઉઠીને બેઠું થયું. અને પૂછ્યું, "તમે આ જળ ક્યાં લઈ જતાં હતાં ?" એકનાથે જવાબ આપ્યો, ભગવાન રામેશ્વરને ચઢાવવા લઈ જતો હતો." ત્યારે ગધેડું બોલ્યું કે, "હું જ રામેશ્વર છું." તેજ ક્ષણે ગધેડું ત્યાંથી ગાયબ થઈ ગયું અને તેને સ્થાને ભગવાન રામેશ્વર પોતે પ્રગટ થયા અને કહેવા લાગ્યા, "તુ જ મારો સાચો ભક્ત છે."

ગુરુદેવે સમજાવ્યું કે ભગવાન પીડિતો અને દીન-દુઃખીઓની વેદનામાં મળે છે. તમારી અંદર બીજા માટે દયા, કરુણા, સંવેદના, સેવાભાવના હોય તો સમજી લેજો કે ત્યાં જ ભગવાનનું અવતરણ થઈ જશે. દેવપૂજામાં કર્મકાંડ દ્વારા આવા દેવત્વનું આપણી અંદર અવતરણ થાય તેવી ભાવના હોવી જોઈએ, તેવા કાર્યો કરવાં જોઈએ.

ભગવાનને મીઠાઈ ચડાવવાની પાછળ આપણું જીવન મધુર અને વાણીમાં મીઠાશ રહે તેવો હેતુ રહેલો છે. કડવો અને કર્કશ વ્યવહાર મિત્રને દુશ્મન બનાવી દે છે. આપણે ભગવાનને અનુરૂપ આપણું જીવન બનાવવું જોઈએ. કોમળ બનીને બીજાનું હૃદય જીતી લેવું જોઈએ.

બેટા, આ બધાં ભાવ પૂજાપાઠ અને દેવપૂજામાં સમાયેલા છે. તેને આપણા જીવનમાં ઉતારીને ભગવાન જેવાં બની શકીએ છીએ. બધા કર્મકાંડનો સાર આ જ છે.

**સંકલન - પં० લીલાપત શર્મા**

---

**ફ્રાંસે હોલેન્ડ પર હુમલો કર્યો. ફ્રાંસ દેશ ઘણો મોટો અને સાધન-સમૃદ્ધ હોવા છતાં પણ તે હોલેન્ડ જેવા નાના દેશ પર વિજય મેળવી શક્યો નહીં.**

**આ બાબત પર ચિડાઈને ફ્રાંસના રાજા લુઈ ચૌદમાએ મંત્રી કાલવર્ટને બોલાવીને પૂછ્યું કે, "ફ્રાંસ દેશ આટલો મોટો અને સમર્થ હોવા છતાં પણ કેમ જીત મેળવી શક્યો નહીં ?"**

**કાલવર્ટ ગંભીર થઈ ગયો. તેણે નમ્રતાપૂર્વક ધીમા અવાજમાં કહ્યું, "કોઈ દેશનું મહત્ત્વ અને સમર્થતા તેના વિસ્તાર કે વૈભવ પર આધારિત રહેતી નથી, તે તો ત્યાંના નાગરિકોની દેશભક્તિ અને બહાદુરી પર આધારિત રહે છે.**

**હોલેન્ડમાં પ્રત્યેક ઘરના બાળકને રાષ્ટ્રભક્તિના સશક્ત ઢાંચામાં ઢાળવામાં આવે છે. આ સાધના તેમને બહાદુર બનવાની શક્તિ આપે છે.**

**હોલેન્ડના નાગરિકોની દેશભક્તિનું ઊંડું વિવરણ સમજાઈ જવાથી ફ્રાંસે પોતાની સેના પાછી બોલાવી દીધી.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# બ્રહ્મજ્ઞાનનો અધિકાર

"મા ! હું ભણવા માગુ છું. મને ગુરુકુળ ક્યારે મોકલીશ ?" બાળક સત્યકામે પોતાની મા જાવાલાને જ્યારે આ પ્રશ્ન કર્યો ત્યારે મા સમજી કે કદાચ કોઈ બાળકને ભણતું જોઈને જીદ કરતો હશે, પરંતુ બાળકે જ્યારે વધારે જીદ કરી તો મા સમજી ગઈ કે સત્યકામ ભણવા જ માગે છે. જાવાલા એક સત્યનિષ્ઠ, ત્યક્તા અને તપસ્વિની બ્રાહ્મણી હતી. તેના પતિએ સત્યકામના જન્મ પહેલાં જ કોઈ કારણવશ તેનો ત્યાગ કરી દીધો હતો. તે સમયે તે ગર્ભવતી હતી. સત્યકામના જન્મથી માંડીને આજ સુધીનું લગભગ સોળ સત્તર વર્ષનું લાંબુ ત્યક્તા જીવન તેણે ઈશ્વરભક્તિ અને સત્યકામના સહારે વિતાવ્યું હતું. આજે જ્યારે સત્યકામે ભણવાની ઇચ્છા પ્રગટ કરી તો એક વાર ફરીથી ભૂતકાળની ઝેરીલી યાદો તેના માનસપટલ પર સજીવન થઈ ઊઠી. એક વાર તો તેનું મન ઉદાસ થઈ ગયું પણ બીજી જ ક્ષણે તેને યાદ આવ્યું કે જેના માટે જીવનના અમૂલ્ય વર્ષ આમ જ વિતાવી દીધાં છે તે સમય હવે આવી ગયો છે. જાવાલાએ મનમાં દૃઢ નિશ્ચય કર્યો કે ગમે તે થાય, કોઈ કંઈ પણ કહે, પરંતુ સત્યકામને એવો વિદ્વાન બનાવીશ કે જ્યારે પણ જગતમાં વિદ્વાનોનું નામ લેવામાં આવે તો લોકો સત્યકામનું નામ નિષ્ઠાપૂર્વક સૌ પ્રથમ લે તેવો તેના પિતાથી પણ ચડિયાતો વિદ્વાન બનાવીશ. વધુમાં આટલા વર્ષો તેણે કોઈપણ જાતની લાલચ વગર ઈશ્વરની તપસ્યા કરી છે તેનું ફળ પણ તેને મળવું જ જોઈએ અને એટલા માટે જ તેણે આજ સુધી ઈશ્વર પાસે કશું માગ્યું નથી.

અચાનક તેને વિચાર આવ્યો કે અત્યાર સુધી તો સત્યકામ તેના પિતાનું નામ પૂછતો તો તેને બાળક સમજીને કોઈને કોઈ બહાનું બતાવીને ટાળી દેતી હતી. પરંતુ હવે તો તેને તથા તેના આચાર્યને પણ પિતાનું નામ જણાવવું પડશે. આવા વિચારમાં ડૂબેલી જાવાલા પોતાની ઝૂંપડી સામે બેઠી હતી. એટલામાં ત્યાં ઋષિવરનું આગમન થયું. જાવાલાને ઋષિવરની ચરણરજ લીધી અને તે કંઈ કહે તે પહેલાં તો તેના મનોભાવ જાણી ગયેલા ઋષિવર બોલ્યા, "બેટી, જાવાલા ! તું સત્યકામના પિતાનો વિચાર કરીને બિલકુલ ચિંતા કરીશ નહીં. જાઓ સત્યકામને લઈને મારી સમક્ષ હાજર કરો. ઋષિવરના મુખેથી મધુર અને સ્નેહ ભરેલાં વચનો સાંભળી જાવાલા ખૂબ ખુશ થઈ. જાવાલાને લાગ્યું કે સમસ્ત સંસારની ખુશીઓ ભગવાને તેની ઝોળીમાં ઠાલવી દીધી છે. જે સમસ્યાને કારણે સત્યકામના જન્મથી માંડીને આજ સુધી જાવાલા ક્ષણે ક્ષણે ઘૂંટાઈને સળગતી રહી ઋષિવરે તે સમસ્યા આજે એક જ પળમાં કોઈ સમસ્યા ન હોય તે રીતે હલ કરી દીધી. જાવાલાએ તેને પોતાની ઈશ્વર ભક્તિનું સુફળ અને ઋષિવરનો પુણ્ય પ્રતાપ સમજી સ્વીકારી લીધું. જાવાલા સત્યકામને બોલાવી લાવી. ઋષિવરને જોતાં જ સત્યકામે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ઋષિવરે બાળક સત્યકામને જોઈને જાવાલાને કહ્યું, "બેટી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જાવાલા ! કાલે દીક્ષારંભ માટે સત્યકામને ગુરુકુળમાં મોકલી દેજે. જાવાલાએ ઋષિવરનો સારો આદર સત્કાર કર્યો, તેમને ખાવા માટે, કંદ, મૂળ, ફળ આપ્યાં. તૃપ્ત થઈને ઋષિવરે જ્યારે જાવાલા પાસે વિદાય માગી તો જાવાલા ભાવવિભોર બનીને ઋષિવરના પગમાં પડી ગઈ અને તેની આંખોમાંથી અશ્રુઓની ધારા વહેવા લાગી. ઋષિવર જાવાલાને આશીર્વાદ આપી ચાલ્યા ગયા.

માતા જાવાલાની આજ્ઞા લઈને સત્યકામ ઋષિવરના ગુરુકુળમાં પહોંચી ગયો. સ્નાન અને ધ્યાન કરીને નિયત સમયે વર્ગમાં પહોંચી ગયો. ઋષિને પ્રણામ કરીને વર્ગમાં બેસવાની રજા માગી. ઋષિવરે સત્યકામની પરીક્ષા લેવાના આશયથી પ્રશ્ન કર્યો, "બેટા ! તારું ગોત્ર કયું છે ?" સત્યકામે સભ્યતાપૂર્ણ જવાબ આપ્યો - પૂજ્યવર ! મારું ગોત્ર કે વંશ કયો છે તે તો હું નથી જાણતો હું એટલું જાણું છું કે મારું નામ સત્યકામ છે અને મારી માતાનું નામા જાવાલા છે. ઋષિવરે એક પળ વિચારીને કહ્યું, 'વત્સ ! કોઈ ઉચ્ચ કુળનો બાળક જ આટલી નિર્ભયતાથી જવાબ આપી શકે. હું તારા મધુર અને શિષ્ટ આચરણથી તથા નિર્ભય સ્વભાવથી પ્રસન્ન થયો છું. હવે એ બતાવ કે તું કયા વિષયમાં ભણવા માગે છે ?" સત્યકામે હાથ જોડીને જવાબ આપ્યો કે, "પૂજ્યવર ! હું બ્રહ્મજ્ઞાન મેળવવા માગું છું." ઋષિવરે કહ્યું, "બેટા સત્યકામ ! બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવું એ ખૂબ જ મુશ્કેલ છે, છતાં પણ જો તારી ઇચ્છા હોય તો બ્રહ્મજ્ઞાન મેળવતાં પહેલાં તારે મારી એક શરત પૂરી કરવી પડશે. આશ્રમમાં ચારસો દુર્બળ ગાયો છે. તેને એવી જગ્યાએ લઈ જા કે જ્યાં તે તંદુરસ્ત બને અને ચારસોમાંથી એક હજાર ગાયો થાય ત્યારે તું પાછો આવજે. સત્યકામે ગુરુદેવની ચરણરજ લીધી અને પ્રણામ કરીને ગાયો લઈ ચાલી નીકળ્યો. રસ્તામાં આ મુશ્કેલ કામની સફળતા માટે તેના મનમાં અનેક શંકાઓ જાગી પરંતુ તેના અંતરપટ પર માની મૂર્તિ દેખાતી, જાણે તેને કહી રહી હોય, બેટા ! તું એવી વિદ્યા પ્રાપ્ત કરજે અને એવો બનજે કે તારી વિદ્વતા અને બુદ્ધિની સામે સામાન્ય લોકોથી માંડીને વિદ્વાનો પણ મસ્તક નીચું રાખે. આવા ઊંડા વિચારો કરતાં કરતાં તે ઘણે દૂર નીકળી ગયો. જોયું તો દૂર દૂર સુધી લીલા ઘાસનું ગોચર ફેલાયેલું છે અને નજીકમાં જ એક નિર્મળ જળનું સરોવર છે જેમાં બ્રહ્મકમળથી માંડીને જાતજાતનાં ફૂલો ખીલેલાં છે. આવું મનોરમ્ય અને હૃદયગ્રાહી દૃશ્ય જોઈને તેણે ત્યાંજ પડાવ નાખ્યો. એક નાની ઝૂંપડી બનાવીને ત્યાં જ રહેવા લાગ્યો. રોજ બ્રાહ્મમુર્હૂતમાં ઊઠી સમિધાઓ એકઠો કરી યજ્ઞ કરવો, ધ્યાન, ભજન અને પૂજાપાઠ કરવો વગેરેને પોતાની દિનચર્યાના એક અંગ બનાવી દીધાં. આ પ્રમાણે લગભગ કેટલાયે વર્ષો વીતી ગયાં. એક દિવસ સત્યકામ પોતાના નિત્યકર્મથી પરવારીને બેઠો હતો ત્યારે એક સાંઢ ત્યાં આવ્યો અને બોલ્યો, "ઋષિકુમાર આજે તમારી તપસ્યા પૂરી થઈ. ગાયો પણ એક હજાર થઈ ગઈ છે. હવે તમે તેમને પાછી લઈ જાઓ." આવાં વચન સાંભળી સત્યકામે કહ્યું, "ગાયો તો એક હજાર થઈ ગઈ છે એ વાત સાચી પરંતુ જે બ્રહ્મજ્ઞાન મેળવવા માટે હું તપ કરી રહ્યો છું તે બાબતે તો હજુ હું કાંઈ જાણી શક્યો નથી. તો પાછો કેવી રીતે જાઉ ?" સાંઢ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બોલ્યો, સાંભળ, પ્રકૃતિના એક એક અંશમાં, એક એક કણમાં બ્રહ્મપ્રકાશ બનીને સમાયેલો છે, તે સર્વત્ર વ્યાપ્ત છે, અનંત છે, અપરંપાર છે. હું અને તમે તેનો એક નાનો અંશ માત્ર છીએ. તેમના મધુર વચન સાંભળ્યા પછી સત્યકામ ગાયો લઈને પાછો ફર્યો. રસ્તામાં સંધ્યાનો સમય થતાં જ એક સરોવરના કિનારે તેણે પોતાનો પડાવ નાખ્યો. સમિધા એકત્ર કરી અગ્નિ પ્રગટાવી યજ્ઞ કરવા લાગ્યો. એકાએક યજ્ઞના અગ્નિમાંથી અગ્નિદેવ પ્રગટ થયા અને બોલ્યા, પુત્ર ! હું તારા પર પ્રસન્ન થયો છું. હું તને બ્રહ્મ બાબતે જણાવું છું તો ધ્યાનથી સાંભળ. પોતાને ઓળખવો એ જ બ્રહ્મજ્ઞાન છે." આવી જ રીતે બીજે દિવસે તેને રસ્તામાં એક હંસ અને જળમુર્ગા મળ્યાં, તેમણે પણ તેને બ્રહ્મની જાણકારી આપી. આ પ્રમાણે કેટલાયે દિવસોની સતત મુસાફરી પછી તે પૂજ્યવર પાસે પહોંચ્યો અને ગાયો તેમને સોંપી દીધી. ઋષિવરને પ્રણામ કરી તેમની ચરણરજ માથે ચઢાવી તે બોલ્યો "પૂજ્યવર ! હવે મારે માટે શું આજ્ઞા છે ?" ઋષિવરે કહ્યું-"વત્સ ! હવે તું ખરેખર બ્રહ્મજ્ઞાન મેળવવાને લાયક બન્યો છું. તારા શ્રીમુખ પર તપનું તેજ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. તેં મારી આજ્ઞા મુજબ ગાયોની સેવા કરી છે અને અનેક દુઃખો વેઠીને જે ઘોર તપ કર્યું છે, તેનાથી વધીને બીજી કોઈ ગુરુભક્તિ હોઈ શકે નહીં. તું બ્રહ્મજ્ઞાન મેળવવા સાચો હકદાર છે.

આ બાળક સત્યકામ બ્રહ્મજ્ઞાન મેળવીને બ્રહ્મચારીના નામથી પ્રખ્યાત બન્યો અને તેના પછી જ આજ સુધી બ્રહ્મચારીની પરંપરા ચાલતી આવી છે.

* * *

એક સદગૃહસ્થ લુહાર હતો. મહેનત અને કૌશલ્યથી કુટુંબનું પાલનપોષણ સારી રીતે કરી લેતો હતો. તેના પુત્રને વધુ ખર્ચ કરવાની ટેવ પડી ગઈ. પિતાએ પુત્ર પર પ્રતિબંધ મૂક્યો, તું સ્વયં મહેનત કરીને એકાદ રૂપિયો પણ કમાઈને લાવે તો તને ખર્ચ માટે રકમ મળશે, અન્યથા મળશે નહીં.

છોકરાએ પ્રયત્ન કર્યો, નિષ્ફળ જતાં પોતાની બચતનો એક રૂપિયો લઈને પહોંચ્યો. પિતા ભઠ્ઠીની પાસે બેઠા હતા. તેમણે હાથમાં રૂપિયો લઈને જોયું અને કહ્યું, "આ તારી કમાણી ગણાય નહીં." આમ કહીને તેને આગમાં ફેંકી દીધો. છોકરો શરમાઈને ચાલી ગયો.

બીજા દિવસે ફરીથી કમાવવાની હિંમત ન થઈ, તો માની પાસેથી છાનામાના માગીને લઈ આવ્યો. તે દિવસે પણ તેમ જ બન્યું. ત્રીજા દિવસે ક્યાંયથી ચોરીને લાવ્યો. પરંતુ પિતાને છેતરી ન શકાય. તે દરેક વખતે મહેનતની કમાણી નથી એમ કહીને તેને આગમાં ફેંકતા રહ્યા.

છોકરો સમજી ગયો કે કમાણી કર્યા સિવાય વાત ચાલશે નહીં. બે દિવસ મહેનત કરીને કોઈ પણ રીતે રૂપિયો કમાઈ લાવ્યો. પિતા તેને જોઈને અગાઉની વાત દોહરાવીને આગમાં ફેંકવા લાગ્યા. છોકરાએ ચીસ પાડીને હાથ પકડી લીધો અને બોલ્યા, "પિતાજી શું કરી રહ્યા છો, મારી મહેનતની કમાણી આમ નિર્દયતાથી ભઠ્ઠીમાં ફેંકશો નહીં."

પિતાએ હસીને કહ્યું, "બેટા ! હવે સમજ્યો હોઈશ કે મહેનતની કમાણીનો શો અર્થ છે. જો તું ખોટા કાર્યોમાં મારી કમાણી વેડફે છે ત્યારે મને પણ આવી ચીડ ચઢે છે.

પુત્ર પિતાની વાત સમજી ગયો, તેણે દુરુપયોગ ન કરવાના સોગંદ લીધા અને પિતાને સહકાર આપવા લાગ્યો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પુસ્તકોની પ્રયોગશાળામાં મહાપુરુષો

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ ગ્લેડસ્ટનનું જીવનચરિત્ર વાંચ્યું હતું તે સમયની વાત છે. તેમાં એક પ્રસંગ એવો હતો જેનાથી ગાંધીજીની જીવનધારા બદલાઈ ગઈ હતી. "એક દિવસે એક આમસભા ભરાયેલી હતી. તેમાં ગ્લેડસ્ટનની સાથે તેમની ધર્મપત્ની હતી. ગ્લેડસ્ટનને ચા પીવાની ટેવ હતી. ચા બનાવવાનું કામ તેમની પત્ની કરતી હતી. આમસભા દરમિયાન ગ્લેડસ્ટને ચા પીવાની ઇચ્છા વ્યક્ત કરી તો શ્રીમતિ ગ્લેડસ્ટને કોઈ હિચકિચાટ, શરમ કે સંકોચ રાખ્યા સિવાય પોતાના હાથ વડે ત્યાં જ ચા બનાવી. પતિને ચા પીવડાવી અને કપરકાબી સ્વયં સાફ કરી. આ મુજબનું વર્તન તેમણે અનેક સ્થળો પર કર્યું."

આ પ્રસંગને વાંચ્યા પછી ગાંધીજીના જીવનમાં જે પ્રતિક્રિયા થઈ, તેનું વર્ણન તેમણે સ્વયં આ શબ્દોમાં કર્યું છે, "પત્ની પ્રત્યેની વફાદારી મારા સત્યવ્રતનું એક અંગ હતી, પરંતુ પોતાની પત્ની સાથે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ, એ વાત દક્ષિણ આફ્રિકામાં જ સ્પષ્ટ રૂપે સમજમાં આવી."

લોકો પુસ્તકો વાંચે છે, પરંતુ જે વાંચે છે તેના વિશે ચિંતન, મનન અને ચર્ચા કરતાં નથી. તેથી વાંચનનો પ્રભાવ જીવનમાં કાયમી પડતો નથી. જો પુસ્તકોનો સાર જીવનમાં ઉતારવાની ટેવ પાડવામાં આવે તો સામાન્ય પરિસ્થિતિઓમાં પણ દરેક મનુષ્ય શ્રેષ્ઠતાના ચરમ બિંદુ સુધી પહોંચી શકે છે. પુસ્તકો ગાયના ઘી અને દૂધની માફક પૌષ્ટિક ખોરાક છે, જે મન, બુદ્ધિ, આચારવિચાર, વિવેકને શક્તિશાળી બનાવે છે અને આત્મોત્થાનનો ઉજ્જ્વળ માર્ગ મોકળો કરે છે.

ગાંધીજીએ ઉપરોક્ત પ્રસંગ રાજચંદ્રભાઈને ખૂબ કુતૂહલપૂર્વક સંભળાવ્યો. આના પર રાજચંદ્રભાઈએ કહ્યું, "બાપૂ, આમાં આશ્ચર્યની શી વાત છે ? હવે તમે જ બતાવો કે આપણી બહેનો, પુત્રીઓ અને નાના નાના બાળકો આવા કાર્યો ક્યાંય પણ ન કરી શકે ? મોટાની આજ્ઞા પાળવામાં તો તેમને પ્રસન્નતા જ મળે છે. પત્નીના આ વ્યવહારને અસામાન્ય માનવાનું એક જ કારણ હોઈ શકે છે, પત્ની પાસે કોઈ આકાંક્ષા હોવી, સામાન્ય લોકો પોતાની ધર્મપત્નીને કામવાસનાની દૃષ્ટિથી જુએ છે. તેને લીધે નારી પ્રત્યે હલકાપણાનો ભાવ જન્મે છે. આ જ ભાવ આપણે તેના પ્રત્યેક કાર્યમાં બનાવીએ છીએ. જો તેને હલકાપણાના ભાવ કે કામુક્તાની દૃષ્ટિથી જોવામાં ન આવે તો ખરેખર પ્રત્યેક સ્ત્રી ગ્લેડસ્ટનની ધર્મપત્નીની માફક સંકોચ કે શરમ સિવાય સેવા કરી શકે છે."

ગાંધીજીને આ વાત ઘણી મહત્ત્વપૂર્ણ જણાઈ. ગ્લેડસ્ટનનું જીવનચરિત્ર વાંચવાથી જે રહસ્ય તેઓ ઉકેલી ન શક્યા હતા, તે વાર્તાલાપ દ્વારા ખુલી ગયું. ત્યાં સુધી કસ્તૂરબા અને તેમની વચ્ચે ઘણીવાર ઝગડા થયા કરતા હતા. તે દિવસથી બાપૂએ બ્રહ્મચર્યનું વ્રત ધારણ કર્યું અને ઇતિહાસ સાક્ષી પૂરે છે કે એ પછી કસ્તૂરબા ગાંધીએ ગાંધીજીને સાચા મિત્રની જેમ સહયોગ કર્યો. તેઓએ ગાંધીજીની સાથે જેલમાં જવાની પણ આનાકાની ન કરી. સ્વાધ્યાયપરાયણતા અને તેને જીવનમાં ચરિતાર્થ કરવાના આદર્શે ગાંધીજીને મહાન બનાવી દીધા. રસ્કિને લખેલું પુસ્તક 'એન્ડ ધિ લાસ્ટ' ગાંધીજીના જીવન માટે માર્ગદર્શક બન્યું.

પિતા ગરીબ હોવાથી દસ વર્ષની ઉંમરે સ્કૂલ જવાનું બંધ થઈ ગયું. ઘરનું કામકાજ કરવાની જવાબદારી તેના પર આવી ગઈ. તે પોતાના જ શહેર સનજાન (આર્જેન્ટાઈના)માં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દુકાન ચલાવવા લાગ્યો. દુકાનદારીમાં છ વર્ષ પસાર થઈ ગયા.

આ વર્ષો દરમિયાન તે ભણવા માટે સમય કાઢયા કરતો હતો. જે કંઈ ભણતો તેના પર ચિંતન કરતો અને ઉન્નતિ માટેની કલ્પનાઓ કર્યા કરતો. આ બાળકની જીવનચર્યા પરથી ખબર પડે છે કે તેની ક્રિયાશીલતા ઘણી વિલક્ષણ હતી. પુસ્તકો વાંચવાનો પ્રભાવ તુરત જ તેના પર પડે છે અને તેના જીવનમાં કોઈને કોઈ પરિવર્તન લાવવા સાર્થક નીવડે છે. વેપારમાં ઈમાનદારી, સમાજસેવા અને રાજનૈતિક ઉથલપાથલ સામે સંઘર્ષ કરવાની હિંમત પણ તેને એમ જ મળી હતી, પરંતુ મુસીબત એ હતી કે તે ભણેલો ન હતો.

એક દિવસ તે ફ્રેંકલિનું જીવનચરિત્ર વાંચી રહ્યો હતો. ફ્રેંકલિનને પણ દસ વર્ષની ઉંમરે અભ્યાસ છોડવો પડયો હતો, પરંતુ તે પોતાના વ્યવસાયમાં ડૂબેલો હોવા છતાં પણ આપમેળે દુનિયાની પાંચ ભાષાઓ શીખ્યો અને એકી સાથે વૈજ્ઞાનિક, તત્ત્વજ્ઞાની અને રાજનૈતિકના રૂપમાં વિશ્વવિખ્યાત બન્યો. આ વાંચીને તે યુવકે વિચાર કર્યો કે તે શું બીજો ફ્રેંકલિન ન બની શકે ? તેના મનમાં વિચાર આવ્યો કે તે અવશ્ય બની શકે છે, વેપારમાં ડૂબેલા રહેવાથી શું તે સંભવ ન બને ? તે ત્યારથી જ ભણવા લાગ્યો. તેણે અંગ્રેજી, ચિલી અને ફ્રેંચ ભાષાઓનો અભ્યાસ કર્યો અને રાજનીતિમાં ભાગ લેવા માંડયો. આ વાત પર તેનો દેશનિકાલ થયો. ચિલીમાં રહીને ઘણા લાંબા સમય સુધી તે રાજનૈતિક સ્વાર્થબાજીની વિરુદ્ધ સંઘર્ષ કરતો રહ્યો. તેણે પત્રકાર તરીકે આર્જેન્ટાઈનાના નિવાસીઓને ભ્રષ્ટાચારની વિરુદ્ધ એકત્ર કરી લીધા અને એક દિવસ વિદ્રોહની આગ ભડકી ઊઠી. યુવક સ્વદેશ પાછો આવ્યો અને એક દિવસે તે આર્જેન્ટાઈનાનો રાષ્ટ્રપતિ બન્યો. આ મહત્ત્વપૂર્ણ પદ પર પહોંચીને પણ તેણે લોકસેવાનો માર્ગ ન છોડયો. તેણે આર્જેન્ટાઈનાને સાક્ષર બનાવવાનું અભિયાન ચલાવ્યું અને સ્વામી વિવેકાનંદના સાહિત્યએ તેનામાં પ્રચંડ નિર્ભયતા, ધીરજ અને સાહસ ભરી દીધું. તેના પ્રત્યેક વાક્યનું વાંચન તેના જીવનનું એક એક મહત્ત્વ સોપાન બની ગયું. સ્વામી વિવેકાનંદ જ્યારે ઈંગ્લેન્ડ અને અમેરિકા ગયા ત્યારે તેમનું જે રીતે સ્વાગત થયું હતું, તે જ પ્રમાણે તેનું પણ જાપાન, સિંગાપુર અને જર્મનીમાં સ્વાગત થયું. આ શ્રેય સ્વાધ્યાયને ફાળે જાય છે, જે સુભાષની જીવનશૈલી માટે ક્રિયાશીલતાના ફળમાં રૂપાંતરિત થયું.

નિરાશા અને મુંઝવણભરી જિંદગીથી કંટાળીને તે બાળક પોતાના એક મિત્રની પાસે ગયો. તે સમયે તે એક વકીલને ત્યાં ક્લાર્કની નોકરી કરતો હતો. તેણે મિત્ર પાસે થોડું ધન માગ્યું તો મિત્રએ ઈન્કાર કરી દીધો. આથી નિરાશા વધી ગઈ.

આ નિરાશામાં તે એકાંત જીવન જીવવા લાગ્યો. આ સમયે તેને સદ્સાહિત્યનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. સ્વાધ્યાય, ચિંતન અને મનનથી તેના મગજમાં વિચારોનો સાગર ઉમટી પડયો. તેણે ઘણું મનોમંથન કર્યું. આમ તો વકીલ બનવાની ઇચ્છા હતી, પરંતુ જ્ઞાનપ્રાપ્તિ પ્રત્યે તેનું મન ખેંચાઈ ગયું. વાંચેલા વિચારોને પરિશુદ્ધ કરનારો આ બાળક પ્રખ્યાત નવલકથાકાર બન્યો. તે ઓગણીસમી સદીનો નવલકથાનો સર્જક ગણાય છે. અનેક પ્રકારના જ્ઞાનનો સમન્વય કરીને તેણે વિશ્વને એક નવી સમન્વયપૂર્ણ વિચારધારા આપી. તે વિચારધારા એટલી તીવ્ર બની કે આજે આર્જેન્ટાઈના દુનિયાના વિવિધ દેશોમાં સૌથી વધુ શિક્ષિત દેશ ગણાય છે. અમેરિકાએ પણ તેની સેવાઓ મેળવી. એક પુસ્તકની પ્રેરણાએ આ યુવકને, "ડોમિંગો ફાસ્ટિનો સારમિન્ટો"ના નામથી વિશ્વવિખ્યાત બનાવી દીધો.

બર્માની ક્લૈંગ ઘાટી પર આઝાદ હિન્દ સેનાના અંગ્રેજ સેનાની ટુકડી સાથે ટક્કર થઈ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગઈ. આઝાદ હિન્દ સેનાના કુલ ત્રણ જવાનો હતા, જ્યારે અંગ્રેજોની ટુકડીમાં ૧૬૯ સૈનિકો હતા. આ ભયંકર પરિસ્થિતિમાં નેતાજી સ્વામી વિવેકાનંદનું પુસ્તક વાંચી રહ્યા હતા. પુસ્તકમાં એક અંશ હતો કે જ્યારે સંકટોના વાદળો માથા પર ઘેરાઈ રહ્યા હોય ત્યારે પણ મનુષ્યએ ધીરજ ગુમાવવી જોઈએ નહીં. ધૈર્યવાન મનુષ્ય ભયંકર પરિસ્થિતિઓમાં પણ વિજયી નીવડે છે." આ વિચારે નેતાજીમાં ખૂબ તેજ પ્રગટાવ્યું.

ઘાટીમાંથી ખબર આવી કે શું ત્રણે સૈનિકોને પાછા હટાવી લેવામાં આવે ? નેતાજીના હૃદયમાં છુપાયેલા વિવેકાનંદના વિચારો પ્રગટી ઉઠ્યા. તેઓ બોલ્યા, ના, જ્યાં સુધી એક પણ સૈનિક જીવિત રહે ત્યાં ચોકી ખાલી કરવામાં ન આવે. ત્રણે સૈનિકો સમગ્ર રાત્રિ દરમિયાન ગોળીઓ ચલાવતા રહ્યા. સવારમાં તો તેઓ છુટા હાથની મારામારી માટે દોડી ગયા. જ્યારે તેઓ ચોકી પર પહોંચ્યા અને જોયું તો કેટલાક અંગ્રેજ સૈનિકો મરેલા જણાયા અને બાકીના તો પોતાનો સામાન છોડીને ભાગી ગયા છે.

સાત વર્ષના એક બાળકમાં વાચનની અભિરુચિ પ્રગટી. જ્યારે તેના મિત્રો મોજમજા કરતા હોય ત્યારે તે કોઈ વાર્તા, કવિતા, નાટક અને ધાર્મિક પુસ્તકો વાંચતો રહેતો. હર્બટ સ્પેન્સર, સ્ટુઅર્ટ મિલ અને ટિણ્ડલના પુસ્તકોએ તેને ઘણો જ પ્રભાવિત કર્યો, ત્યાર પછી તેણે નકામી નવલકથાઓ અને વાર્તાઓ વાંચવાનું છોડીને સર્જનાત્મક સાહિત્યમાં રસ લેવાનું શરૂ કર્યું. તે એક સ્ટેટ એજન્ટને ત્યાં નોકરી કરતો હતો ત્યારે પણ સારા પુસ્તકો વાંચવામાં રસ લેતો હતો. આને લીધે તેના જીવનમાં બુરાઈઓનો પ્રવેશ ન થઈ શક્યો. પશ્ચિમમાં જન્મ લેનાર માંસાહારનો કટ્ટર વિરોધી આ બાળક એક દિવસે જ્યોર્જ બર્નાડ શોના નામથી પ્રખ્યાત થયો. તેણે જ્યારે પોતાની કલમ ચલાવી ત્યારે તેને દુનિયાના શ્રેષ્ઠ નાટકકારોની શ્રેણીમાં સ્થાન મળ્યું.

એક ફાટેલું પુસ્તક મારા હાથમાં આવ્યું. શરૂઆતના થોડા પાના ફાટેલાં હતાં. પરંતુ પ્રત્યેક પાન પરથી મને કોઈને કોઈ સારી વાત શીખવા મળતી હતી. આ પુસ્તક વાંચવાથી મને કંઈને કંઈ માર્મિક લીટીઓ જાણવા મળી અને તેને મેં નોટબુકમાં નોંધી લીધી. આ લીટીઓમાં એક વાત હતી અને તેમાં લખ્યું હતું, "હું ખેડૂત છું, મને ખેડૂત બનીને જીવવા દો અને તે જ રૂપમાં મરવા દો. મારા પિતા ખેડૂત હતા, આથી તેના પુત્રએ પણ તેમ જ થવું જોઈએ." મને દસ વર્ષ પછી ખબર પડી કે આ શબ્દ જ્યોર્જ એ. ગ્રીનના હતા.

તે પ્રત્યેક પુસ્તકમાંથી હું અનીતિની વિરુદ્ધ સંઘર્ષ અને માનવ જાતિ પ્રત્યે પ્રેમના પાઠ શીખ્યો. મારામાં જે કંઈ સફળતાઓ જોવા મળે છે તે પુસ્તકોની ભેટ અને આશીર્વાદ છે.

તમે સમજી ગયા હશો કે આ શબ્દો મેક્સિમ ગોર્કીના છે. માનવતાની સેવા બદલ તેમને હંમેશ માટે યાદ કરવામાં આવશે.

દુનિયાના મોટા ભાગના પ્રતિભાવાનો પુસ્તકોની પ્રયોગશાળામાંથી જન્મ્યા છે. આપણે પણ વાંચન તો કરીએ છીએ, પરંતુ વાંચીને પોતાનું જીવન મહાન બનાવવાના અવસર જવાહરલાલ નહેરૂ, માર્કસ સ્ટાલિન, માઈકલ ફેરડે, ડાર્વિન, લૂયર બરબેંક, ગૈલિયસ વગેરેને પ્રાપ્ત થયા છે, તે રહસ્યને આપણે જાણી લઈ તો કેટલું સારું થશે. આપણે પણ એમની માફક વાંચેલા આદર્શોને આપણા જીવનમાં ઉતારી શક્યા હોત તો આપણી ગણતરી પણ ગાંધી, ગોર્કી જેવા મહાન સપૂતોમાં થઈ શકત.

❀ ❀ ❀

**પુરોહિતોની પવિત્ર જવાબદારી એ લોકો સંભાળે જેમનામાં આવશ્યક ગુણો હોય.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મનુષ્ય સર્વશ્રેષ્ઠ હોવાનું અભિમાન છોડે

ધરતીની ગરમી જ્યારે સજીવો રહી શકે તેવી શાંત થઈ ત્યારે સૌ પ્રથમ પ્રોટોપ્લાઝમ પેદા થયું. પહેલો સજીવ જીવરસના ટીપાંના મિશ્રણમાંથી નહીં, પરંતુ એક સ્વતંત્ર સત્તા ધરાવતો એકકોષીય હતો. અત્યારે જોવા મળતું 'અમીબા' તે સ્તરનો જીવ છે. 'અમીબા' નદી, તળાવો, ખાબોચિયા તથા કીચડમાં જોવા મળે છે. તેનો આકાર લગભગ ઈંચના સોમા ભાગ જેટલો હોય છે.

તેના પર એક પાતળું પારદર્શક પડ ચઢેલું હોય છે જેને પ્લાઝમાલેમા કહે છે. તેમાંથી કેટલાંક શંકુ પગ હાથીની સૂંઢ જેવા નીકળે છે. તેના આધારે તે પોતાનો ખોરાક પકડે છે.

પ્રૌઢ અમીબા પોતાને બે ટુકડામાં વિભાજીત કરીને એક નવો અમીબા રચે છે. આ તેની વંશપરંપરા ચલાવવાની રીત છે. વિભાજન પહેલાં તે પોતાની આકૃતિ ગોળાકાર બનાવે છે. પછી વચ્ચેથી પાતળું થતાં થતાં છેવટે બે ટુકડામાં વહેંચાઈ જાય છે. આ રીતે વિભાજન દ્વારા પ્રજનન કરવામાં તેને લગભગ દોઢ કલાક લાગે છે.

ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રના પરમાણું-ઓની ચર્ચા થતી રહી છે. આવી જ રીતે સજીવ જગતના પરમાણુઓ પણ ઘણાં પ્રકારનાં હોય છે. તેમાંથી એકનું નામ છે - 'ડાયટમ'. 'ડાયટમ'નો અર્થ છે બે પરમાણુ શક્તિવાળો. આમ તો એ વનસ્પતિ વિભાગમાં આવે છે પરંતુ વનસ્પતિશાસ્ત્રનું એક પણ લક્ષણ તેનામાં પ્રત્યક્ષરૂપે જોવા મળતું નથી. તેનો આકાર ઈંચના પચાસમા ભાગથી માંડીને ઈંચના છ હજારમાં ભાગ સુધી હોય છે. તે સૂક્ષ્મદર્શકયંત્રની મદદથી જ જોઈ શકાય છે.

દેખાવમાં એ એટલાં સુંદર અને ચિત્રવિચિત્ર હોય છે કે જોનાર મુગ્ધ બની જાય છે. જાણે કોઈ કુશળ કારીગરે નકશીકારી અને મીનાકારીની એક સુંદર ડીઝાઈન બનાવી હોય તેવું લાગે છે. ગુલદસ્તા, રત્નજડિતહાર, ડીઝાઈનદાર શેતરંજી, કરચલો, કાનખજૂરો, સ્ફટિક અને કાચબા જેવા પ્રાણીઓ તથા કેટલાંયે પ્રકારના પુષ્પગુચ્છોના રૂપમાં એમને સૂક્ષ્મદર્શકયંત્રથી જોઈ શકાય છે. જોનારાને આશ્ચર્ય થાય છે કે આવડા નાના શક્તિહીન અને અવિકસિત પ્રાણી પર વિધાતાએ કેટલી સુંદરતાથી પોતાની કળાને છૂટે હાથે વેરી છે.

તેમની ચાલ વૈજ્ઞાનિકો માટે આશ્ચર્યનો વિષય છે. તેના દ્વારા તેમને ઘણું શીખવા મળે છે. કેટલાંયે યંત્રોની ગતિ નક્કી કરવામાં આ નાના નાના ડાયટમે મહત્ત્વપૂર્ણ માર્ગ બતાવ્યો છે. તેમાંથી કેટલાંક ટેન્કરની જેમ, કેટલાંક જહાજની જેમ, કેટલાંક રૉકેટની જેમ તો કેટલાંક વીજળીની જેમ આગળ પાછળ ખસીને પોતાની ગતિનું પ્રદર્શન કરે છે.

પોતાને બે ટુકડામાં વિભાજીત કરીને તે એકમાંથી બે બને છે. આ રીતે તેમની વંશવૃદ્ધિ થાય છે.

જડ અંડ 'પરમાંડ'ના નામે ઓળખાય છે. તેમને જીવધારીઓમાં કામ કરનાર ચેતન અંડજોના કોષ કહેવામાં આવે છે. આ કોષોનું નિર્માણ અંડજોમાંથી જ થયું છે, પરંતુ તેમાં ચેતનાનો અંશ ભળવાને કારણે તેમને બીજા વર્ગમાં મૂકવામાં આવ્યા છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે જડ જગત અંડજોમાંથી અને ચેતનસૃષ્ટિ જીવાણુંઓ તથા કોષોમાંથી બનેલી છે. જે રીતે પરમાણુઓની અંદર કેટલીયે અનોખી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સૃષ્ટિ હોય છે તેવી રીતે કોષો પણ ચેતનાથી સભર હોય છે, આ બંનેને એક માનવામાં આવે છે પરંતુ વાસ્તવમાં તે એક નથી. તેમની અંદર પણ વિશ્લેષણ કરવા જેવાં અસીમ અને અગણિત તત્ત્વો તથા ભેદ ભરમ ભરેલા પડ્યા છે. આ નાના એવા અણુ પરમાણુનો ભેદ પણ વિરાટના અંતની જેમ આજે પણ આપણી બુદ્ધિની બહારનો વિષય છે. તેને જેટલું ઉખેડીએ છીએ તેટલાં જ તેની અંદરથી એક પછી એક પડ નીકળતાં જાય છે.

બધી જ વનસ્પતિ અને પ્રાણીઓ આર્દ્રલસ જેલી જેવા ચીકણા પદાર્થથી ભરેલા કોષો વડે બનેલાં છે. પહેલાંના કોષોના વિભાજનથી આ કોષ બને છે અને વિભાજનથી જ તેમની વંશવૃદ્ધિ ચાલતી રહે છે. પ્રાણીઓની વૃદ્ધિ, વિકાસ, આનુવંશિકતા, બળ, દુર્બળતા, ઘડપણ મનઃસ્થિતિ વગેરેનો આધાર આ કોષોની આંતરિક રચના પર આધાર રાખે છે. તેથી આ કોષોને એક સ્વતંત્ર જીવ કહી શકાય છે. કોષોના સમૂહનું બીજું નામ જીવ છે.

અમીબા જેવાં અમુક પ્રાણીઓ એક કોષના બનેલા હોય છે. વિકસિત અને મોટાં સજીવો કરતાં તેમની સંખ્યા વધુ હોય છે. એકસો સાઠ પૌંડના ઉમરલાયક મનુષ્યમાં લગભગ ૬૦ હજાર અરબ કોષ હોય છે. કોષની અંદર રહેલા પદાર્થને પ્રોટોપ્લાઝમા કહેવાય છે. તેના ઉપર આવેલું આવરણ એટલું પારદર્શક હોય છે કે તેમાંથી જરૂરી આદાનપ્રદાન થઈ શકે છે. સાથેસાથે અનિચ્છનીય વસ્તુને પ્રવેશતી અટકાવે પણ છે. પ્રોટોપ્લાઝમને બે ભાગમાં વહેંચી શકાય છે. (૧) સાઈટોપ્લાઝમ અને (૨) ન્યૂક્લીયસ. સાઈટોપ્લાઝમમાં મીઠું, કાર્બોદિત, શર્કરા, પ્રોટિન અને ખનીજતત્ત્વો રહેલાં હોય છે. ન્યૂક્લીયસ તેની અંદર એક મરેલા દડાની જેમ રહે છે. તેની રચના ક્રોમોસોમ સમૂહના ન્યૂક્લીઓલસ પદાર્થોથી થાય છે. માનવ શરીરના કોષોમાં ૪૬ ક્રોમોસોમ હોય છે. તેના બહુ જ નાના નાના કણો 'જીન' તરીકે ઓળખાય છે. વારસાગત અધિકાર પણ આ જીવો દ્વારા ભાવિ પેઢીમાં ઉતરે છે. આ જીવોને ખૂબ મહત્ત્વપૂર્ણ ગણવામાં આવ્યા છે. તેના માટે ખૂબ ઊંડાણપૂર્વક સંશોધન કરવામાં આવી રહ્યું છે. ઊંડા ઉતરવામાં આવે તો આ 'જીન' પણ એક સ્વતંત્ર સત્તા રૂપે રહેલાં છે.

આનાથી પણ આગળ વધીને જે રાસાયણિક પદાર્થોને નિર્જીવ માનવામાં આવે છે તેઓ તો ચેતના જગતમાં બહુ જ પછાત રહી ગયેલા જણાય છે. મોટા ભાગે તો તેમને જડ કહીને ચેતન જગતમાંથી તેમનો બહિષ્કાર કરવામાં આવ્યો છે પણ વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે આ રાસાયણિક પદાર્થોમાં એટલી અદ્‌ભુત શક્તિઓ સમાયેલી છે કે તે પોતે નિર્જીવ કહેવાતા હોવા છતાં પણ જીવનને અને જીવધારી પ્રાણીઓને ઉત્પન્ન કરી શકે. જ્યારે તેઓ એકબીજા સાથે હળીમળી જાય તો તેમની આ શક્તિને કાર્યનું સ્વરૂપ આપી શકે છે પરંતુ જ્યાં સુધી અલગ અલગ રહેવાની અલગતાવાદી નીતિ અપનાવશે ત્યાં સુધી તેઓ જડ રહેશે પરંતુ જે ક્ષણે રાસાયણિક દ્રવ્યો સંતુલિતરૂપે એકઠાં થાય છે તે ક્ષણે દ્રવ્યના રૂપમાં ચેતનાનો સંચાર થવા લાગે છે.

આપણે પોતાને સૃષ્ટિનું સૌથી મોટું પ્રાણી કે પ્રકૃતિનો વરદ પુત્ર માનવો ન જોઈએ, પોતાની પ્રાપ્તિઓ પર અભિમાન કરીને ઉદ્ધત ન બનવું જોઈએ. સાથે સાથે નિમ્ન જણાતા પ્રાણીઓ તરફ હીનતાની દૃષ્ટિ ન રાખવી જોઈએ. તેમને અકિંચન, દયનીય કે દુર્ભાવી માનવા જોઈએ નહીં. સૃષ્ટિના દરેક ઘટકમાં ઈશ્વરની દિવ્ય જ્યોતિ હયાત છે એમ માનવું જોઈએ. પરમાણુથી માંડીને નાના ગણાતા દરેક સજીવમાં પ્રકૃતિના અદ્‌ભુત અનુદાન સમાયેલાં છે.

**ઉચ્ચ ભાવના સાથે કરેલું પ્રત્યેક સત્કર્મ યજ્ઞ છે. આત્મશોધન આધ્યાત્મિક અર્થાત્ પરોક્ષ યજ્ઞ છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# કલાકારની ઓળખ

બાદશાહ બેલાબાગમાં પોતાના વજીર ટોડરમલ સાથે ફરવા નીકળ્યા હતા. જ્યારે કોઈ વખત બાદશાહ ખાસ વિચારમાં પડી જતા ત્યારે તે ગુલાબની કળી તોડીને સૂંઘવા લાગતા. આજે પણ જ્યારે તેમણે એમ જ કર્યું તો ત્યારે વજીર ટોડરમલ ચોંકી ગયો કેમકે શહેનશાહ જરૂરથી કોઈ ગડમથલમાં હતા. તેણે તુરત જ પૂછયું, હજૂર આપના મનની વાત બતાવશો ? કદાચ હું આપની મદદ કરી શકું.

વજીરની વાત સાંભળીને શહેનશાહના ચહેરા પરની ભારે મુંઝવણની રેખાઓ દૂર થવા લાગી અને હળવું હાસ્ય કરીને તેઓ આરસના આસન પર બેસી ગયા. તેમણે કહ્યું, "હા, હું એ જ વિચારી રહ્યો હતો કે આપણી પાસે સર્વ કંઈ છે, પરંતુ એક સારો કલાકાર નથી. એક કલાકારની પસંદગી કરવાનું વિચારું છું."

"કેમ નહીં, કેમ નહીં, આપ આજ્ઞા કરો, કલાકારની પસંદગી તાત્કાલિક થઈ જશે." વજીરે નમ્રતાથી જવાબ આપ્યો.

બાદશાહ મોટેથી હસ્યા અને પછી ગંભીર થઈને બોલ્યા, "કલાકારની પસંદગી હું પોતે જ કરીશ. હું બીજા કોઈને આ જવાબદારી સોંપીશ નહીં."

બાદશાહની આ વાત ટોડરમલને કાંટાની જેમ ભોંકાઈ ગઈ. તેને એવું જણાયું કે કદાચ બાદશાહને તેના પરથી વિશ્વાસ ઉઠી ગયો છે. તેણે કંઈ કહ્યું નહીં. આજ્ઞા મુજબ ચુપચાપ ચાલી ગયો.

તુરત જ કલાકારની પસંદગી માટે ઢંઢેરો પિટવામાં આવ્યો. થોડા સમયમાં સમગ્ર દેશમાંથી કલાકારો પોતાપોતાની કલાકૃતિઓ લઈને તાત્કાલિક આવી ગયા. મહેલમાં કલાકારોની ભીડ જામી ગઈ.

ટોડરમલે બધા કલાકારોની કલાકૃતિઓ મહેલના એક ઓરડામાં મૂકાવી દીધી. ત્યાર પછી કલાકારોને જવાની રજા આપી દીધી. એ પછી વજીરે બાદશાહ પાસે જઈને તેમની કલાકૃતિઓ જોવાનો આગ્રહ કર્યો.

જે ઓરડામાં કલાકૃતિઓ મૂકી હતી ત્યાં બાદશાહ પહોંચી ગયા. કલાકૃતિઓનો મોટો ઢગલો જોઈને તેઓ મનોમન પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું, આપણા રાજ્યમાં આટલા બધા કલાકારો છે એની તો મને ખબર જ ન હતી. આટલું કહીને તેઓ કલાકૃતિઓ જોવા લાગ્યા.

હજૂર આપી બેસી જાઓ, થાકી જશો. હું તમને કલાકારનો એક-એક નમૂનો બતાવતો જઈશ. વજીરની રજૂઆતમાં વિનમ્રતાનો ભાવ હતો.

શહેનશાહ એક સિંહાસન પર બેસી ગયા. વજીરે કલાના નમૂના બતાવવાનું શરૂ કર્યું અને વાહવાહ ! કરતા જતા. શહેનશાહ હાથમાં એ નમૂનાઓ લેતાં રહેવામાં થાકી ગયા. ટોડરમલ આ વાત સમજી ગયો. તે બોલ્યો, "જનાબે બાદશાહ, હજુ પણ બીજી ૪૩૬ કૃતિઓ છે. કાલ-પરમ દિવસે જોઈ લેજો.

શહેનશાહને પોતાની ભૂલ સમજાઈ. તેઓ બોલ્યા, ટોડરમલ તે મારી ભૂલ હતી. કલાકારની ઓળખ તો તમે જ કરી શકો છો. તેઓ ઊભા થઈને ચાલી ગયા. બાદશાહ ગયા પછી ટોડરમલે કલાના બધા નમૂના કલાકારોને પરત આપવાનો આદેશ આપ્યો. તેણે બીજા દિવસે બધા કલાકારોને મહેલમાં આવવાનું નિમંત્રણ આપ્યું.

તેણે કહ્યું, "કલાકારોની ઓળખ એક દિવસમાં નિશ્ચિત સમયમાં તેમની બનાવેલી રચનાથી થશે. કલાકૃતિ પણ રાજમહેલની સામેની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખાલી જમીન પર બેસીને કરવાની રહેશે. આ જાહેરાત સાંભળીને કેટલાય કલાકારો મનોમન ચિડાઈ ગયા. બીજી બાજુ ટોડરમલે કલાકારોની સગવડ માટે રાતોરાત વ્યવસ્થા કરી દીધી. બીજા દિવસે તે સ્વયં કલાકારોના સ્વાગત માટે ત્યાં પહોંચ્યો.

પરંતુ રાજ્યમાં આટલા બધા કલાકારો હોવા છતાં પણ ફક્ત ત્રણ કલાકારો પસંદગીમાં ભાગ લેવા માટે આવ્યા. તેણે તે ત્રણે કલાકારોનું જુસ્સાપૂર્વક સ્વાગત કર્યું અને પહેલેથી તૈયાર કરેલા અલગ અલગ ત્રણ તંબૂમાં તેમની રચના તૈયાર કરવાનો આદેશ આપ્યો. ત્રણે કલાકારોએ દિવસપર્યંત પોતપોતાની રચના કરવામાં વ્યસ્ત રહ્યા. રાત્રે કલાકૃતિઓ પૂરી થતા તેઓ વજીર પાસે ગયા. વજીરે બાદશાહ સુધી સમાચાર પહોંચાડ્યા ત્યારે તેઓ તે જ સમયે કલાકૃતિઓ જોવા આવી ગયા.

પહેલો કલાકાર બાદશાહ અને વજીરને લઈને પોતાના તંબૂમાં ગયો. તંબૂમાં બાજઠ પર પડદાથી ઢાંકેલું એક ચિત્ર રાખ્યું હતું. કલાકારે ચિત્ર પર ઢાંકેલો પડદો હટાવ્યો. ચમકતા રંગોથી સુશોભિત બાદશાહનું ચિત્ર સામે હતું. વજીર મૌન રહ્યો, પરંતુ બાદશાહ પોતાના ચિત્રની ખૂબસૂરતી પર મોહિત થઈ ગયા.

શહેનશાહ આબેહૂબ, લાજવાબ અને ચમકતું ચિત્ર ઉપાડીને બહાર પ્રકાશમાં આવી ગયા. પ્રકાશમાં ચિત્રના રંગો વધુ ચમકી ઊઠ્યા.

વજીર બાદશાહને લઈને બીજા કલાકારના તંબૂમાં ગયો. બીજો કલાકાર તંબૂના દરવાજા પર તેમનું સ્વાગત કરવા ઊભો હતો. તે તેમને તંબૂમાં લઈ ગયો. તંબૂમાં પ્રવેશતાં વેંત જ બાદશાહની નજર એક બાજુ રાખેલા બાજઠ પર ગઈ. બાજઠ પર રકાબીમાં તાજી દ્રાક્ષના બે ઝૂમખાં પડ્યાં હતાં. બધાની દૃષ્ટિ એક સાથે દ્રાક્ષ પર પડી. બધાના મોંમાં પાણી આવી ગયું. ખૂબ સારી દ્રાક્ષ જોઈને બાદશાહ ઝડપથી બોલ્યા, "કલાકાર, આ દ્રાક્ષ શું અમારા માટે છે ?"

હા, બાદશાહ સલામત.

બસ, બાદશાહે ઝૂમખામાંથી એક દ્રાક્ષ તોડીને મોંમાં મૂકી, મોંમાં નાખતાં માટીની દ્રાક્ષ પીગળી ગઈ. તેઓ થૂ-થૂ કરવા લાગ્યા, પરંતુ બાદશાહ માટી થૂંકતાં હોવા છતાં પણ કલાકારની કલાકૃતિથી ઘણા જ પ્રભાવિત હતા.

હવે ત્રીજા કલાકારનો વારો હતો. ત્રીજાનો તંબૂ વૃક્ષોની ઝાડી તરફ હતો. ત્યાં પહોંચતા વેંત જ બધાએ વૃક્ષની છાયામાં એક ઘાયલ વાઘને સૂતેલો જોયો. બધા એકદમ ગભરાઈ ગયા. હજુ બધા થોડા આગળ વધે તે પહેલા જ વજીરે થોડો ઈશારો કર્યો અને સિપાઈ રાજમહેલના પાળેલા વાઘને લઈ આવ્યો. પાળેલો વાઘ એક વખત ઘૂરક્યો અને એક છલાંગમાં ઘાયલ વાઘની પાસે પહોંચી ગયો. પરંતુ આશ્ચર્ય એ હતું કે એ તો ઘાયલ વાઘના માથા પર પોતાનું માથુ મૂકીને આંસુ સારવા લાગ્યો. દૃશ્ય ઘણું રહસ્યમય હતું. બધા ભાવનામાં આવી ગયા.

બાદશાહે વજીરની તરફ જોઈને પૂછ્યું, આ વાઘ ક્યાંથી આવ્યો, તેનો શિકાર કોણે કર્યો ? વજીરે હસીને ત્રીજા કલાકારની તરફ ઈશારો કર્યો. કલાકાર નમ્રતાથી બોલ્યો, આ ઘાયલ વાઘ માટીનો છે. બસ, આ માર્મિક દૃશ્ય એક કલાકૃતિ છે.

તેની આ વાતની સાથે જ શ્રેષ્ઠ કલાકારની પસંદગી થઈ ગઈ હતી. બાદશાહે પોતાનો નિર્ણય સંભળાવતાં કહ્યું, શ્રેષ્ઠ કલાકાર તે જ છે જે પોતાની કલાથી સંવેદનાઓ જાગૃત કરી દે છે. તેની કલાથી પ્રેમ, સહાનુભૂતિ, આત્મીયતા પેદા થાય છે. તારી કલાએ વાઘ જેવા હિંસક જાનવરના મનમાં પણ સંવેદના પેદા કરી દીધી. તું અચૂક શ્રેષ્ઠ કલાકાર છે.

**આળસુ, પ્રમાદી, બીકણ અને સંદેહી માણસ ઉન્નતિ કરી શકતો નથી.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શ્રદ્ધા શક્તિ છે, વિશ્વાસ શિવ છે

આત્મશક્તિની અનુભૂતિ માટે શ્રદ્ધા અને વિશ્વાસ મજબૂત આધાર છે. તુલસીદાસજીએ રામચરિતમાનસની શરૂઆતમાં જ મંગલાચરણના બીજા શ્લોકમાં એની સ્પષ્ટ વ્યાખ્યા આપી છે -

**"ભવાનીશંકરૌ વન્દે શ્રદ્ધાવિશ્વાસરૂપિણૌ ।**
**યાભ્યાં બિના ન પશ્યન્તિ સિદ્ધાઃ સ્વાન્તસ્થમીશ્વરમ્ ॥"**

અર્થાત્ હું તે શ્રદ્ધા અને વિશ્વાસ રૂપી ભવાની અને શંકરની પ્રાર્થના કરું છું, જેમના સિવાય અંતઃકરણમાં વિરાજમાન પરમાત્મ સત્તાને સિદ્ધ લોકો જોઈ શકતા નથી. આ શ્લોક ટૂંકમાં અધ્યાત્મના તત્ત્વજ્ઞાનના આધારોનું વર્ણન કરે છે.

પ્રખ્યાત જર્મન વિદ્વાન હેનરિખ જીમરે 'મિથ્સ એન્ડ સિમ્બોલ્સ ઈન ઇન્ડિયન આર્ટ એન્ડ સિવિલાઈજેશન' નામના પોતાના ગ્રંથમાં લખ્યું છે કે વિષ્ણુ, રુદ્ર, શક્તિ, શિવ, બ્રહ્મા વગેરે વિવિધ પૌરાણિક પ્રતીકો યુગોયુગોના અનુભવેલ જીવન તથ્યો અને સત્યની અભિવ્યક્તિ છે. વાસ્તવમાં દેવસત્તાઓની આરાધના અને પ્રસન્નતાનો લાભ લેવો ત્યારે સંભવ છે, જ્યારે આપણે તેમના સ્વરૂપને યોગ્ય રીતે સમજી શકીએ તથા તેમાં સમાયેલ તત્ત્વજ્ઞાન અને અર્થને સારી રીતે હૃદયંગમ કરી શકીએ.

ભગવાન શંકર અને ભગવતી પાર્વતીનું તાત્ત્વિક સ્વરૂપ શું છે ? આ સમજવા માટે શૈવ-શક્તિ દર્શનોનો ગૂઢ અભ્યાસ કરવો જરૂરી છે. શ્રદ્ધા અને વિશ્વાસ અંતઃકરણની શક્તિઓ છે. સ્થૂળ શરીરની શક્તિ ક્રિયા છે. સક્રિયતા સિવાય જીવિત રહી શકાય નહીં કે ન તો પ્રગતિ સંભવ છે. આ સક્રિયતાનું પ્રેરકબળ ચિંતન છે. ચિંતન સૂક્ષ્મ શરીરની શક્તિ છે. ચિંતન બુદ્ધિનો વેપાર છે. સમજ, સૂઝબૂઝ, વિચાર, કલ્પના, નિર્ણય એના અંગ છે પરંતુ ચિંતનની દિશા કઈ હશે એનો આધાર અંતઃકરણમાં પેદા થનારી ભાવસંવેદનાઓના સ્વરૂપ પર છે. અંતઃકરણને જ કારણ શરીર કહેવામાં આવે છે. મનુષ્યના પ્રત્યેક કાર્યનું આધારભૂત કારણ તેના અંતઃકરણમાં ઉમડતી ઉમંગો, આકાંક્ષાઓ, પ્રેરણાઓ જ હોય છે. અંતઃકરણની પ્રેરણા જ જીવનદિશાનું નિર્ધારણ કરે છે. આ અંતઃકરણમાં ગાઢ થયેલી ભાવસંવેદનાનું નામ જ શ્રદ્ધા છે.

કોઈ પણ મનુષ્યનું નિર્માણ તેની શ્રદ્ધાને આધારે થાય છે. બુદ્ધિ અને સક્રિયતા શ્રદ્ધાના અનુચર છે. એક જ પ્રકારની બુદ્ધિ અને એક જ પ્રકારની ક્રિયાશીલતા જુદી જુદી દિશાઓમાં લગાડવાથી આકાશપાતાળ જેવો ભેદ પેદા થાય છે. આ ભેદ જુદી જુદી શ્રદ્ધાનું જ પરિણામ હોય છે. આમ્રપાલી જ્યાં સુધી નગરવધૂ હતી ત્યાં સુધી તેની શ્રદ્ધા રૂપ-સૌંદર્યની વધુમાં વધુ પ્રશંસા પ્રાપ્ત કરતાં રહેવામાં જીવનની સાર્થક્તા જોતી અને સમજતી હતી. આમ્રપાલીનું સૌંદર્ય, જીવનરીતિ અને બુદ્ધિ શ્રદ્ધા, વિવેક, અધ્યાત્મ આત્મવિકાસ અને લોકમંગળના કાર્યોમાં જોડાઈ ગઈ ત્યારે તેની જીવનની દિશાધારા જ બદલાઈ ગઈ અને તે પ્રખ્યાત બૌદ્ધ ભિક્ષુણી બની ગઈ. લોકોમાં કામવાસના જગાડનારી આમ્રપાલીમાં વિવેકબુદ્ધિ પ્રગટ થવા લાગી. ધનવૈભવ લૂંટનારી અને લુંટાવનારી હવે તે વૈભવને નિમ્ન સમજવા લાગી અને આત્મવૈભવને જ વાસ્તવિક બક્ષિસ માનવા લાગી. રત્નાકર ડાકૂની શ્રદ્ધા બદલાઈ ગઈ તો તે મહાકવિ વાલ્મીકિ બની ગયો. મહાન વિદ્વાન આચાર્ય રાવણની શ્રદ્ધાએ તેને ક્રૂરકર્મી રાક્ષસ બનાવી દીધો. દુરાચરણ અને નિરંકુશ ભોગની શ્રદ્ધામાં દુર્યોધન સર્વ વિનાશના માર્ગ તરફ આગળ વધ્યો અને પોતાના સર્વ સંબંધીઓ,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્વજનો અને સહયોગીઓના વિનાશનું નિમિત્ત બન્યો. જો તેની શ્રદ્ધા માતૃત્વ, મૈત્રી અને સહયોગમાં જોડાઈ હોત તો મહાભારતનું યુદ્ધ ન થાત અને આજે ભારતવર્ષમાં ઇતિહાસ જ અલગ રચાત. તે મહાવિનાશમાં આટલી વિકસિત સભ્યતા નાશ ન પામી હોત તો સંભવતઃ આજે ભારતવર્ષ જ્ઞાનવિજ્ઞાનના ક્ષેત્રમાં અગ્રેસર રહ્યો હોત.

ક્રિયા અને વિચારણા પણ ચેતનાની જ શક્તિઓ છે. પરંતુ તેમનું સ્વરૂપ અને તેમની દિશા શ્રદ્ધાને અનુરૂપ હોય છે. એટલા માટે શ્રદ્ધાને માનવીય ચેતનાની મૂળ શક્તિ કહી શકાય છે. ગીતામાં પણ કહેવાયું છે,

**શ્રદ્ધામયોઽયં પુરુષો યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ।**

અર્થાત્ મનુષ્ય શ્રદ્ધામય જ છે. જેની જેવી શ્રદ્ધા હોય તેવો તે બને છે. તેનો અર્થ એ છે જુદા જુદા મનુષ્યોનું વ્યક્તિત્વ જુદું જુદું હોય છે. એને જાણવાનો અને સમજવાનો એક જ અર્થ અને એક જ ઉપાય છે કે તે મનુષ્યની શ્રદ્ધાનું સ્વરૂપ કેવું છે ? જીવની સ્થિતિ શ્રદ્ધા સાથે જોડાયેલી હોય છે. જેવી શ્રદ્ધા તેવી સ્થિતિ અને સ્વરૂપ બને છે.

ભગવતી પાર્વતીને જગદ્ જનની કહેવામાં આવી છે. શ્રદ્ધા જ આંતરિક વ્યક્તિત્વને જન્મ આપનારી, તેના સ્વરૂપને નિર્ધારિત અને વિકસિત કરનારી દિવ્ય જનની છે. આ શ્રદ્ધા વિશ્વાસની સાથે જોડાઈને સંકલ્પ અને સક્રિયતાની પ્રેરક બને છે. જ્યારે વિશ્વાસ દૃઢ થાય છે ત્યારે સંકલ્પ લેવાય છે. જે કાર્ય, લક્ષ્ય કે વાત પર વિશ્વાસ ન હોય, તેના પ્રત્યે સંકલ્પ જાગતો નથી. વિશ્વાસની પ્રતિક્રિયા જ સંકલ્પ છે અને સંકલ્પ જ સક્રિયતાનો જનક છે.

શ્રદ્ધા વ્યક્તિત્વની આદિ શક્તિ છે અને વિશ્વાસ મહાદેવ છે, પરમ શિવ છે, વિશ્વાસ જ પરમ કલ્યાણકારી દિવ્યસત્તા છે. 'શ્રિતૃ' ધાતુમાં 'ઉત' પ્રત્યય જોડીને 'શ્રત' શબ્દ બને છે. 'શ્રિત્ર સેવાયામ'નું તાત્પર્ય છે સેવા કરવી. આ 'શ્રત' ભાવ ધારણ કરવો શ્રદ્ધા છે. જેના પ્રત્યે સેવાની ભાવના રાખવામાં આવે, જેને પ્રબળ બનવામાં સાથ આપવામાં આવે, તેના પ્રત્યે મનુષ્યની શ્રદ્ધા છે એમ માની શકાય. સેવા અને ઉપાસના સિવાય આત્મીયતાની શક્યતા નથી. શાસ્ત્રમાં કહ્યું છે, "શિવો ભૂત્વા શિવં યજેત્" અર્થાત્ સ્વયં શિવ રૂપ બનીને જે શિવની ઉપાસના, ભજન, સેવા કરવી જોઈએ. આથી જેની સાથે અવિભક્ત આત્મીયતાની અનુભૂતિ થઈ હોય તેના પ્રત્યે સાચી શ્રદ્ધા રાખી શકાય છે.

શ્રદ્ધા અને વિશ્વાસ નામના બે બીજના વિકાસને આધારે વ્યક્તિત્વ રૂપી વૃક્ષ વિકસે છે. જેવી શ્રદ્ધા અને વિશ્વાસ હોય છે, તેવી જ આકાંક્ષા, પ્રેરણા તથા સંકલ્પ પ્રબળ બને છે તેમજ તે દિશામાં સક્રિયતા વધે છે અને તેને અનુરૂપ સાધનસગવડની વ્યવસ્થા કરવામાં આવે છે. લક્ષ્યનું નિર્ધારણ વિશ્વાસ જ કરે છે. લક્ષ્યની દિશામાં નિરંતર વધતાં જવાની પ્રેરણા અને શક્તિ તેનાથી મળે છે. માનવીઓ, સાધનો અને પરિસ્થિતિઓનો સરંજામ તેને અનુરૂપ જ ઉપલબ્ધ કરવામાં આવે છે. આથી વ્યક્તિત્વની ઓળખ તેની અંદર ગતિશીલ શ્રદ્ધા અને વિશ્વાસ પરથી થઈ શકે છે.

વિશ્વાસ શબ્દ 'વિશ્' અને 'વાસ' આ બે શબ્દો જોડવાથી બનેલ છે. 'વિશ્'નો અર્થ છે 'દાખલ થવું' તથા 'વાસ'નો અર્થ 'નિવાસ કરવો' થાય છે. જે ભાવસંવેદના અંતઃકરણના ઊંડાણમાં દાખલ થઈ હોય, ત્યાં નિવાસ કરતી હોય, ઊંડે સુધી સ્થિર થઈ હોય, તેને વિશ્વાસ કહેવાય છે. અંતઃકરણમાં થોડો સમય ઘુમીવળીને વેરવિખેર થનારા ભાવ તરંગો સંકલ્પ, સિદ્ધિ અને કલ્યાણના આધાર બની શકતા નથી. સ્થાયી અને સુદૃઢ વિશ્વાસભાવ જ શંકર અર્થાત્ કલ્યાણ કરવામાં સમર્થ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રેષ્ઠ શ્રદ્ધા-વિશ્વાસ જ શિવ-પાર્વતીનું જોડકું છે. અસ્થાયી ભાવ ઉન્માદ ન તો શ્રદ્ધા છે કે ન તો વિશ્વાસ છે. તેનાથી ન તો શક્તિ પ્રાપ્ત થાય છે, ન તો કલ્યાણ થાય છે. અંતઃકરણમાં દૃઢતાપૂર્વક ઊંડે સુધી સ્થિર થયેલી ભાવનાઓ અને આકાંક્ષાઓ જ શ્રદ્ધા-વિશ્વાસ છે. તે પ્રગતિ અને પુરુષાર્થના આધારો છે. કર્તવ્ય અને કલ્યાણના સબળ સાધનો પણ તે જ છે.

આનંદયુક્ત વર્તમાન અને ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ સત્, શ્રદ્ધા અને સત્‌વિશ્વાસ દ્વારા જ થાય છે. જે આચરણમાં ન દેખાતું હોય, સંકલ્પના રૂપમાં પ્રગટ ન થતું હોય, પ્રખર ભાવનાઓનું જનક ન હોય, તે વિશ્વાસ નથી. જે ક્રિયાશક્તિ સાથે ન જોડાઈ શકે, જે અંતઃકરણમાં ગાઢ ભાવસંવેદનાઓના રૂપમાં ટકેલ ન હોય અને ચિંતન તથા કર્તવ્યનો આધાર ન બની શકે તે શ્રદ્ધા નથી.

રામચરિતમાનસમાં ગરૂડે કાકભુશુણ્ડિને આત્મસાધનાની પ્રક્રિયાનું વર્ણન કરતાં કહ્યું છે કે, "સાત્ત્વિક શ્રદ્ધા ધેનુ સુહાઈ", સાત્ત્વિક શ્રદ્ધા જ સુંદર ગાય છે. આ ગાય, "જપ, તપ, વ્રત, યમ, નિયમ, અપારા" અર્થાત્ યમ, નિયમ, જપ, તપ વગેરે ચારો ખાય છે. આ ચારો લીલો હોય, તેમાં જીવન હોય, પ્રાણ હોય. જીવંત સંવેદનાઓ જ એમને પ્રાણવાન બનાવતી હોય છે.

**તેઈ તૃત હરિત ચરૈ જબ ગાઈ ।**
**ભાવ બચ્છ શિશુ પાઈ પેન્હાઈ ॥**

અર્થાત્ ઉપર્યુક્ત લીલા ચારાને જ્યારે શ્રદ્ધા રૂપી ગાય ચરે છે અને તેનાથી પોષણ મેળવે છે, ત્યારે ભાવરૂપી વાછરડાને જોઈને ભાંભરે છે, તેના આચળમાં દૂધ ભરાઈ આવે છે. આ દૂધને નિર્મળ મનરૂપી ભરવાડ વિશ્વાસ રૂપી વાસણમાં દોહે છે. શ્રદ્ધાનું દૂધ ભાવરૂપી વાછરડાને પીવડાવીને નિર્મળ મન દ્વારા વિશ્વાસના વાસણમાં દોહવામાં આવે છે.

એનાથી શ્રદ્ધાનું તાત્ત્વિક સ્વરૂપ, તેનું પોષણ, આહાર કે આધાર અને વિશ્વાસથી તેનો સંબંધ સ્પષ્ટ થાય છે. ભાવ અને જપતપ સિવાય, તેમજ નિયમોનું પાલન ન કરનારાઓની શ્રદ્ધાથી ધર્મરૂપી દૂધ દોહી શકાય નહીં. તે સ્થિતિમાં વિશ્વાસનું વાસણ ખાલી રહી જાય છે. તે વાસણને દૂધથી ભરવા માટે સાધના જરૂરી છે. સાધના સિવાય શ્રદ્ધા બોજ જ બનીને રહે છે.

શ્રદ્ધા શક્તિ છે અને વિશ્વાસ શિવ છે. શક્તિ સિવાય શિવ શબ છે. શક્તિ અને શિવ સિવાયનું જીવન વ્યર્થ છે. સાર્થક જીવન માટે શ્રદ્ધા અને વિશ્વાસ રૂપી ભવાની તથા શંકરની નિત્ય આરાધના કરવી જરૂરી છે અને ત્યારે જ અંતરાત્માની ચેતના શક્તિને જોઈ અને સમજી શકાય છે.

રામકૃષ્ણની ધર્મપત્ની શારદામણિ મહિલાઓનો અલગ સત્સંગ ચલાવતા હતા. તેમાં મોટાભાગે ધાર્મિક પ્રકૃતિની અને ભ્રમિત ઘરોની મહિલાઓ આવતી હતી.

એક મહિલા જે વેશ્યાના રૂપમાં બદનામ હતી તે સત્સંગમાં પણ આવવા લાગી. આને લીધે અન્ય મહિલાઓ નાક અને મોં મચકોડવા લાગી અને તે ન આવે તે માટે માતાજીને આગ્રહ કરવા લાગી.

આ સમગ્ર વાત પર માતાજીએ કહ્યું, "સત્સંગ ગંગા છે, તેમાં માછલી, દેડકાં રહેવા છતાં પણ 'અશુદ્ધ થતી' નથી. સાધારણ સરખી મલિનતામાં જ જે અશુદ્ધ થઈ જાય તે ગંગા કેવી ? તમે બધા સત્સંગની શક્તિને ઓળખો અને તેને ગંગા સમાન ગણો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આ સંસાર સચ્ચિદાનંદ સ્વરૂપ છે

જે રીતે કોઈપણ કલાકૃતિ પોતાના નિર્માતાનું અસ્તિત્વ તથા વ્યક્તિત્વ પ્રગટ કરે છે, તેવી રીતે આ સૃષ્ટિ પણ પોતાના રચયિતા, પોતાના શિલ્પી પરમાત્માને જાહેર કરે છે. જેનું નિર્માણ થયું છે તેનો નિર્માતા જરૂર હોય છે એમાં કોઈ પણ પ્રકારની શંકા અથવા તો તર્કને સ્થાન નથી.

આ સમગ્ર દુનિયા એક સુવ્યવસ્થિત રચના છે. આ રચનાનો એક એક અણુ નિયમબદ્ધ અને નિયંત્રિત છે. હજારો પ્રકારની વનસ્પતિઓ અને લાખો પ્રકારના પ્રાણીઓ પોતપોતાના નિયમ મુજબ જીવે છે અને મરણ પામે છે, પરંતુ તેની રચનામાં સહેજ પણ ઉણપ કે ગરબડ હોતી નથી.

સૂર્ય સમયસર ઊગે છે અને સમયસર આથમે છે. ગુલાબના છોડ પર ગુલાબ અને ગલગોટાના છોડ પર ગલગોટાના ફૂલ ખીલે છે. આંબાના ઝાડ પર કેરી અને જામફળીના ઝાડ પર જામફળ થાય છે. તેમાં પણ જે વૃક્ષ જે પ્રકારના ફળ આપી શકે છે તેવા જ પ્રકારના એક રંગ, એક આકાર અને એક સ્વાદવાળા ફળ પેદા થશે. ખાટાં વૃક્ષોમાં ખાટાં અને મીઠાં વૃક્ષોમાં મીઠાં ફળ પેદા થશે. તે ફળ ચોક્કસ પ્રકારની જમીન, આબોહવા અને ચોક્કસ ઋતુમાં જ પેદા થશે અને ચોક્કસ સમયે સમાપ્ત થઈ જશે.

એક જંગલમાં લાખો પ્રકારની વનસ્પતિઓ હોય છે. હજારો જાતનાં વૃક્ષો એક પછી એક ઊગે છે, પરંતુ તેમના પાંદડાની બનાવટમાં સહેજ પણ ભૂલ થતી નથી. આંબલીથી માંડીને કેળાં સુધીના દરેક વૃક્ષના પાંદડાઓનો એક ચોક્કસ આકાર હોય છે. સમગ્ર દુનિયામાં એક વૃક્ષના પાંદડા બીજા વૃક્ષના પાંદડાને ક્યારેય મળતા આવતા નથી. તેમાં કોઈ ને કોઈ રીતે, કોઈ ને કોઈ પ્રકારે થોડો ઘણો ફરક તો જરૂર હોય છે. આટલી વિવિધતા અને આટલા પ્રકારોને જાણનાર તે કલાકાર, શિલ્પી, નિર્માતા કેટલો જ્ઞાની અને શક્તિશાળી હશે તેનું અનુમાન કરવું પણ મુશ્કેલ છે. વિશ્વની આટલી મોટી રચના જોઈને અને તે રચનાનું અબાધિત ગતિથી થતું સંચાલન જોઈને કયો દુર્ભાગી મનુષ્ય તેના રચયિતાના અસ્તિત્વ માટે શંકા કરશે ?

કોઈ એક વૃક્ષનું બીજ જુઓ. તેના પડે પડ ઉખાડીને તેના એક એક રેસાને છૂટા પાડીને જુઓ તો ક્યાંય પણ તમને વૃક્ષનો આકાર, તસવીર કે અસ્તિત્વ નજરે પડતું નથી. જ્યારે તેને ધરતીમાં વાવવામાં આવે છે ત્યારે તેમાંથી જુદા જુદા પ્રકારનાં વૃક્ષો પેદા થાય છે તે કેટલું બધું અદ્‌ભૂત છે ? બી માટીમાં ભળી જાય છે પછી તેમાંથી વૃક્ષ પેદા થાય છે. જ્યારે વૃક્ષ અસ્તિત્વમાં આવે છે ત્યારે બીજનું કોઈ અલગ અસ્તિત્વ રહ્યું હોતું નથી. પરંતુ તે વૃક્ષો દ્વારા ઉત્પન્ન થયેલા ફળોમાં બી ફરીથી પોતાનું અસ્તિત્વ અને સ્વરૂપ મેળવી લે છે. તેને ધ્યાનપૂર્વક જોવાથી, વિચારવાથી અને મનન કરવાથી તેના નિયામક, નિર્માતા અને પાલનકર્તાનું ધ્યાન રાખ્યા સિવાય મરચું તીખાશ અને આમલી ખટાશ મેળવે છે. માટીને ચાખી જુઓ. તમને એમાં આ પ્રકારના કોઈ રસ કે સ્વાદ જોવા મળશે નહીં. આટલા સ્વાદ, આટલા રસ અને આટલા ગુણ એક જ માટીમાં ક્યાંથી આવે છે ? આ બધા જ પ્રકારના રસ, આકાર, પ્રકાર, ગુણ વગેરે બીજું કંઈ નહીં પણ તે પરમાત્મા સ્વરૂપ શિલ્પીનું પોતાનું વ્યક્તિત્વ અને અસ્તિત્વ છે. તે પોતે જ ધરતી, માટી, બી, વૃક્ષ અને ફળ છે અને તે પોતે જ રસ, સ્વાદ અને ગુણ પણ છે.

સંસારમાં લાખો પ્રકારના જીવજંતુઓ અને પશુ-પક્ષીઓ હયાત છે. બધાં એકબીજાથી જુદાં છે. તેમની બનાવટથી માંડીને આકાર, પ્રકાર, સ્વભાવ બધું જ વિચિત્ર હોય છે. જેટલા પ્રકારના પક્ષીઓ હોય છે એટલાં જ પ્રકારની બોલીઓ,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રંગ, ગુણ અને સ્વભાવ હોય છે. આ બધી બાબતોમાં આટલી અનંતતા અને આટલી અસીમતા તે વિરાટની યાદ અપાવે છે.

રાતદિવસ, અંધારુઅજવાળું, ઠંડીગરમી, જળસ્થળ વગેરે તેના અસ્તિત્વને પ્રગટ કરે છે અને તેની સાક્ષી આપે છે. અગ્નિ સળગાવે છે, પાણી હોલવે છે, પવન કંપન પેદા કરે છે, જીવન જીવાડે છે અને મૃત્યુ મારે છે. આ બધું કોના ઈશારે, કોના આદેશ મુજબ થાય છે ? એક તે બિન્દુના ઈશારા પર આ બધી જ ક્રિયાઓ થાય છે. તેની ઇચ્છા વિના એક પાંદડુ પણ હાલી શકતું નથી, એક શ્વાસ પણ લઈ શકાતો નથી.

આટલી મોટી રચનાને, આટલી મહાન કૃતિને તેણે કયા ઉદ્દેશથી અને કોના માટે બનાવી છે ? એ એક જટિલ પ્રશ્ન છે, એક ગૂઢ રહસ્ય છે. બુદ્ધિજીવીઓનું કહેવું છે કે આ બધું તે પરમાત્માએ પોતાનામાંથી પોતાના માટે જ ઉત્પન્ન કર્યું છે.

સૃષ્ટિમાં ઓતપ્રોત પરમાત્મા અને પરમાત્મામાં દરેક રીતે સમાયેલી આ રચના મનુષ્યને સમજવા માટે છે. તેને સમજીને અને તેના રચિયતા વિશે જ્ઞાન મેળવીને આનંદ પ્રાપ્ત કરવા માટે આ સંપૂર્ણ સૃષ્ટિની રચના થઈ છે.

સૃષ્ટિના પ્રત્યેક પ્રત્યક્ષ પદાર્થમાં જે પરોક્ષ નિરાકાર વિસ્મય છે, વિલક્ષણતા છે, કુતૂહલ છે તે પરમાત્માની એક ઝલક છે અને તે ઝલકના સહારે મનુષ્ય તે સચ્ચિદાનંદ પરમાત્મા સુધી પહોંચી શકે છે. હૃદયને વિશાળ અને દૃષ્ટિને નિર્મળ રાખીને જુઓ તો સૃષ્ટિના એક એક અણુમાં તે વિરાટ બિંદુના દર્શન થાય છે.

પરમાત્મા સત્ + ચિત્ + આનંદ અર્થાત્ સચ્ચિદાનંદ રૂપ છે. તેમનો ઉદ્દેશ પ્રાણીમાત્રને આનંદ આપવાનો છે. મનુષ્ય સિવાય સંસારના બધાં જ પ્રાણીઓ કુદરતી આનંદ મેળવે છે. એક મનુષ્ય જ એવો છે જે જાતે આનંદિત દેખાતો નથી. મનુષ્ય તેના સંપૂર્ણ સ્વરૂપનું જ્ઞાન મેળવીને આનંદની જ નહીં પરંતુ સચ્ચિદાનંદ પરમાત્માની પૂર્ણ અનુભૂતિ મેળવે. સત્, ચિત્ અર્થાત્ તેના અસ્તિત્વનું જ્ઞાન મેળવીને આનંદની અનુભૂતિ કરે. મનુષ્ય બીજાં પશુપક્ષીની જેમ પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના આનંદ મેળવી શકતો નથી. જ્યારે તે પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે ત્યારે જ તે સાચો આનંદ મેળવી શકે છે.

પોતાની ઇચ્છા પ્રમાણે તેણે મનુષ્યને અદ્ભુત શરીર અને વિલક્ષણ વિવેક બુદ્ધિ પણ આપી છે. તેનો ઉપયોગ કરીને મનુષ્ય પરમાત્માનું જ્ઞાન સહેલાઈથી મેળવી શકે છે. પોતાની વિવેકશક્તિઓને વિકૃતિઓથી મુક્ત કરીને મનુષ્ય જો પ્રત્યક્ષ સંસારને એક ઊંડા અનુભવથી જુએ અને તેના પર ચિંતન કરે તો તે સહેલાઈથી પરમાત્માના અસ્તિત્વનું જ્ઞાન મેળવી શકે છે.

મનુષ્યે આનંદ શોધવાની જરૂર નથી. તે તો સચ્ચિદાનંદ પરમાત્માથી બનેલી સૃષ્ટિમાં સ્વયં ઓતપ્રોત છે. મનુષ્યને પોતાની અનુભવ શક્તિને ફક્ત જાગૃત કરવાની જરૂર છે. અનુભવ શક્તિની જાગૃતિ માટે તેને કોઈ વિશેષ તપસ્યા અથવા સાધના કરવાની નથી. તે એક આશ્ચર્યકારક નજરથી તેની રચના, તેના સંસારને જુએ અને તેને પરમ શિલ્પીની પરમ રચના સમજીને તેનું સન્માન કરે. બસ, આટલું કરી લેવાથી તેની અનુભવશક્તિ સ્વયમેવ જાગૃત થઈ જશે અને એકવાર જાગૃત થયા પછી તે શક્તિઓ ફરીથી છુપાઈ જશે નહીં.

સ્ત્રીપુરુષ, પશુપક્ષી, વૃક્ષછોડ, ફળફૂલ વગેરેને વિસ્મય અને કુતૂહલતાથી જોતાં જોતાં નિર્માતાની પ્રશંસામાં ગદ્ગદિત થયેલો મનુષ્ય એક દિવસ કોઈ પણ જ પ્રકારની વિશેષ સાધના વિના પરમાનંદને જરૂર મેળવી શકશે.

સૃષ્ટિની બહાર સચ્ચિદાનંદ પરમાત્માના અસ્તિત્વની કલ્પના કરનાર જન્મ જન્માંતર સુધી આ સૃષ્ટિમાં રહેલ પરમાત્માનું જ્ઞાન મેળવી શકતો નથી. સૃષ્ટિમા જે કંઈ છે તે બધું જ તેનું સ્વરૂપ છે, તેનું જ અસ્તિત્વ છે.

**જ્યાં અદમ્ય સાહસ અને દૂરદર્શિતા છે,**
**ત્યાં સર્વસ્વ છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સાધના - પોતે પોતાને જ સાધવું

બંધન વિનાની, અવ્યવસ્થિત અને અસ્તવ્યસ્ત પરિસ્થિતિમાં જે કાંઈ વિકાસ કે ઉત્પાદન થાય છે તે કહી શકાતું નથી. જંગલોમાં ઉગેલા કાંટાળા ઝાડી ઝાંખરા બેઢંગી રીતે ફેલાઈને તે વિસ્તારને કાંટાળો બનાવી દે છે. એનાથી ઊલટું માળી દ્વારા સુયોગ્ય રીતે ઉગાડેલા છોડ સુંદર બગીચો બનીને મહેંકે છે. છોડને સુવ્યવસ્થિત રીતે ઉગાડીને તેની દરરોજ સારસંભાળ રાખવી એ માળીની સાધના છે, જેનું ફળ તેને સન્માન અને પૈસાના રૂપે મળે છે, છોડને ખીલેલાં સૌંદર્યના રૂપમાં મળે છે અને જનસાધારણને છાંયડો, સુગંધ, ફળ વગેરે રૂપમાં મળે છે. માળીની ઉદ્યાન સાધના હંમેશાં સારું પરિણામ જ દર્શાવે છે.

માનવીનું વ્યક્તિત્વ એ એક પ્રકારનો બગીચો જ છે. તેની સાથે અનેક પ્રકારની આત્મિક અને ભૌતિક વિશેષતાઓ જોડાયેલી છે. તેમાંથી થોડી ઘણીને પણ જો ક્રમબદ્ધ, વ્યવસ્થિત અને વિકસિત બનાવવામાં આવે તો તેના સ્વાદિષ્ટ ફળ ખાતાં ખાતાં પૂરો સંતોષ મળે છે. પરંતુ જો ચિતવૃત્તિઓ અને શરીરની પ્રવૃત્તિઓને નિયંત્રણમાં ન રાખીએ તો તે એક ભૂંડા, મનફાવતા અને ઉદ્ધત સ્તરે પહોંચી જાય છે અને દિશાહીન નિરંકુશતાને કારણે જંગલી ઝાડીઓ જેમ તે આખા વિસ્તારને કાંટાળો અને અજાણ બનાવી દે છે.

જીવન કલ્પવૃક્ષની જેમ અસંખ્ય સત્પરિણામોથી ભરેલું છે. પરંતુ તેને સારી રીતે સાધવામાં અને સાચવવામાં આવે ત્યારે જ તેનો લાભ મળી શકે છે. આ ક્ષેત્રની સુવ્યવસ્થા માટે કરેલા પ્રયત્નને સાધના કહેવામાં આવે છે. કેટલાંયે દેવીદેવતાઓની સાધના કરીને તેમની પાસેથી વરદાન મેળવવાની વાત પર વિશ્વાસ કરવામાં આવે છે. આ માન્યતાની પાછળ એટલું જ સત્ય છે કે આ માર્ગે ચાલવાથી અંતઃકરણની શ્રદ્ધા વિકસે છે. ટેવોને નિયંત્રણમાં રાખી શકાય છે અને ચિંતનપ્રવાહને વિશેષ દિશામાં નિયોજિત કરી શકાય છે અને સાત્ત્વિક જીવનના નિયમ ઉપનિયમોનું પાલન કરી શકાય છે. પરિણામે વ્યક્તિત્વ પર ચઢેલી ખરાબ વૃત્તિઓનું નિરાકરણ કરવામાં અને સત્પ્રવૃત્તિઓને સ્વભાવનું એક લક્ષણ બનાવવામાં સહાય મળે છે. સુસંસ્કારોની વૃદ્ધિ એ એક પ્રત્યક્ષ દૈવી વરદાન છે. તેના કારણે દરેક મનુષ્ય મનવાંચ્છિત હેતુની દિશામાં આગળ વધે છે અને સારું પરિણામ મેળવી શકે છે.

સાધના આત્મિક અને ભૌતિક બંને ક્ષેત્રોમાં થઈ શકે છે. જે દિશામાં કદમ આગળ વધે છે તે દિશામાં પ્રગતિ થાય છે. પોતાની સર્તકર્તાપૂર્ણ સુવ્યવસ્થા જે માર્ગ પર ગતિશીલ કરવામાં આવે તે માર્ગ પર એક પછી એક સફળતાના માઈલ સ્ટોન મળતા રહેશે.

સાધનાનું મહત્ત્વ ખેડૂત સમજે છે. આખું વર્ષ પોતાના ખેતરની માટી સાથે સતત જોડાયેલો રહે છે અને પરસેવાના પાણીથી પાકને સીંચે છે. ઠંડી, ગરમી કે શરદી ખાંસીની તેને ચિંતા નથી. ખેતર એ તેનું કર્મક્ષેત્ર છે. એક એક છોડ પર નજર રાખે છે. ખાતર, પાણી, સિંચાઈ અને ખોદવાથી માંડીને રખેવાળી સુધીના બધાં જ કાર્યોને તે જરૂરી સમજે છે અને ક્યાં શું અને કેવી રીતે કરવું જોઈએ તેનો નિર્ણય તે પોતે જ કરે છે. કોઈના દબાણથી નહીં, પરંતુ પોતાની સ્વયમેવ ઇચ્છાથી, પ્રેરણાથી ખેતર, બળદ, હળ, કોદાળી વગેરે સંબંધિત સાધનોની વ્યવસ્થા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાખવાની સૂઝબૂઝ તેનામાં સહજ રૂપે ઉદ્ભવે છે અને કાર્યરત થાય છે. આ બધું થાક્યા, કંટાળ્યા કે અધીરાઈ રાખ્યા વગર થાય છે. આજની મહેનત કાલે જ ઊગી નીકળશે તેવી ઇચ્છા તે સહેજ પણ રાખતો નથી. પાક તેના સમયે જ તૈયાર થશે, મારે તેની ધીરજપૂર્વક પ્રતીક્ષા કરવાની છે. આવું તે જાણતો હોવાથી અનાજના ઢગલા કોઠીઓમાં ભરવાની તેને જરાપણ ઉતાવળ હોતી નથી. આટલા મણ અનાજ પાકશે તેવી મોટી મોટી આશાઓ પણ તે રાખતો નથી. એકાગ્રતાપૂર્વક તે પોતાની શ્રમસાધનામાં લાગ્યો રહે છે વચ્ચે આવતાં વિઘ્નોને બની શકે તેટલાં દૂર કરે છે, પરંતુ તે ખેતરની ઉપેક્ષા ક્યારેય કરતો નથી. ખેતરની જરૂરિયાતો પૂરી કર્યા વગર તેને ચેન પડતું નથી. સમયાનુસાર અનાજ પાકે છે અને ઈશ્વરનો આભાર માની અનાજને ઘેર લઈ જાય છે. કેટલું અનાજ પાકશે એવી કોઈ ગણતરી કરી હોતી નથી તેથી તેને કોઈ વાતનો અસંતોષ રહેતો નથી. જે મળ્યું તેને ઈશ્વરની ભેટ માનીને સ્વીકારી લીધું. ખેડૂત તેની આ સાધના થાક, કંટાળા કે અન્યમનસ્કતા વગર આજીવન નિષ્ઠાપૂર્વક ચાલુ રાખે છે. સાધના કેવી હોવી જોઈએ અને કેવી રીતે કરવી જોઈએ તે ખેડૂત પાસેથી શીખી શકાય છે.

પોતાની જન્મજાત ઈશ્વરદત્ત અનેકાનેક અદ્ભુત પરંતુ સુસુપ્ત વિશેષતાઓ અને વિભૂતિઓને જાગૃત કરવી જ આધ્યાત્મ સાધનાનું લક્ષ્ય છે. તેમાં એવું લાગે છે કે જાણે બહારના કોઈ દેવી દેવતાને પ્રસન્ન કરવા માટે વિનવણી, ભેટ સોગાદ, આજીજીભરી ગરીબાઈ પ્રગટ કરવામાં આવી રહી છે અને સાધક તેના તાણાવાણા વણે છે, પરંતુ વાસ્તવમાં એવું કશું નથી. દેવી દેવતાઓને પણ તેમના પોતાના કામની જવાબદારીઓ અને ઝંઝટ ઓછી નહીં હોય. આપણી જેમ તેઓ પણ પોતાના ગોરખધંધામાં જોડાયેલા હશે. જ્યારે આપણે આપણા પોતાના થોડાઘણા સગાસંબંધીઓની મદદ સારી રીતે કરી શકતા નથી તો તેમને તો અસંખ્ય ભક્તોની ચિત્રવિચિત્ર મનોકામનાઓ પૂરી કરવા માટે દોડા કરવા પડતા હશે જે તેમના માટે પણ મુશ્કેલ હશે અને કદાચ તેથી જ તેઓ બધાની અપેક્ષા પ્રમાણેનું પણ કરી શકતા નથી.

સાધનાનું ક્ષેત્ર અંતઃજગત છે. આપણી અંદર જ એટલા ખજાના દબાયેલા છે કે તેને ખોલવાથી આપણે કુબેર જેટલી પૂર્ણતા પ્રાપ્ત કરી શકીએ. પછી કોઈ બહારના પાસે માગીને શા માટે આત્મસન્માન ગુમાવવું જોઈએ ? અંદરની વિશિષ્ટ શક્તિઓને જ તત્ત્વદાર્શનિકોએ દેવી દેવતા માન્યા છે અને બાહ્ય ઉપચારો દ્વારા અંતઃકરણના ભંડારોને હસ્તગત કરવાના વિધિવિધાન બતાવ્યાં છે. શારીરિક સાર્મથ્ય મેળવવા માટે ડંબેલ્સ અને મગદળ ઘૂમાવવા જેવી ક્રિયા કરવી પડે છે. બળ તે સાધનોમાં નથી હોતું. તે તો વ્યાયામશાળાના સાધનોની સહાયતાથી શરીરની માંસપેશીઓમાંથી જ ઉદ્ભવે છે. તેમનાથી કશું મળતું નથી, જે કંઈ મળે છે તે અંદરથી મળે છે. આવી જ વાત આત્મસાધના માટે પણ કહી શકાય છે. દેવી દેવતાઓ અને વિધિવિધાનો પોતાના ખિસ્સામાંથી કશું જ આપતાં નથી. તેઓ તો સાધકની નિષ્ઠા જાળવે છે અને તેને કાર્યપદ્ધતિ શીખવાડે છે. આના અભ્યાસી બનવું એ જ સાધનાત્મક કર્મકાંડોનો ઉદ્દેશ છે. આટલાથી વાત બની જાય છે અને રસ્તો મળી જાય છે. સાધક પોતાની મૂર્છાને જાગૃત કરીને ઉજ્જ્વળ ભવિષ્યની અસીમ શક્યતાઓ જાતે જ જગાડે છે.

આત્મચેતનાની જાગૃતિ જ સાધના વિજ્ઞાનનું લક્ષ્ય છે. એના માટે પોતાના ચિંતન અને કર્તવ્યના ફેલાવાને રોકીને તેને મનવાંછિત હેતુ માટે કેન્દ્રિત કરવું પડે છે. ભૌતિક ક્ષેત્રમાં સફળતા મેળવનારા લોકો જેવી જ કાર્યપ્રણાલી આમાં પણ રાખવી પડે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દરેક મહત્ત્વપૂર્ણ સફળતા મેળવનાર મનુષ્ય ખેડૂત જેવી જ કાર્યપ્રણાલી અપનાવે છે. વિદ્વાનને ચપટી વગાડતામાં કે કોઈ જાદૂ ટોનાથી વિદ્યાની પ્રાપ્તિ થતી નથી. તેના માટે પાંચ વર્ષની ઉંમરથી શિક્ષણ સાધનાની શુભ શરૂઆત કરવી પડે છે અને ઘર તથા શાળાના મળીને રોજના છ કલાકનો માનસિક શ્રમ કરવો પડે છે. આ શ્રમમાં એકાગ્રતા, અભિરુચિ અને તન્મયતાના પ્રમાણમાં પ્રગતિ થાય છે. પરીક્ષામાં સારા નંબરે પાસ થવું એ આ એકાગ્રતા અને ઉત્સાહપૂર્ણ મહેનત પર આધાર રાખે છે. વિદ્વાન ગણાતો વ્યક્તિ સ્નાતક કક્ષાનો અભ્યાસ પૂરો કરીને શાંત બેસી રહેતો નથી પરંતુ પોતાની રુચિના વિષયોના વાંચન માટે અનેક ગ્રંથો કલાકોના કલાકો સુધી વાંચતો રહે છે. આજે વિદ્વાન ગણાતો હોવા છતાં તે અધ્યયનથી વિમુખ થયો નથી. તેની રુચિ જરા પણ ઘટી નથી. આ જ્ઞાન સાધનાને કારણે તેને ધન અને સન્માન તો મળે જ છે પરંતુ સૌથી મોટી પ્રાપ્તિ તેને આત્મસંતોષની થાય છે. 'સ્વાન્તઃ સુખાયના' ઉદ્દેશને ધ્યાનમાં રાખીને તે સારાનરસા દિવસોમાં પણ પોતાના અંતઃકરણની પ્રેરણાથી કોઈ ને કોઈ રીતે વાંચવાનો સમય કાઢે જ છે. આના વગર તેને અંતરનો સંતોષ મળતો નથી. આત્મસાધકની મનની સ્થિતિ પણ આવી હોવી જોઈએ. તેણે સિદ્ધિ માટે લાલચુ બનીને પોતાની એકાગ્રતામાં અવરોધ ઊભો ન કરવો જોઈએ, પરંતુ કોઈ વાંચન પ્રિયની જેમ સાધનાને 'સ્વાન્તઃ સુખાય' માનવી જોઈએ. દરેક સારાનરસા કર્મોનું ફળ તો મળે જ છે. તો પછી આત્મસાધના જેવા મહાન હેતુમાં જોડાવાનું ફળ તો અવશ્ય મળવાનું જ છે. લોકસેવાની વાત પણ વિચારો. આનાથી ઓછામાં તમારો મનોરથ પૂરો થવાનો નથી. ઋષિ સાંકેતિક શિક્ષા આપીને જતા રહ્યા. બ્રાહ્મણે નવી કાર્યપદ્ધતિ અપનાવી અને ઉપાસનાની સાથે સાધના આરાધનાના તત્ત્વોને જોડીને સાચો ધર્માવલંબી બન્યો. ઈશ્વર માટે કહ્યું છે કે, "એકમ્ સદ્‌વિપ્રા બહુધા વદન્તિ"- તે તો (ઈશ્વર તો) એક જ છે, લોકો તેને અલગ અલગ રૂપે સમજે છે જે વાત ઈશ્વર માટે સાચી છે તે વાત ધર્મધારણાં માટે પણ સનાતન સત્ય છે. ધર્મ એક છે - એના સુધી પહોંચવાના માર્ગ જુદા જુદા છે. ધર્મને અને ઈશ્વરને જુદા જુદા રૂપે જોનારા પોતે તો ચિંતનને ગુંચવે છે. પરંતુ તેમના કાર્યો પણ માન્યતાઓની કટ્ટરતા અને વિચારોની સંકુચિતતા માટે અહિત કરનારા સાબિત થાય છે. જુદા જુદા મત, પક્ષ કે સાધનાઓ હોવા છતાં ધર્મની મૂળભૂત આકાંક્ષા મનુષ્ય માત્રને માટે એક જ હોય છે. બાકી બધાં તેના કારણ માત્ર છે. કારણને જ શ્રેષ્ઠ માનીને ઝઘડવું ધર્મનિષ્ઠા ન કહેવાય. આ નકલનું નામ જ સંપ્રદાય છે.

**સત્સંગમાં વારંવાર ત્યાગના મહત્ત્વનું વર્ણન આવતું હતું. તેને ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ કહેવામાં આવતો હતો. આ ઉપદેશ સાંભળનારાઓમાંથી એક ભાવિક ભક્ત જરાયુધે પોતાની સમગ્ર સંપત્તિ દાનમાં આપી દીધી. છતાં પણ તેને શાંતિ ન મળી અને ઈશ્વરની પ્રાપ્તિ ન થઈ. જરાયુધ મહાન વિદ્વાન શુકદેવની પાસે પહોંચ્યા અને બોલ્યા, "જનક તો સંઘરાખોર છે, તો પણ તેમને બ્રહ્મજ્ઞાન થયું છે અને મેં બધું જ ત્યાગી દીધું છે, તો પણ શાંતિ મેળવી શક્યો નથી. એનું શું કારણ છે ?" શુકદેવે કહ્યું, "જરૂરિયાતની વસ્તુઓને પરમાર્થના ઉદ્દેશમાં ખર્ચી દેવી તે જ નૈતિક અને સામાજિક કર્તવ્ય છે. આધ્યાત્મિક સ્તરના ત્યાગમાં દરેક વસ્તુનું મમત્વ છોડવું અને તેમને ઈશ્વરની થાપણ સમજવી પડે છે. શરીર અને મન પણ સંપત્તિ છે, તેને ઈશ્વરની થાપણ માનીને તેની ઇચ્છા અનુસાર ઉપયોગમાં લેવામાં આવે તો સમજવું જોઈએ કે સાચો ત્યાગ થયો અને મોક્ષનો માર્ગ મળ્યો."**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મનુષ્ય પોતે પોતાના ભાગ્યનો નિર્માતા છે

તે દિવસે પ્રકૃતિ દેવીને અરૂણે પ્રકાશથી સ્નાન કરાવ્યું, ઉષાએ તેના માથા પર કુમકુમનું તિલક કર્યું, બાળસૂર્યએ તેને સોનેરી વસ્ત્રો પહેરાવ્યાં. આવી પવિત્ર પળોમાં સ્નાન વગેરેથી પરવારીને ચિત્રલેખા રાજધાની અવંતિકાના રાજમહેલમાં પોતના ખંડમાં બેસીને શ્રીમદ્દ્ભગવદ્દ્ગીતાનો સ્વાધ્યાય કરી રહી હતી. ગાઢ, કાળા વાળ તેની પીઠ પર ફરકી રહ્યા હતા. પવનની મંદ લહેરો તેને સ્પર્શી રહી હતી. શાંતસૌમ્ય ચહેરા પર એક અલૌકિક પ્રકાશ પથરાયેલો હતો. તેના વિશાળ નેત્રો ગીતામૃતનું રસપાન કરી રહ્યાં હતાં. તે દુનિયાનું અને સ્વયંનું અસ્તિત્વ ભૂલી રહી હતી. નેત્રો રસપાન કરીને હૃદય ભંડારને ભરપૂર કરી રહ્યા હતા અને આત્મા અમૃતમય અનુભૂતિનો રસાસ્વાદ કરી રહ્યો હતો. તેના ચહેરા પર એક અજર અને અમર વ્યક્તિનો ભાવ પ્રકાશિત થઈ રહ્યો હતો. તેણે ભગવદ્દ્ગીતાની પોથીને સાદા રેશમી વસ્ત્રોમાં લપેટીને ભગવાન શ્રીકૃષ્ણના સિંહાસન પર રાખી અને શ્રદ્ધાભાવથી પ્રણામ કર્યા. પ્રણામ કર્યા પછી જેવું તેણે પોતાનું મોં ફેરવ્યું કે તુરત જ એક દાસીએ આવીને કહ્યું, “રાજકુમારીજી મહારાજે, તમને યાદ કર્યા છે.”

જાઓ, જણાવો, કે હું હમણાં જ આવું છું. દાસી ગયા પછી તે ઊભી થઈ. તેને આશંકા હતી કે પિતાશ્રી સવાર થતાં જ બોલાવશે. હમણાં કાલે જ તે ઉજ્જૈનના ગુરુકુળમાંથી અભ્યાસ પૂરો કરીને પરત આવી હતી. ત્યાં ચિત્રલેખાએ ગ્રંથોનો અભ્યાસ કરીને તેમજ આચાર્યો પાસેથી સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ધાર્મિક, સામાજિક તથા વ્યાકરણશાસ્ત્રમાં નિપૂણતા મેળવી હતી. સંગીત અને નૃત્યશાસ્ત્રમાં તેની નિપૂણતાથી બધા આશ્ચર્યચકિત હતા. આ ઉપરાંત તેનું સૌંદર્ય અસાધારણ હતું. કોઈ શ્રેષ્ઠ શિલ્પીએ આરસની પ્રતિમા રચી હોય અને પ્રકૃતિએ તેમાં શ્વાસનો ધબકાર ભરી દીધો હોય તેવું હતું. બ્રહ્મચર્યની સાધનાથી તેના શરીર પર દિવ્ય તેજ ઝગમગી રહ્યું હતું. જ્ઞાનની પ્રચંડતાને લીધે તેનું મુખ તેજસ્વી બની ગયું હતું.

તે પોતાના પિતાશ્રીના ખંડમાં આવી અને તેમને પ્રમાણ કરીને તેમની સામે એક આસન પર બેસી ગઈ.

મહારાજ વીરભદ્ર થોડી પળો સુધી પુત્રીની તરફ જોતા રહ્યા. ચિત્રલેખાએ આ સમયે બિલકુલ સાધારણ પીળી સાડી પહેરી હતી. મહારાજને થયું કે આ રાજવંશ તથા રાજપરિવારનું અપમાન છે. તેમણે કડકાઈથી કહ્યું, “પુત્રી તું ભૂલી ગઈ કે તું માલવ સમ્રાટની પુત્રી છે. માલવ રાજ્યની રાજકુમારી છે અને રાજપરિવારમાં તારું સ્થાન શ્રેષ્ઠ છે. હું પૂછું છું કે તેં તારા શરીર પર જે વસ્ત્રો પહેર્યાં છે, તે શું રાજવંશને યોગ્ય છે ? તારા આ વસ્ત્રો શું એક રાજકુમારીની વેશભૂષાને ચરિતાર્થ કરે છે.

ચિત્રલેખાએ શાંતીથી કહ્યું, “પિતાશ્રી મારો ગુનો માફ કરો. જો હું કહું કે માનવીનું મૂલ્ય વસ્ત્રોથી આંકી શકાય નહીં, તે તો માત્ર શરીરને ઢાંકવાનું સાધન છે તો ખોટું ન લગાડશો. સદ્દ્ગુણ રૂપી સંપત્તિનો આંતરિક વિકાસ જ માનવીય શ્રેષ્ઠતાને પ્રતિબિંબિત કરે છે. આમ તો હું એક સામાન્ય માનવી છું, પરંતુ તમારી પુત્રી હોવાને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લીધે જ હું રાજકુમારી છું."

મહારાજ વીરભદ્રએ એક નિરંકુશ શાસકની જેમ અંતિમ નિર્ણય જણાવ્યો કે તારે રાજપરિવારની વેશભૂષા પહેરવી જોઈએ. જ્યાં સુધી તું રાજમહેલમાં રહે છે, રાજકુળની સભ્ય હોય ત્યાં સુધી અહીંના નિયમો પાળવા પડશે. આ વાત ભવિષ્યમાં પણ ધ્યાનમાં રાખવાની છે.

સંસ્કારવાન આર્યપુત્રીની માફક ચિત્રલેખાએ પિતાની આજ્ઞાનો વિરોધ કરવાનું અયોગ્ય ગણ્યું. તેણે માથું નમાવીને કહ્યું, "જેવી આજ્ઞા, પિતાશ્રી."

ચિત્રલેખાએ તેમની આજ્ઞાનો વિવેકપૂર્વક સ્વીકાર કર્યો તો તેઓ પ્રસન્ન થઈ ગયા. પિતાએ કહ્યું, તેં મારું કહેવું માનીને એ સાબિત કરી દીધું છે કે તું સુશીલ અને પિતૃભક્ત છે એનો મને આનંદ છે. એક બીજો પ્રશ્ન હું તને પૂછવા માગુ છું. તું અહીં અત્યારે આવી તે પહેલા મેં સુલેખાને બોલાવી હતી. સુલેખાને જે પ્રશ્ન મેં પૂછયો હતો તે જ પ્રશ્ન હું તને પૂછવા ઈચ્છું છું. તેને મને જે ઉત્તર આપ્યો હતો તેનાથી મને આનંદ થયો હતો. મને વિશ્વાસ છે કે તું પણ નિ:સંકોચ થઈને ઉત્તર આપીશ અને મને પ્રસન્ન કરીશ.

ચિત્રલેખા બોલી, "પરમ પૂજ્ય પિતાજી, ઉત્તરનો આધાર પ્રશ્ન પર છે. તમે પ્રશ્ન પૂછો, તમારી પુત્રી ઇચ્છે કે તેના ઉત્તરથી પિતાશ્રી પ્રસન્ન થાય."

મહારાજે પુત્રીને એકીટસે જોઈને કહ્યું, બેટી, તારું બાળપણ પૂરું થઈ ગયું છે. હવે એ સમય આવી ગયો છે કે તું તારા જીવનસાથી વિશે વિચાર કર. જો તેં મનોમન કોઈ રાજકુમારને પસંદ કરી લીધો હોય તો તે ભાગ્યશાળીનું નામ બતાવ, અમે તારા સુખ માટે તેની સાથે લગ્ન કરીશું. આ જ પ્રશ્ન અમે તારી મોટી બહેન સુલેખાને પૂછ્યો હતો, તો તેને નિ:સંકોચ થઈને ચેદિપતિ મહારાજ શિશુપાલ સાથે લગ્ન કરવાનો પોતાનો નિર્ણય દર્શાવ્યો અને મેં તેનો સહર્ષ સ્વીકાર કરી લીધો. આથી તું પણ કોઈ કચવાટ સિવાય તારા મનોભાવોને પ્રગટ કર.

ચિત્રલેખાએ એવું વિચાર્યું પણ ન હતું કે તેના પિતાશ્રી આ સમયે આવો પ્રશ્ન પૂછશે. પરંતુ ઉત્તર આપવો જરૂરી હતો. તેણે સ્થિર મનથી કહ્યું, "પિતાશ્રી લજ્જા અને સંકોચને છોડીને હું આ પ્રશ્નનો જવાબ કેવી રીતે આપી શકું ? મને દૃઢ વિશ્વાસ છે કે માતાપિતા પોતાના પ્રેમ અને મોહને લીધે પોતાના સંતાનોના ભવિષ્યની દેખરેખ રાખે છે. હું મૃત્યુપર્યંત આપની તથા પૂજનીય માતાજીની પસંદગીનું સ્વાગત કરીશ. તમે જે વરને મારા માટે યોગ્ય સમજો, તેની સાથે મારા લગ્ન કરી દો. મારા મનમાં જીવનસાથીની બાબતમાં લેશમાત્ર ભાવ પણ કદી જાગ્યો નથી. તો પછી મનોમન પસંદ કરવાની વાતની કલ્પના પણ કરી શકાય નહીં. કોઈ પુરુષને ઓળખ્યા વિના નારીનું આ સમર્પણ એકાંગી, અવ્યાવહારિક અને અધર્મી પણ છે. મનથી પસંદ કરેલો પુરુષ જ નારીનો આરાધ્ય પતિ હોય છે. જો કોઈ નારી કોઈ પુરુષને મનોમન પસંદ કરે અને તે પુરુષ ના પાડે તો તે ત્યક્તા નારીનું ભવિષ્ય કેવું થશે ? સમાજમાં તેનું સ્થાન ક્યાં રહેશે ? તે પોતાનું જીવન કેવી રીતે વિતાવશે ?

માનવીય દૃષ્ટિકોણથી, ધાર્મિક વિચારાધારાથી તથા સામાજિક પરિણામને કેન્દ્ર ગણીને આપેલા આ ઉત્તરથી મહારાજ વીરભદ્રને ઘણી પ્રસન્નતા થઈ. પરંતુ તેના મનોભાવોને કેવી રીતે જાણી શકાય ? આજે તો તેઓ પોતાની પુત્રીને પ્રશ્ન ઉપર પ્રશ્ન પૂછી રહ્યા હતા અને તેની પરીક્ષા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લઈ રહ્યા હતા. તેમણે કહ્યું, "પુત્રી તારો ઉત્તર સાંભળીને મને હાર્દિક પ્રસન્નતા થઈ છે. હવે એક બીજો પ્રશ્ન તને પૂછવાની ઈચ્છા છે. બેટી, બતાવ કે આ ઐશ્વર્ય, વૈભવ, રાજકીય સન્માન તને કોના ભાગ્યથી મળ્યું છે ? આ જ પ્રશ્ન સુલેખાને પણ પૂછ્યો હતો. તેણે જે ઉત્તર આપેલો તેનાથી અમો અતિ પ્રસન્ન થઈ ગયા હતા."

ચિત્રલેખાએ શાંતિચિત્તે કહ્યું, "શું હું તેનો ઉત્તર જાણી શકું પિતાશ્રી ?"

મહારાજે કહ્યું, "કેમ નહીં પુત્રી, જરૂર સાંભળી શકે છે. તેણે કહ્યું હતું કે તેને આ વૈભવ, ઐશ્વર્ય અને માનસન્માન મારા કારણે અર્થાત્ પોતાના પિતાના ભાગ્યથી પ્રાપ્ત થયેલ છે."

ચિત્રલેખા મનોમન હસી પડી, પરંતુ હસવાનો કોઈ ભાવ પણ તેણે પોતાના ચહેરા પર ફરકવા દીધો નહીં. છતાં પણ તે અસત્યનો સ્વીકાર પણ કરી શકતી ન હતી. તે સત્યની ઉપાસિકા હતી. તેને દૃઢ વિશ્વાસ હતો કે આત્મનિર્માણનો આધાર જ સત્ય છે. સત્યના મજબૂત પાયા પર આત્મનિર્માણનું ગગનચુંબી મંદિર રચાયેલ છે. જો સત્યને ત્યાંથી દૂર કરવામાં આવે તો શ્રદ્ધાવાન ઋષિઓ, મુનિઓ, અવતારો અને અધ્યાત્મવેત્તાઓએ પોતાની તપતિતીક્ષાથી જે મંદિર બનાવ્યું, તે ઢળી પડશે. તે અસત્યનો કદાપિ સ્વીકાર કરશે નહીં. આ નિશ્ચયની સાથે જ તેના નેત્રોમાં એક પવિત્ર જ્યોતિ ઝગમગી ગઈ. વાણીમાં અપૂર્વ ઓજસ આવી ગયું. તેણે કહ્યું, "પિતાશ્રી હું અભયદાન ઇચ્છું છું, હું મોટી બહેનનો વાદવિવાદ કરવા ઇચ્છતી નથી. તેની પોતાની માન્યતાઓ છે. મારા અંતર્યામી કહે છે કે અસત્યનો કદી સ્વીકાર ન કરો. સત્યપથ પરથી કદી વિચલિત ન થાઓ. પિતાશ્રી હું વિનયપૂર્વક નિવેદન કરું છું કે પ્રત્યેક મનુષ્ય પોતપોતાના કર્મોનું ફળ મેળવે છે. મનુષ્ય પોતે પોતાના ભાગ્યનો નિર્માતા છે. આજે કરેલા કર્મો જ કાલે પરિપક્વ થઈને ભાગ્ય બને છે. આવી સ્થિતિમાં હું પણ સ્વયંના પૂર્વપ્રાપ્ત પુણ્યોના ફળથી આ સમયે સુખ ભોગવી રહી છું.

મહારાજ વીરભદ્રને આ ઉત્તર ગમ્યો નહીં. તેના હૃદયનો વાત્સલ્ય ભાવ અચાનક વેરવિખેર થઈ ગયો. તેના શરીરમાં રહેનારા પિતા અન્તર્ધ્યાન થઈ ગયા. મનોમન તે ગુસ્સે થઈ ગયા. તેમણે ફક્ત આટલું કહ્યું, "ઠીક છે, જાઓ."

તેના ઉત્તરથી પિતાશ્રી અસંતુષ્ટ થઈ ગયા છે તે વાત સમજવામાં વિવેકશીલ ચિત્રલેખાને વાર ન લાગી. સંભવ છે તેમને ગુસ્સો આવી ગયો હોય. તે પોતાના ખંડમાં આવી ગઈ.

આ વાતને વર્ષો થઈ ગયા. ઉપર્યુક્ત પ્રસંગની યાદ પણ ઝાંખી થતી ગઈ. એક દિવસ માલવરાજ વીરભદ્ર પોતાના અંગરક્ષકો અને મંત્રીઓની સાથે ભ્રમણ માટે જઈ રહ્યા હતા. નગરની હદ પર બનેલા સાર્વજનિક બગીચામાં જોયું તો કુષ્ઠ રોગીઓનો એક સમૂહ ત્યાં રોકાયેલ છે. આ સમયે એક યુવાન કુષ્ઠી પોતાના સાથી કુષ્ઠીઓની વચ્ચે બેસીને આધ્યાત્મિક પ્રવચન આપી રહેલ છે. તેનો કંઠ મધુર, વાણી ઓજસ્વિની અને વિચારધારા શ્રેષ્ઠતમ જોઈને મહારાજા કુતૂહલવશ ઊભા રહી ગયા અને પ્રવચન સાંભળવા લાગ્યા. યુવા કુષ્ઠીએ જ્યારે રાજપુરુષોના સમૂહને પ્રવચન સાંભળતાં જોયા તો વધુ ઉત્સાહિત થઈને પોતાની વિદ્વતા અને પંડિતાઈ પ્રગટ કરવા લાગ્યો. મહારાજ તેના ઊંડા જ્ઞાન અને અપૂર્વ વર્ણન શૈલીથી ખૂબ પ્રભાવિત થયા. પ્રવચન સમાપ્ત થયું. મહારાજે પૂછ્યું, "યુવક કયા દેશના રહેવાસી છો ? તમારું શુભ નામ શું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે ? કઈ જાતિના છો ?

મહારાજ, આ જાણીને તમને શો લાભ થશે ? ભૂતકાળના ગર્ભમાં મેં મારો પોતાનો ઇતિહાસ દાટી દીધો છે. હવે હું તેને ખોદવા ઇચ્છતો નથી. અત્યારે વર્તમાન જ મારો સાથી છે. હું માત્ર વર્તમાનને જ ભોગવું જ છું, તેમાંથી કયું ભવિષ્ય તૈયાર થશે તેની હું ચિંતા કરતો નથી. કુષ્ઠીનો ભૂતકાળ તેના શરીર પર હયાત છે. વર્તમાન તમે જોઈ રહ્યા છો. ભવિષ્યની કલ્પના કરી લો. નામ અને ગામમાં શું રાખ્યું છે ?

વિદ્વતાયુક્ત ઉત્તર સાંભળીને મહારાજનાં મગજમાં ભૂતકાળનો તે પ્રસંગ સજીવ થઈ ગયો. તેમના અંતરમનમાં અવાજ પ્રગટયો. આની સાથે ચિત્રલેખાના લગ્ન કરી દો. તે વિચારવા લાગ્યો - આ અયોગ્ય નથી. વિદ્વતામાં આ ચિત્રલેખા કરતાં ઉતરતી નથી. બૌદ્ધિક દૃષ્ટિએ તેને જેવો પતિ જોઈએ છે તેવો જ આ છે. શરીરથી તે ચોક્કસ અયોગ્ય છે. ચિત્રલેખા પણ સાંસારિક ભોગવિલાસોની નિંદા કરે છે. વધુમાં તે કહે છે કે મનુષ્ય પોતે પોતાના ભાગ્યનો નિર્માતા છે. જોઈએ કે આ વિપરિત સ્થિતિમાં તે પોતાના ભાગ્યનું નિર્માણ કેવી રીતે કરે છે. પરંતુ એક કુષ્ઠીની સાથે પોતાની પુત્રીના લગ્નની પ્રાર્થના એક રાજા કેવી રીતે કરે ?

હસીને યુવા કુષ્ઠીએ પૂછયું, "મહારાજ, શું વિચારો છો ?"

મહારાજ અચાનક ચોંકી જઈને બોલ્યા, યુવક હું તમારી આ અવસ્થાને જોઈને દ્રવિત થઈ ગયો છું. ઇચ્છા છે કે હું તમને કંઈ આપુ. પરંતુ શું આપુ તે વિચારી શકતો નથી. હું ઇચ્છું છું કે તમે માગો અને હું તમને આપી દઉં.

કુષ્ઠી યુવકે મજાકમાં હસીને કહ્યું, "કથની અને કરણીમાં મોટો ભેદ હોય છે મહારાજ, સમજી-વિચારીને કહો."

રાજાના કથન પર સીધો પ્રહાર હતો. વીરભદ્રના શરીરમાં રહેલું ક્ષત્રિય લોહી ઉકળી ઊઠયું. ગુસ્સાભર્યા અવાજમાં તેમણે કહ્યું, "યુવક હું ક્ષત્રિય નરેશ છું. વચન આપીને તેમાં પાછી પાની કરવી તે મારો સ્વભાવ નથી. જે ઇચ્છો તે માગી લો.

કુષ્ઠીએ એકીટસે મહારાજની તરફ જોતાં રહીને કહ્યું, "હું તમારી પુત્રી ચિત્રલેખા સાથે લગ્ન કરવા ઇચ્છું છું. શું આ માંગ સ્વીકાર્ય છે ?"

અંગરક્ષક સૈનિકોની આંખોમાં આગ ભડકી ઊઠી. બધાએ મ્યાનમાંથી તલવાર ખેંચી લીધી. પરંતુ માલવ નરેશને તો મનગમતું વરદાન મળી ગયું હતું. તેમણે ઈશારો કરીને સૈનિકોને અટકાવી દીધા. નાટકીય ક્રોધયુક્ત શબ્દોમાં તેઓ બોલ્યા, આ જગ્યાએ બીજું કોઈ હોત તો તમારી આ ધૃષ્ટતા પર મૃત્યુદંડ જ આપી દેત, પરંતુ હું વચનબદ્ધ થઈ ગયો છું. તમને ઉત્તર આપતાં પહેલાં એક પ્રશ્ન પૂછવા ઇચ્છું છું કે મારી પુત્રીનું નામ ચિત્રલેખા છે તે તમો કેવી રીતે જાણ્યું ? કુષ્ઠીએ વચમાં જ કહ્યું, "મહારાજ તમારે બે પુત્રીઓ છે, મોટી સુલેખા અને નાની ચિત્રલેખા છે."

માલવ નરેશે કહ્યું, જ્યારે તમને આટલી બધી ખબર હતી તો તમે ચિત્રલેખાને જ કેમ માગી ?

યુવકની આંખો ભીની થઈ ગઈ. ગળું સૂકાઈ ગયું. તેણે કહ્યું, "મહારાજ, આપની પ્રજાના બધા લોકો જાણે છે કે આપને બે કન્યાઓ છે. મને તેમના મારફત ખબર પડી છે. પરંતુ આ બધું તો હું અગાઉથી જ જાણું છું. હવે વાત બાકી રહી ચિત્રલેખાને માગવાની. મેં સાંભળ્યું છે કે તેના માનવા મુજબ મનુષ્ય પોતે પોતાના ભાગ્યનો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિર્માતા છે. હું તેની આ વાતની સત્યતા જાણવા ઇચ્છું છું કે તે મારી સાથે બિલકુલ વિપરિત પરિસ્થિતિઓમાં કેવી રીતે જીવન નિભાવી શકે છે. વાતને પૂરી કરતાં તેણે કહ્યું, તો માગણી સ્વીકાર્ય છે ?

સ્વીકાર્ય છે, એમ કહીને મહારાજ હસી પડ્યા. આ તો બધી તેમના મનની જ વાતો હતી, જે હમણાં યુવા કુષ્ઠીએ કહી હતી.

લગ્નની વાત સાંભળીને ચિત્રલેખાએ કોઈ વિરોધ ન કર્યો. પિતાના નિર્ણયની વિરુદ્ધ તેણે વિરોધ ન કર્યો. હા, પ્રજાજનો અને તેમની માતાએ વિરોધ કર્યો તો તે બોલી કે આ લગ્નમાં તેની સંમતિ છે. તેણે સ્વેચ્છાથી સ્વીકૃતિ આપી છે. ત્યારે બધા શાંત થઈ ગયા.

વિદાયની વેળાએ મહારાજનું હૃદય ભરાઈ ગયું. તેમના હૃદયમાં બેઠેલા રાજા વેરવિખેર થઈ ગયા અને પિતા અચાનક જાગી ઊઠ્યા. આંખો ભરાઈ ગઈ, તેમને પશ્ચાત્તાપ થવા લાગ્યો. રુંધાયેલા કંઠે કહ્યું, બેટી મેં કુષ્ઠીની સાથે લગ્ન કરાવીને તારું જીવન દુઃખમય બનાવી દીધું.

ચિત્રલેખાની આંખોમાંથી ભાવબિંદુ છલકાઈ રહ્યાં હતાં. ભૂતકાળના સ્પન્દનોથી ભરપૂર તે વાતાવરણને છોડવાનું દુઃખ તેને થઈ રહ્યું હતું. તેણે પોતાના મનને સંયમી બનાવીને ગંભીર અવાજમાં કહ્યું, પિતાશ્રી આમાં તમારો કોઈ દોષ નથી. તમે તો કેવળ નિમિત્ત માત્ર છો. બનનાર બનીને જ રહે છે, પછી અનિષ્ટની વાત જ ક્યાંથી હોય. તેમના શરીરથી મારે શું કામ છે ? તમે બતાવ્યું છે કે તે અપૂર્વ વિદ્વાન અને મહાન જ્ઞાની છે. મારે આવા જ પતિની જરૂરિયાત હતી.

આ ઉત્તરથી જનસમુદાય રડી પડ્યો. ચિત્રલેખાને લઈને યુવા કોષ્ઠી વિશ્વજીત બગીચામાં આવી ગયો. માલવ નરેશે વિચાર્યું કે બગીચામાં જ તે બંનેના માટે એક મહેલ બનાવી આપે. પરંતુ વિશ્વજીતને આ સ્વીકાર્ય ન હતું. તેણે કહ્યું, વિશ્વજીત કોઈની દયા પર જીવતો નથી. તે વિશ્વનો છે, વિશ્વ તેનું છે. તેને મહેલની જરૂરિયાત નથી. મહારાજની આંખો ચિત્રલેખા તરફ વળી, તો તેણે પણ પોતાના પતિની વાત પર મૌન સંમતિ આપી દીધી.

પોતાના કુષ્ઠી સાથીદારોની સહાયથી તે જ બગીચામાં ઝૂંપડી બનાવીને પતિપત્ની બંને રહેવા લાગ્યા. ચિત્રલેખાની પતિની સેવા પરાકાષ્ઠા પર પહોંચી. તે દરરોજ પ્રાતઃ ઉઠતી, ગરમ પાણીથી વિશ્વજીતના ઘાને ધોતી તેના પર દવા લગાડતી. આ કર્તવ્યને લીધે બધા ઘા મટી ગયા હતા. તેના આ અપૂર્વ ત્યાગને જોઈને વિશ્વજીતનું અંતઃકરણ પીગળી ગયું.

એક દિવસે ઊંડો નિસાસો દર્શાવીને તે કહેવા લાગ્યો, દેવી, મને માફ કરજો ! મારા સ્વાર્થને લીધે તારું જીવન નષ્ટ કરી દીધું.

દેવ, એવું ના કહેશો, એવું ના કહેશો ! આ વેળાએ હું જેટલી સુખી છું, તેટલી આગળના જીવનમાં પણ ન હતી. ઘણા પુણ્યશાળીને માનવસેવા અને પછી પતિસેવા કરવાની તક મળે છે. તમે લેશમાત્ર દુઃખી ન થશો. આમ બોલતાં બોલતાં તેનું ગળું ભરાઈ આવ્યું.

આ ક્રમ ચાર માસ સુધી ચાલતો રહ્યો. તે દિવસો દરમિયાન ઉજ્જૈનમાં ગાયત્રી વિદ્યાના મહાસિદ્ધ આચાર્ય વિદ્યારણ્ય આવેલા હતા. પંચદર્શીકાર વિદ્યારણ્ય શ્રૃંગેરી પીઠના શંકરાચાર્ય હોવાની સાથોસાથ દક્ષિણ ભારતના પ્રખ્યાત રાજ્ય વિજયનગરના રાજા હરિહરના ગુરુ પણ હતા. તેમના તપથી સમગ્ર ભારત પ્રભાવિત હતું. મહાકાળની નગરીમાં તેમના આગમનના સમાચાર સાંભળીને લોકોને એવું જણાયું કે ઉજ્જૈન નગરના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિવાસીઓ પર કૃપા વરસાવવા માટે મહાકાલેશ્વરે સ્વયં આચાર્યનો પરિવેશ પહેરી લીધો હોય.

તેમના દર્શનના કાર્યક્રમમાં ચિત્રલેખા પણ એક દિવસે ત્યાં આવી ગઈ. તેની બધી વાત સાંભળીને તેઓ કહેવા લાગ્યા, બેટી, ગાયત્રી મહામંત્ર જીવનનિર્માણનું સૂત્ર છે, ભાગ્યનિર્માણની ચાવી છે. તારા પતિના પૂર્વસંચિત પાપોનો અંત નજદીક છે. છતાં પણ પ્રાયશ્ચિત જરૂરી છે. તમે બંને સૃષ્ટિના આદિ દેવ સવિતાનું ધ્યાન કરતાં રહીને ગાયત્રી સાધના કરો. તેમણે રવિવારના વ્રતની સાથે તેમણે ચોવીસ લાખ મંત્રોના ગાયત્રી જપનું વિધાન સમજાવી દીધું અને કહ્યું કે આમ એક વર્ષની સાધના દ્વારા બધું જ બદલાઈ જશે.

પતિપત્નીએ કહ્યા પ્રમાણે સાધના કરી. એક વર્ષ પૂરું થતાંની સાથે જ વિશ્વજીત પોતાના પાંચસો સાથીઓની સાથે રોગમુક્ત થઈ ગયા. તેમના શરીર દિવ્ય તેજથી ઝગમગી ઊઠયા. ચિત્રલેખાનો આનંદ ખૂબ વધી ગયો. વિશ્વજીતે કહ્યું, એક દિવસે તેં મારો ભૂતકાળ જાણવાની ઈચ્છા કરી હતી, તેનો ઉત્તર આપવાનો સમય પાકી ગયો છે. હું સ્વર્ગીય રાજા રત્નસિંહનો પુત્ર છું અને ચંપાપુરીનો વર્તમાન શાસક છું. મારા શરીર પર જ્યારે કુષ્ઠ રોગના ચિહ્ન દેખાઈ આવ્યા ત્યારે પ્રજાની ઈચ્છા મુજબ રાજ્યસંચાલનનો ભાર મેં મારા કાકા શૂરસેનને કામચલાઉ સોંપી દીધો. શૂરસેન રાજ્યકાર્યમાં કુશળ અને બહાદુર હતા. તેમના સંરક્ષણમાં મારું રાજ્ય સુરક્ષિત રહેશે એવો મારો વિશ્વાસ હતો. હું રોગમુક્તિની શોધમાં નીકળી પડ્યો. આજે તમારા સહયોગથી તે કામ થઈ પણ ગયું.

મહારાજ વીરભદ્રને રોગમુક્તિની સૂચના મળી. તેઓ દોડતાં દોડતાં આવ્યા. અહીં આવ્યા પછી ખબર પડી કે યુવાન વિશ્વજીત ચંપાપુરીનો શાસક પણ છે. આ ખુશીની પાછળ સક્રિય ચિત્રલેખાની સાધનાથી તેઓ પરિચિત હતા.

થોડા દિવસો ઉજ્જૈનમાં રહ્યા પછી માલવ નરેશ વીરભદ્ર, વિશ્વજીત, ચિત્રલેખા અને વિશ્વજીતના સાથીદારો સાથે ચંપાપુરી આવ્યા. શૂરસેનને સૂચના મળતાં તેઓ દોડતાં આવ્યા. તેમને વિશ્વજીતની સાથે પુત્ર જેવો પ્રેમ હતો. તેને નીરોગી જોઈને તેમની ખુશીનું કોઈ ઠેકાણું ન રહ્યું. તેમની સહિત નગરજનો ચિત્રલેખાની કર્મનિષ્ઠા અને તપસાધનાની પ્રશંસા કરી રહ્યા હતા. સર્વને વિશ્વાસ થઈ ગયો હતો, ખરેખર મનુષ્ય પોતે પોતાનો ભાગ્યનિર્માતા છે. વિપરીત પરિસ્થિતિઓ નવનિર્માણમાં બાધક નથી, બલ્કે તેનાથી જીવનશક્તિ અને સંઘર્ષવૃત્તિનું જાગરણ થાય છે.

* * *

મહર્ષિ બોધાયન પોતાની શિષ્ય મંડળીને લઈને તીર્થયાત્રાના રૂપમાં ધર્મપ્રચાર માટે નીકળ્યા. રસ્તામાં એક સરોવરના કિનારા પર વડના વૃક્ષની નીચે આરામ કર્યો. સવારમાં અન્ય શિષ્યો જાગ્યા, પરંતુ ગાર્ગ્ય જેમ તેમ પડી રહ્યો. ઋષિએ ઉઠાડ્યો, તો શિષ્યે ધીમા અવાજમાં કહ્યું, "મારા પગમાં એક ભયંકર સાપ લપેટાયેલો છે, તે સૂઈ ગયો છે, થોડી વારમાં તે જાગી ઉઠશે અને ચાલી જશે, આથી મને યથાવત્ જ પડી રહેવા દો." થોડીવારમાં સાપ જાગી ગયો અને ઝાડીમાં સરકી ગયો. ગાર્ગ્ય ઉઠ્યો અને ગુરુવંદન કરવા લાગ્યો. અન્ય શિષ્યોએ તેને સાહસ કહ્યું અને પ્રશંસા કરી. બોધાયને કહ્યું, "ગાર્ગ્યનો નિર્ણય ધૈર્ય અને વિવેકયુક્ત હતો. એટલા માટે સાહસના બદલે શીલ કહેવું ઉત્તમ છે." આ શીલનો અભ્યાસ જ યોગ્ય રૂપમાં આદર્શયુક્ત જીવન જીવવા માટે જરૂરી છે. એના સિવાય શિક્ષણ અધુરું છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# છેવટે કુદરત કેમ ગુસ્સે થયેલી છે ?

છેલ્લા દસકામાં દુનિયાને કુદરતના ઘણા જ પ્રકોપો સહન કરવા પડ્યા છે. દુષ્કાળ, પૂર, ભૂકંપના પ્રસંગો છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં જે પ્રમાણમાં વધ્યા છે, તેટલા પહેલા કદી જોવા મળ્યા નથી. વાતાવરણમાં પણ આજના જેટલું કદાચ બેસુમાર પરિવર્તન થયું નથી. વાતાવરણ એટલું બધું અસમતોલ બની ગયું છે કે હવામાન ક્યારે બદલાશે તેની ખબર પડતી નથી. કોઈ વખત ઠંડીનું પ્રમાણ વધી જાય છે, તો કોઈ વખત ગરમી પણ વધી જાય છે. કોઈ વખત રણમાં પૂર આવે છે અને ફળદ્રુપ જમીન વરસાદ વિના ઉજ્જડ બની જાય છે. આમ આ પ્રકારના સંખ્યાબંધ પ્રસંગોનું બનવું આશ્ચર્યકારક અને અદ્ભુત લાગે છે. કુદરતને આટલી બધી ગુસ્સે થયેલી પહેલા કદી જોઈ ન હતી. હવામાનની વિચિત્રતા અને પ્રાકૃતિક અસમતોલન જોતાં જણાય છે કે ક્યાંય આપણે પ્રલયકાળની નજદીક તો નથીને, જેની કલ્પના કરતાં ઋષિઓ કહે છે, -

**યત્ર તત્ર ભૂસ્ખલનં ચ કદાચિત્ ભૂકંપનમ્ ।**
**ક્વચિત્ વૃષ્ટિરનાવૃષ્ટિઃ જાયતે તસ્મિન ક્ષણે ॥**
**(મત્સ્ય પુરાણ)**

તે સમયે સર્વત્ર ધરતીકંપો થતા હોય છે, ક્યાંક અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ થાય છે.

હકીકત ભલે ગમે તે હોય, કુદરતના અસમતોલનની વાતનો ઇન્કાર કરી શકાય નહીં. જે અસંખ્ય કુદરતી પ્રકોપો થઈ રહ્યા છે તેના કારણો વિચારવા જરૂરી છે. આ પરિસ્થિતિ માટે દૈવીય પ્રકોપો કે મનુષ્યની સ્વયં સર્જિત પરિસ્થિતિઓ જવાબદાર છે. અધ્યાત્મ તત્ત્વદર્શન મુજબ આ પ્રકારના કુદરતી પ્રકોપોને દૈવી આક્રોશ સમજી શકાય છે અને તેનું કારણ મનુષ્યની તે સંકુચિત સ્વાર્થપરાયણતાને માની શકાય છે, જેને કારણે દેવતા રિસાઈ જાય છે. આવા પ્રસંગો ન પેદા થાય તેના માટે મનુષ્યો અને દેવોની વચ્ચે પરસ્પર સદ્ભાવયુક્ત વ્યવહાર થવો જોઈએ. આ કાર્ય યજ્ઞ પરંપરાને પ્રખર બનાવી રાખવાથી પરિપૂર્ણ થાય છે. ગીતાનું કથન છે -

**દેવાન્યાયતન તેન તે દેવા ભાવયન્તુઃ વઃ ।**

તમે બધા યજ્ઞીય કર્મો દ્વારા દેવતાઓને પ્રસન્ન કરો. દેવતા પ્રસન્ન થઈને પોતાની કૃપા વરસાવશે.

દેવતાઓને પ્રસન્ન રાખવાનો અર્થ છે કુદરતનું સમતોલન જાળવવામાં આવે અને તેને વ્યવસ્થિત રાખવામાં આવે. કુદરત દૈવી શક્તિઓની ક્રીડાભૂમિ છે. તેની કૃપાથી વિશ્વ-વસુંધરા પુષ્પિત, પલ્લવિત અને સમુન્નત બને છે. વિવિધ દેવી શક્તિઓ જ પોતાનો પરિચય સ્થૂલ પ્રકૃતિની હલચલના રૂપમાં બતાવે છે. આનું અલંકારિક વર્ણન પૌરાણિક ઉપાખ્યાનોમાં એવું છે કે દેવતા મનુષ્યોના સત્કર્મોથી પ્રસન્ન થઈને કૃપા વરસાવે છે. તે દેવતાઓની કૃપા મેળવવા માટે તેમને પ્રસન્ન રાખવા પડે છે. પ્રસન્ન રાખવાનો અર્થ અહીં એ નથી કે તેમને પ્રસાદ-ભેટ આપવી. દેવતાઓને તેમની જરૂરિયાત પણ હોતી નથી. તે દૈવી શક્તિઓ માત્ર વિનવણી કરવાથી પ્રસન્ન થતી નથી. માનવીય મર્યાદાના નિયમોને અનુસરીને તથા આદર્શવાદી પરંપરા અપનાવીને તેમના આશીર્વાદ મેળવી શકાય છે.

વીજળી પ્રાપ્ત કરવા માટે ધન અને ઋણ તારોને વ્યવસ્થિત કરીને તારલાઈન બનાવવી પડે છે. તેનો સંબંધ પાવરહાઉસ સાથે જોડવો પડે છે. ત્યાર પછી જ વીજપ્રવાહ આગળ વધે છે અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બલ્બમાં પ્રકાશ, પંખામાં ગતિ તથા હીટરમાં ગરમી પેદા થાય છે. એને ભલે દૈવી કૃપા માનવામાં આવે કે નિયમ-મર્યાદાઓના પાલનનું પ્રતિફળ માનીએ.

પ્રકૃતિની કૃપાને પણ આ જ પ્રકારની સમજી શકાય છે. આ કૃપા ઉચ્ચસ્તરીય નિયમ-વ્યવસ્થાને આધીન રહેવાથી જ મળે છે. જેમ વીજળીના ખુલ્લા તારને સ્પર્શ કરનાર તેના પ્રકોપનો ભોગ બને છે અને દુર્ઘટનાનો ભોગ બનીને મરતો જોવા મળે છે, તે જ રીતે કુદરતની વ્યવસ્થામાં અવરોધ પેદા કરનારા તેના કોપના ભાગીદાર બને છે. ભલે તેને કુદરતનો પ્રકોપ કહીએ કે માનવીય કૃત્ય કે દૈવી આક્રોશ.

કુદરતના પ્રકોપોમાં થઈ રહેલો આ વધારો છેલ્લા થોડા જ વર્ષોમાં થયો છે. આ વધારો વિનાશક સંશોધનો અને પરમાણુ પરીક્ષણોને લીધે થતો ગયો છે. ઔદ્યોગિકરણથી જન્મેલ પ્રદુષણનું સંકટ હજુ દૂર થયું ન હતું ત્યાં પરમાણુ પરીક્ષણને લીધે વિનાશિકાઓ જન્મી ગઈ છે. આ બમણા હુમલાથી સમગ્ર કુદરતી વ્યવસ્થા છિન્નભિન્ન થઈ ગઈ છે.

ન્યૂટનનો સિદ્ધાંત છે, "આઘાત અને પ્રત્યાઘાત સરખા અને સામસામા હોય છે. આ વિપરિત પ્રક્રિયા અર્થાત્ પ્રત્યાઘાતનો વેગ અને માત્રામાં જ સમાનતા હોતી નથી, બલ્કે તેના સ્વરૂપ અને પ્રતિફળમાં પણ એકરૂપતા હોય છે."

સારા કર્મનું ફળ સારું અને ખરાબ કર્મનું ફળ ખરાબ મળે છે, એ વાત સર્વવિદિત છે. આ સિદ્ધાંત જોવા છતાં જૂનો જણાય છે, પરંતુ તેની પાછળની હકીકત સનાતન છે. આ સિદ્ધાંત સૃષ્ટિના કણેકણમાં કામ કરી રહ્યો છે. ઘઉંનું બિયારણ જમીનમાં પડવાથી અસંખ્ય નવા બીજના રૂપમાં ફળીભૂત થાય છે. સારું અને ખરાબ કાર્ય પોતપોતાને અનુરૂપ પ્રતિક્રિયાઓ ઉત્પન્ન કરે છે.

શાસ્ત્રોમાં વર્ણન આવે છે કે મનુષ્ય ગંદકી ફેલાવે છે, તેની સ્વચ્છતા માટે તથા વાતાવરણને પરિશુદ્ધ કરવા માટે યજ્ઞકાર્ય કરવું જોઈએ. યજ્ઞ દેવતા વાતાવરણને પરિશુદ્ધ કરે છે અને સમતુલિત રાખે છે. તેના પ્રભાવથી ઋતુચક્ર વ્યવસ્થિત ચાલે છે. સમતુલિત વાતાવરણ માનવીય સુખ અને સમૃદ્ધિનો આધાર બને છે. તેનાથી પૌષ્ટિક અનાજ અને વનસ્પતિઓ પેદા થાય છે અને મનુષ્યનું આરોગ્ય સ્વસ્થ બને છે. યજ્ઞના સત્પરિણામોથી સર્વ લોકો પરિચિત છે. ભૂતકાળમાં જ્યાં સુધી યજ્ઞ પ્રક્રિયા ચાલુ રહી હતી ત્યાં સુધી કુદરતનું સમતુલન જળવાઈ રહ્યું હતું. તે વેળા ભારતમાં દૂધ-ઘીની નદીઓ વહેતી હતી. ભારતે વિશ્વ માનવીને ભૌતિક અને આધ્યાત્મિક કૃપાથી તૃપ્ત કર્યા હતો. સમય જતાં આ પ્રક્રિયા બંધ થઈ ગઈ. મનુષ્યના ભ્રષ્ટ ચિંતન અને દુષ્ટ કાર્યોથી વાતાવરણ પ્રદુષિત થતું ગયું અને વાયુમંડળમાં ઝેરનું પ્રમાણ વધતું ગયું.

કુદરતને અસમતુલિત બનાવવામાં નિઃસંદેહ મનુષ્ય પોતે જ જવાબદાર છે. આપણે ભલે દોષારોપણ દેવી-દેવતાઓ પર કરીએ, પરંતુ એમ કરવાથી કશું બનતું કે બગડતું નથી, પરિણામો તો મનુષ્યે જ ભોગવવા જ પડશે. આ કુદરતી પ્રકોપોને લીધે પુષ્કળ સંપત્તિ નાશ પામી છે અને માનવીઓનો સંહાર પણ ખૂબ જ થયો છે. સમગ્ર પ્રાણી સમુદાયને તેનો શ્રાપ સહન કરવો પડયો છે. આ નુકસાનનો હિસાબકિતાબ તૈયાર કરીએ તો જણાય છે કે કુદરત એક હાથથી આપીને બીજા હાથ વડે પાછુ લેવા તત્પર થઈને બેઠી છે.

ધરતીકંપ, જ્વાળામુખી, પૂર જેવા કુદરતી પ્રકોપોના કારણો વિશે વિચાર કરવામાં આવે તો આ સંદર્ભમાં આંખો ખૂલી જાય તેવી હકીકતો સામે તરી આવે છે. ધરતીકંપની બાબતમાં 'ઇલેસ્ટિક રિવાઈન્ડ સિદ્ધાંત' સર્વવિદિત છે. એ સિદ્ધાંત મુજબ અનેક સ્થાનો પર પૃથ્વી ધ્રુજે છે અને ફાટ પડે છે. મોટી મોટી ઈમારતો પળભરમાં ધરાશાયી થાય છે. વૈજ્ઞાનિક માન્યતા મુજબ પૃથ્વી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એક ધગધગતો ઓગળી રહેલો ગોળો છે, જેનું ઉપરનું પડ માટીના એક હળવા અને ઠંડા પડથી ઢંકાયેલું છે. આ ઉપરનું પડ કેટલીક જગ્યાએ કમજોર છે. પૃથ્વીનું ઉપલું પડ અસમાન છે, ક્યાંક જમીન સમતલ છે તો ક્યાંક ઊંચીનીચી છે. આને લીધે પૃથ્વીની અંદર રહેલી શિલાઓ કોઈકોઈ જગ્યાએ તંગ રહે છે. જ્યારે તણાવ કોઈપણ રીતે વધી જાય છે અથવા કોઈ બહારના દબાણનો આંચકો લાગે છે ત્યારે તે તૂટી જાય છે. આ પ્રક્રિયા ભૂકંપનું કારણ બને છે. પૃથ્વીનું ઉપલું પડ જ્યાં જ્યાં કમજોર હોય છે ત્યાં ધરતીકંપનો આંચકો જણાય છે.

પરમાણુ વિસ્ફોટના સમયે જે તે સ્થાનની પૃથ્વીમાં ધ્રુજારી થાય છે. આ ધ્રુજારી નબળી અને તંગ શિલાઓમાં ધક્કો મારીને તોડી દે છે. જે સ્થાન પર પરમાણુ પરીક્ષણ થાય છે ત્યાંની જ શિલાઓ તૂટે એ જરૂરી નથી, બલ્કે દૂરના સ્થાનોની નબળી શિલાઓને પણ તોડી શકે છે. ધરતીકંપની ધ્રુજારી આ સ્થાનો પર અનુભવી શકાય છે.

ધરતીકંપથી થયેલી ધ્રુજારીના તરંગો પૃથ્વીના એક સ્થાન પરથી બીજા સ્થાન પર જવાથી અનેક સ્થાનો પર ધરતીકંપનો આંચકો અનુભવવામાં આવે છે. આ તરંગો બે પ્રકારના હોય છે. એક પ્રકારના તરંગો પૃથ્વીના ઉપરના પડ પરથી વહી જાય છે, જેને પૃષ્ઠીય તરંગો કહે છે. બીજા પ્રકારના તરંગો પૃથ્વીની અંદર જઈને બે ભાગમાં વહેંચાઈ જાય છે. એકને 'એસ' તથા બીજાને 'પી' તરંગો કહે છે. વિવિધ ગતિથી ચાલતા આ તરંગો પૃથ્વીના વધુ ઘન કેન્દ્રીય ભાગ સાથે અથડાઈને પાછા વળે છે. જ્યાં આ બંને તરંગો એકબીજાને પ્રબળ બનાવે છે ત્યાં ધરતીકંપનો આંચકો તીવ્ર અનુભવાય છે. વૈજ્ઞાનિકોનો મત છે કે થોડા સમય પહેલા ઉત્તર કાશીની પાસે જમીન ખસવાથી અને ધરતીકંપ થવાને કારણે હિમાલયની વિશાળ શિલાઓ તૂટીને ગબડી ગઈ હતી. આ પ્રક્રિયાની પાછળ ઉપર્યુક્ત કારણ જવાબદાર હતું.

પરમાણુ પરીક્ષણોથી ઉત્પન્ન થતા ભૂગર્ભીય તરંગોથી ધરતીકંપની સંખ્યામાં વધારો થયો છે. પડઘાની પ્રક્રિયા દ્વારા આ તરંગો પૃથ્વીની મજબૂત શિલાઓને પણ તોડવામાં સમર્થ હોય છે. એમની ગતિ જો પૃથ્વીમાં શિલાઓની કુદરતી કંપનો જેટલી હોય છે, તો શિલાઓની તૂટવાની સંભાવના પણ વધી જાય છે. રિઝોનેન્સની શક્તિથી હર કોઈ પરિચિત છે. પુલ પર પસાર થતા સૈનિકોની એક ગતિની માર્ચપાસ્ટથી પુલ તુટી જવાની શક્યતા રહે છે. આ રીતે સ્પષ્ટ છે કે એક સ્થાન પરના પરમાણુ પરીક્ષણોથી અન્ય સ્થાન પર ક્યારેય ઘણા સમય પછી પણ ધરતીકંપ આવી શકે છે.

વૈજ્ઞાનિકો સમુદ્રીય તોફાનો થવાનું કારણ આ પ્રકારના પરીક્ષણોને ગણાવે છે. આ તોફાનોમાં સમુદ્રની સામાન્ય લહેરોના બદલે ક્યારેક તો સો-દોઢસો ફૂટની ઊંચાઈવાળી લહેરો જોવા મળે છે. એનો વેગ દર કલાકે બસો માઈલનો જોવા મળે છે. અગાઉના ભયંકર સમુદ્રી તોફાનોમાં તે લહેરોની વિનાશકારી શક્તિ જોવા મળી હતી. સમુદ્રીય તોફાની લહેરોના સંબંધ જ્વાળામુખીની લહેરો સાથે જોડી શકાય છે, પરંતુ વૈજ્ઞાનિકોનો મત છે કે તે તોફાની લહેરોનું કારણ પૃથ્વીની સપાટી અથવા સમુદ્રની અંદર આવતા ભૂકંપો પણ હોય છે.

છેલ્લા થોડાક વર્ષોથી પૂરના પ્રસંગોમાં અસામાન્ય વધારો થયો છે. તાજેતરમાં છેલ્લા વર્ષના પૂરને લીધે કરોડો માનવીઓ ઘર વગરના થઈ ગયા અને અસંખ્ય લોકો મરી ગયા. ભારત સિવાયના અન્ય દેશોને પણ ભયંકર પૂરનો સામનો કરવો પડ્યો છે. પૂરના કારણોની તપાસ કરતાં જે હકીકતો સામે આવી છે તેમાં સ્વયં મનુષ્યની ક્રિયાની પ્રતિક્રિયાઓ વિનાશિકા રૂપે ઊભી થાય છે. સામાન્ય રીતે સૂર્યની ગરમીથી સમુદ્રનું પાણી વરાળ બનીને વાદળ બને છે. તે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વાદળો ઠંડા પડવાથી વરસાદ રૂપે પૃથ્વી પર વરસે છે. વરસાદની આ પ્રક્રિયા સંતુલિત રૂપથી ચાલતી રહે છે, પરંતુ જ્યારે વાયુમંડળમાં સમાયેલ ઓક્સિજન, નાઈટ્રોજન તથા કાર્બનડાયોક્સાઈડમાં વધઘટ થાય છે ત્યારે અસમતોલનની સ્થિતિ જન્મ છે. પરમાણુ પરીક્ષણને લીધે આ પ્રક્રિયા જન્મે છે. વિસ્ફોટનથી પેદા થયેલ રેડિયોધર્મી પદાર્થ વાયુમંડળમાં ઉપર જઈને ઓક્સિજન, નાઈટ્રોજન અને કાર્બનડાયોક્સાઈડને ઉત્તેજિત કરે છે. આયનની સ્થિતિમાં આવવાથી પાણીના ટીપાં વધુ એકત્ર થવા લાગે છે. પાણીના ટીપાંઓ વધુ એકત્ર થવાથી વર્ષાનું કારણ જન્મે છે.

પરમાણુ પરીક્ષણોને લીધે પેદા થતી વધુ ગરમીને લીધે પહાડો પરનો બરફ પીગળે છે અને તેને લીધે નદીઓમાં પૂર આવે છે. આની સાથે વધુમાં વરસાદ પણ પૂરનું સંકટ સર્જે છે.

કુદરતનું સમતોલન બગડી રહ્યું છે. આને પરિણામે પ્રાકૃતિક સંકટો વધી રહ્યાં છે. આ સંકટો નિઃસંદેહ માનવસર્જિત છે. વાતાવરણના આ પ્રદુષણને શુદ્ધ કરવાની વ્યવસ્થા કરવી જોઈએ. નવા પરમાણુ પરીક્ષણો પર પ્રતિબંધ મૂકવો જોઈએ. ભેદભાવયુક્ત પરમાણુ પરીક્ષણ સંધિ (સીટીબીટી)ને કોઈ એક દેશની તાનાશાહી હેઠળ ન સ્વીકારતાં, જનમત કેળવીને વ્યાપક સમર્થન મેળવવું જોઈએ. એક બાજુ પરમાણુ પરીક્ષણ નિરંતર ચાલુ રહે છે, તો બીજી બાજુ સંધિ પ્રસ્તાવ પર મગરનાં આંસુ વહેવડાવવામાં આવે છે. સ્વાર્થમય નીતિ પર ચાલીને વિશ્વશાંતિનો પ્રયાસ કરી શકાય નહીં. વિશ્વના બધા દેશોમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા વિશાળકાય ઉદ્યોગોની સ્થાપનાની હરીફાઈ ચાલી રહેલ છે. મોટા ઉદ્યોગોથી ઉત્પાદન તો વધશે, પરંતુ તેનાથી પેદા થનાર હાનિકારક ઝેરી વાતાવરણ વિશે કોઈ હિસાબકિતાબ કરે તો ઉત્પાદનના બદલે તે વધુ મોંઘુ સાબિત થાય એમ છે. પ્રદુષણને વધતું અટકાવવું હોય તો મોટા ઉદ્યોગોના બદલે કુટીર ઉદ્યોગ સ્થાપવા જરૂરી છે. તેનાથી ઉત્પાદનમાં ખોટ આવી શકે છે, પરંતુ દૂરગામી પરિણામોની દૃષ્ટિથી જોવામાં આવે તો મોટા ઉદ્યોગોથી પેદા થનાર પ્રદુષણ જેટલું નુકસાન પહોંચાડે છે, તેની તુલનામાં આ નુકસાન નહિવત્ હશે. વસ્તુઓનું ઉત્પાદન ઓછું હોય તો પણ ગુજરાન ચાલી શકે છે. જરૂરિયાતોમાં કાપકૂપ કરીને કામ ચલાવી શકાય છે, પરંતુ ઉદ્યોગોના પ્રદુષણની પ્રતિક્રિયા સ્વરૂપ થનારા કુદરતી પ્રકોપોને સહન કરવા અસહ્ય છે.

વાતાવરણના પ્રદુષણને પરિશુદ્ધ કરવાના સનાતન ઉપચારમાં યજ્ઞીય પરંપરા સફળ સાબિત થઈ શકે છે. યજ્ઞીય તત્ત્વજ્ઞાનને લોકસમૂહના ચિંતનમાં ઉતારી શકાય તો સત્પ્રવૃત્તિઓના વિકાસમાં અસાધારણ યોગદાન મળશે. ચિંતનની ભ્રષ્ટતા અને કાર્યોની કનિષ્ઠતામાં શુદ્ધિકરણ આ રીતે સંભવ છે. જે રીતે પરમાણુ પરીક્ષણથી વાતાવરણ દુષિત થાય છે, તે જ રીતે ભ્રષ્ટ ચિંતન અને કનિષ્ઠ કાર્યોથી વાતાવરણ બગડે છે એ વાતનો કોઈ વિચારશીલ ઇન્કાર કરી શકે નહીં.

યજ્ઞ દેવતાની પુનઃપ્રતિષ્ઠા આ યુગની માગ છે. યજ્ઞીય પ્રવૃત્તિઓ દ્વારા જ સત્પ્રવૃત્તિઓમાં વધારો થવો સંભવ છે. વાતાવરણનું સમતોલન, શુદ્ધિકરણ અને પ્રાકૃતિક પ્રકોપોને અટકાવવા માટે યજ્ઞાનુષ્ઠાનનો વ્યાપક સ્તર પર પ્રસાર કરવો પડશે.

**અજ્ઞાતવાસમાં દ્રૌપદીને મળવા માટે કૃષ્ણપત્ની સત્યભામા ગઈ. તેમણે જોયું કે સંકટયુક્ત અને અભાવયુક્ત સ્થિતિમાં પણ દ્રૌપદી ઘણી પ્રસન્ન અને સ્વસ્થ હતી. સત્યભામાએ એને આશ્ચર્યપૂર્વક જોઈ અને પૂછ્યું, "અમે મહેલોમાં રહેતાં હોવાં છતાં પણ સુખી નથી. તમે વનવાસમાં પણ પ્રસન્ન છો. સુખની ચાવી જે તમને મળી છે, તે અમને પણ બતાવી દો." દ્રૌપદીએ હાસ્યપૂર્વક કહ્યું, "દુઃખેન સાધ્વી લભતે સુખાની" જે બીજા માટે દુઃખ વેઠવા માટે તૈયાર રહે છે, તેને હંમેશાં સુખ જ સુખ મળે છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# રાષ્ટ્રરક્ષાને સમર્પિત 'મેજર મેઘસિંહ'

"મેજર મેઘસિંહ હું તમને એક ખૂબ જ ખતરનાક મોરચા ઉપર મોકલવા ઇચ્છું છું, બોલો છો તૈયાર." કમાંડિંગ ઑફિસરે પોતાના એક મેજરને પૂછ્યું.

"આમાં પૂછવાની ક્યાં વાત છે સર ! તમે તો આદેશ આપો. મને દેશની રક્ષા માટે ખતરનાક જગ્યા પર મોકલવા યોગ્ય સમજ્યો એ તો મારું સૌભાગ્ય છે."

"તો સાંભળો, કોટલાબંદીથી ગોપાલપુર જતી સડક ઉપર એક પુલ છે. જો તેને ઉડાવી દેવામાં આવે તો દુશ્મન ઘણો કમજોર અને અસહાય બની જશે, પરંતુ ત્યાં પાકિસ્તાની લશ્કરનો સખત પહેરો છે. તેમનું હવાઈમથક પણ પાસે જ છે. આ કામ ઘણી હોંશિયારી અને સાવધાનીનું છે. તમે મને આ કામ માટે યોગ્ય લાગ્યા છો."

"ઠીક છે, સર ! જો ઈશ્વરે ઇચ્છયું તો આજે રાત્રે જ આપ સાંભળશો કે પુલ ઊડી ગયો છે."

"તે માટે તમારે કેટલા સૈનિકો જોઈશે."

"ફક્ત ચાર સૈનિક !"

"ઠીક છે. તૈયારી કરો, હું ઓર્ડર આપું છું."

આ ઘટના સપ્ટેમ્બર ૧૯૬૫ની છે. તે દિવસોમાં પાકિસ્તાની લશ્કર ઉડીપૂંછ ક્ષેત્રમાં છવાયેલ હતું. તેમને હઠાવવાનું ખૂબ જ જરૂરી હતું. આ કાર્ય માટે પહેલું પગલું હતું તે પુલને ઉડાવવાનું, જે શત્રુ માટે સહાયતાનો માર્ગ બન્યો હતો.

મેજર મેઘસિંહ સાંજના સમયે ચાર સૈનિકોની સાથે તેમની ચોકી ઉપરથી રવાના થયા. રસ્તામાં પાકિસ્તાનના સૈન્યની સાત ચોકીઓ આવતી હતી. આ ચોકીઓ ઉપર દુશ્મનના સૈનિકો આધુનિક હથિયારો તાકીને બેઠા હતા. એ ઘણી સૂઝ-બૂઝ તથા જોખમભર્યું કામ હતું, ત્યારે જ તો કમાંડિંગ ઑફિસરે તેમના જેવા અનુભવી વ્યક્તિને આ કામ માટે પસંદ કર્યા હતા. સહેજ પણ ચૂક્યા તો ગયા સમજો.

કેટલાય માઈલ ચાલ્યા પછી અને દુશ્મનની આંખમાં ધૂળ નાંખ્યા પછી પુલ પાસે પહોંચ્યા. ઘણી જ ચતુરતાપૂર્વક તેની ઉપર નજર રાખી રહેલા સૈનિકોને કાનોકાન ખબર ન પડવા દઈને તેઓએ સુરંગોની મદદથી ગોળા બિછાવી દીધા. અડધી રાત પછી થોડીક જ વારમાં પલિતો ચાંપી દીધો. ભયંકર વિસ્ફોટ સાથે પુલ તૂટી ગયો. પાકિસ્તાની સેનાને જ્યારે આ વિસ્ફોટની ખબર પડી ત્યાં સુધીમાં તો તેઓ તેમની પકડમાંથી ભાગી છૂટ્યા હતા.

૧૯૬૫ના ભારત-પાકિસ્તાનના યુદ્ધમાં આપણા વીર સૈનિકોએ જે બહાદુરી અને દેશભક્તિનો પરિચય આપ્યો તે આપણા માટે ગૌરવની વાત છે. કેવી રીતે તે લોકોએ જીવ જોખમમાં નાંખીને પોતાનાથી દસ ગણા વિદેશી સૈનિકો સાથે લડ્યા અને તેઓને હરાવ્યા, તેમની આ શૌર્ય કથાઓ આપણે ભારતવાસીઓ માટે જ્યાં ગૌરવની વાત છે ત્યાં આપણને આપણી રાષ્ટ્રીય જવાબદારી તરફ જાગૃત પણ કરે છે. રાષ્ટ્રના જાહેર થયેલા દુશ્મનો સાથે તો આપણી સેના પણ લડી શકે છે, પણ પરોક્ષ રૂપે જે દેશને નુકસાન પહોંચાડી રહ્યા છે તેમની સામે તો આપણે જ ટક્કર લેવી પડશે.

મેજર મેઘસિંહે ઉડીપૂંછ ક્ષેત્રમાંથી પાકિસ્તાની સેનાને ખલાસ કરવામાં જે વીરતા અને તાકાતનો પરિચય આપ્યો છે, તેની વાર્તા રૂંવાડા ઊભાં કરી દે તેવી છે. છઠ્ઠી સપ્ટેમ્બરે તેમને નેજાપીર ચોકી ઉપર અધિકાર કરવાનો આદેશ મળ્યો. તેઓ તેમના સાઠ સૈનિકોને લઈને વહેલી સવારે ચાલી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નીકળ્યા. પાંચ વાગતાં વાગતાં તેઓ નેજાપીર ચોકી ઉપર પહોંચી ગયા. ત્યાં તેમનાથી ત્રણ ગણા સૈનિકો હતા. તેમની રાઈફલો તેમજ મશીનગનો ગરજી ઊઠી, પરંતુ ભારતીય સૈનિકો સાથે તેમનો શો મુકાબલો અને એમાંય પાછા મેઘસિંહ જેવા મેજરના નેતૃત્વમાં લડવાનું હોય તો પછી કહેવાનું જ શું ? તેઓ ભૂખ્યા વાઘની માફક દુશ્મનો ઉપર તૂટી પડ્યા. થોડીક જ મિનિટોમાં ચોકી ઉપર ત્રિરંગો ઝંડો ફરકાવી દીધો. વાયરલેસ ઉપર સૂચના મોકલાવી. "નેજાપીરની ચોકી આપણા કબજામાં છે. દુશ્મનના બે સેનિકો મર્યા છે અને પંદર ઘાયલ થયા છે, બે બંદી બનાવ્યા છે અને બાકીના ભાગી ગયા છે. આજ્ઞા હોય તો અહીંથી બે માઈલ દૂરની ચોકી અરીઢોક ઉપર પણ ત્રિરંગો ફરકાવીએ."

આજ્ઞા મળી ગઈ. અરીઢોક ઉપર તો પાકિસ્તાની સૈનિકો મુકાબલો કરી શક્યા જ નહીં. ત્રણસો ફૂટ દૂરથી કરવામાં આવેલા રોકેટ હુમલાની ભયંકરતા જોઈને તેઓ ભાગી ગયા. ભારતીય સૈનિકોને ચોકી ખાલી મળી.

ત્રીજે દિવસે નવમી સપ્ટેમ્બરે મેજર મેઘસિંહને હાજીપીર વિસ્તાર પાસે બનેલી દુશ્મનની ચોકીને ઉડાવી દેવાનું કામ સોંપવામાં આવ્યું, જે તે જ દિવસે પૂર્ણ થઈ ગયું. ત્યાં પણ તેમણે પોતાની સાથે ગણ્યા-ગાંઠ્યા સૈનિકો જ રાખ્યા હતા. ત્યારબાદ તેમણે તેમના કમાંડિંગ ઑફિસરને વાયરલેસ દ્વારા સંદેશો મોકલાવ્યો - "જો તમે અમને અઢી કલાકનો સમય આપો તો અમે ઉડીને પૂંછ સાથે ભેળવી દઈએ."

"પરંતુ...." ત્યાંથી અવાજ આવ્યો.

"તમે તેની ચિંતા ન કરશો, સર ! દુશ્મનોની સંખ્યા વધારે છે, પણ અમારો ઉત્સાહ બુલંદ છે." હમણાં જ તેઓ ઘેટાંની માફક ભાગી જશે. બસ તમારો આદેશ મળવાની જ વાર છે."

"ઠીક છે, તમને મંજૂરી આપવામાં આવે છે."

"મેજર મેઘસિંહ અને તેમના થોડા બહાદુર સૈનિકોએ કછૂતા નાળાને હજુ પાર જ કરી લીધું હતું કે એટલામાં દુશ્મનો તરફથી ગોળીબાર શરૂ થઈ ગયો. સાડા ચાર કલાક સુધી લડાઈ ચાલતી રહી. પોતાને અને પોતાના સૈનિકોને બચાવી લઈને મેજર મેઘસિંહે દુશ્મનના ૧૫૦ સૈનિકોને ઢાળી દઈને ચોકી કબજે કરી લીધી. આ તેમની વીરતા અને યુદ્ધ કુશળતાનું અનોખું ઉદાહરણ છે.

પોતાના થોડાક સૈનિકોને કછૂતા નાળાના પુલના રક્ષણ માટે છોડીને હાજીપીર અને ઉડીને ભેળવી દેવા ચાલી નીકળ્યા. અડધા કલાકના ગોળીબારમાં જ તેમણે દુશ્મનોને મેદાન છોડી ભાગી જવા મજબૂર કર્યા. હાજીપીર અને ઉડીને મિલાવવાનું આ મહત્ત્વપૂર્ણ કામ મેજર મેઘસિંહે જે વીરતાથી કર્યું, તેની ચર્ચા સાંભળીને આજે પણ આપણા જવાનોની ભૂજાઓ ફરકવા લાગે છે.

ઉડી, પૂંછ અને હાજીપીરને મિલાવવાની આ અદ્‌ભુત સફળતાએ કમાંડિંગ ઑફિસરને ખૂબ જ પ્રભાવિત કર્યા. તેમણે તેમને તેમની ટુકડી સાથે છમ્બ ક્ષેત્રમાં મોકલી દીધા.

૧૯ સપ્ટેમ્બરે તેમને દુશ્મનોની એક ચોકીને નષ્ટ કરવા મોકલવામાં આવ્યા. આ મહત્ત્વપૂર્ણ કાર્ય માટે તેઓ તેમની સાથે પાંત્રીસ જવાનો લઈ ગયા. રાત્રિના અંધકારમાં તેમની રહસ્યપૂર્ણ કકડતી વાણી ગૂંજી ઉઠી, તેમણે એમ કહ્યું હતું કે બે કંપનીઓ તેમની સાથે છે. પાકિસ્તાની સૈનિકો સમજ્યા કે બે પૂરી કંપનીઓ તેમની ઉપર આક્રમણ કરી બેઠી છે. આથી તેઓ પહેલેથી જ ભયભીત થઈ ગયા અને જ્યારે છત્રીસ રાયફલ એક સાથે ગરજી તો તેમની શંકા વધારે પાકી થઈ ગઈ. હવે કોની તાકાત હતી કે તે ચોકી ઉપર રહે ? બધા ભાગી ગયા. ભાગ્યા એ ભાગ્યા, તેઓ તેમના શસ્ત્રાગારને પણ નષ્ટ કરી શક્યા નહીં. કેટલાય સૈનિકો પકડાયા. એક સૈનિકે શસ્ત્રાગારની બાતમી પણ આપી દીધી.

છમ્બ પછી તેમને અખનૂર મોકલવામાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવ્યા. ત્યાં તેમને દુશ્મનના એક મોટા શસ્ત્રાગાર ઉપર કબજો મેળવવાનું કામ સોંપવામાં આવ્યું. કબજો મેળવી ન શકાય તો તેને નષ્ટ તો કરવાનો જ હતો. તે માટે તેઓ તેમની સાથે પચાસ સૈનિકો લઈ ગયા હતા, જ્યારે પાકિસ્તાની સૈનિકોની સંખ્યા તેમના જવાનો કરતાં છ ગણી હતી. તેઓ ત્રણસોની સંખ્યામાં હતા. ભારતીય સૈનિકોએ તેમની તોપોનો સામનો ગ્રેનેડ તથા રાયફલોથી કરવો પડ્યો.

મેઘસિંહ સાચા સેનાનાયક હતા. તેઓ હંમેશાં આગળ જ રહેતા. તેઓ જોખમનો પહેલાં સામનો કરતા, પછી ક્યારેક તેમના સૈનિકો સુધી તેમને આવવા દેતા. તે કારણે તેમના સૈનિકો તેમને ખૂબ જ ચાહતા હતા. અખનૂરના આ સંઘર્ષમાં પણ તેઓ સૌથી આગળ હતા. એકાએક એક ગોળી તેમના ડાબા ખભાને વીંધી ગઈ. તેઓ સંભાળે તે પહેલાં બીજી ગોળી આવી અને જાંઘમાં વાગી. તેઓ પડી ગયા. પણ પડેલા હોવા છતાંય તેઓ આદેશ આપી રહ્યા હતા - "આગળ વધો."

પોતાના નાયકને આમ પડેલા જોઈને સૈનિકોની આંખમાં ગુસ્સો ઊતરી આવ્યો. તેઓ તેમના પ્રિય સેનાપતિને ઘાયલ કરવાનો બદલો લેવા માટે બેવડા જોરથી લડવા લાગ્યા. પાકિસ્તાની સૈનિકોએ સામે આવતા મોતના આ પૂરને જોયું અને જે કાચાપોચા હતા તેઓ ભાગી ગયા. જે ન ભાગ્યા તેઓ તે વીર પુરુષોની ગોળીઓના ભોગ બનવા લાગ્યા. હવે બીજાઓને ટકવાનું મુશ્કેલ હતું. તેઓ પણ ગભરાઈ ગયા.

મેજર મેઘસિંહને ઘવાયેલી અવસ્થામાં ઉપચાર માટે સૈનિક હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા. તેમની આ વીરતાને ધ્યાનમાં લઈ તેમને તે હૉસ્પિટલમાં જ વીરચક્રથી સન્માનવામાં આવ્યા.

**(યુ.નિ.યો., ડિસેમ્બર, ૧૯૭૬માંથી સંપાદિત)**

આજકાલ ભારતમાં હિંદુ ધર્મ મંચ દ્વારા યુગ નિર્માણ પરિવારમાં આ માનવ જાતિનું ભાગ્ય નિર્માણ કરનારું અભિયાન ધ્યાન પર આવે છે. પરંતુ હવે પછીના દિવસોમાં તેની વર્તમાન સીમાઓ ખૂબ જ વિસ્તરીને અસીમ બની જશે. તે વખતે કોઈ એક સંસ્થા કે સંગઠનનું નિયંત્રણ-નિર્દેશ ચાલશે નહીં, બલ્કે કરોડો ઘટકોમાંથી વિવિધ સ્તરના એવા પ્રકાશપુંજ પ્રગટ થતા જણાશે કે જેમની અખૂટ શક્તિ દ્વારા સંપન્ન થનારા કાર્યો અનુપમ અને અદ્ભુત કહી સમજી શકાશે. મહાકાળ જ એ મહાન પરિવર્તનના સૂત્રધાર છે અને તે જ સમય પ્રમાણે પોતાની આજની મંગળમય ધબકારને ક્રમશઃ તીવ્રથી તીવ્રતર, તીવ્રતમ કરતા જશે. તાંડવ નૃત્યથી ઉત્પન્ન ગગનચુંબી જાજ્વલ્યમાન, અગ્રીમ લપટો દ્વારા પ્રાચીનને નૂતનમાં પરિવર્તિત કરનારી ભૂમિકા કેવી રીતે અને કેવા રૂપમાં આગળના દિવસોમાં સંપન્ન થનાર છે તે વિશે આજે વિચારી શકવું અને કલ્પનાના ક્ષેત્રમાં લાવી શકવું સામાન્ય બુદ્ધિના માટે લગભગ અસંભવ જ છે. છતાંય જે બનનાર છે તે બનીને જ રહેશ. યુગ બદલાશે જ. આજનો ઘોર અંધકાર આવતી કાલના પ્રભાતવેળાના અરૂણોદયમાં પરિવર્તિત થઈને જ રહેશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# વિષમ પરિસ્થિતિમાં નવયુગની તૈયારી

(પ. પૂ. ગુરુદેવ દ્વારા ઑગષ્ટ ૧૯૮૮માં આપેલો વીડિયો સંદેશ)

ગાયત્રી મંત્ર અમારી સાથોસાથ બોલો -

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

દેવીઓ અને ભાઈઓ ! ગજગ્રાહની કથા તો તમે સાંભળી હશે. હાથી મગરના મોંમાં ફસાઈને જ્યારે લાચાર અને બેહાલ થઈ ગયો અને કોઈ રસ્તો જડ્યો નહીં ત્યારે તેણે ભગવાનને પોકાર્યા, કારણ કે તે વેળા ભગવાન સિવાય તેને કોઈ બચાવનાર ન હતું. ભગવાનને કેવી રીતે પોકાર કર્યો ? ભગવાનને પોકાર કરવાના અનેક ઉપાયો છે. ક્યાંય કીર્તન કરવામાં આવે છે, ક્યાંય યજ્ઞ થાય છે, ક્યાંય અનુષ્ઠાન કરવામાં આવે છે, ક્યાંય જપ કરવામાં આવે છે, પરંતુ બિચારો હાથી આ બધું કરી શકતો ન હતો. તેણે પાણીમાંથી એક ફૂલ સૂંઢમાં ઊંચું કરીને ભગવાનને મોટેથી પોકાર કર્યો. ભગવાન તેની ભાવના સમજ્યા, હૃદયને સમજ્યા, તેની મુસીબત, દુઃખ અને અંતરાત્માને સમજ્યા અને દોડીને આવ્યા તથા પોતાના સુદર્શન ચક્રથી મગરને મારી નાખીને હાથીને છોડાવ્યો. તમને આ કથાની ખબર છે ને ?

બરાબર આ જ કથા, મનુષ્ય જાતિની સામે આ સમયે ઊભી થઈ છે. મનુષ્ય જાતિને તમે હાથીની જેમ માની શકો છો, જે ખરેખર અનેક મુસીબતોમાં ફસાયેલ છે. અમે આ પહેલા અનેક મુસીબતો બતાવી હતી, આજે ફરીથી બતાવી રહ્યા છીએ. વાયુમંડળ અને વાતાવરણ બગડી રહ્યું છે, વસતી આડેધડે વધી રહી છે. વિકિરણ વધી રહ્યું છે, યુદ્ધના સાધનો વધી રહ્યાં છે, જેને લીધે દરેક મનુષ્યની મુશ્કેલીઓ વધતી રહી છે. આ બધી વાતો તો પહેલાં પણ તમને બતાવી હતી, પરંતુ આ વર્ષે જે લોકો અમારી સામે બેઠા છે એમની મુસીબતો પ્રત્યે તમારું ધ્યાન જવું જોઈએ અને તેનો અનુભવ પણ થવો જોઈએ. તમને ખબર છે કે આ વર્ષે કેટલી બધી મોંઘવારી છે. બજારમાં ટામેટા વીસ રૂપિયે કિલો મળે છે. મોંઘવારીના કારણે સો લોકોમાંથી નવ્વાણું મનુષ્યોનું કચુંબર થઈ રહ્યું છે. આ એક મુસીબત આ સમયની છે.

આ સમયની બીજી મુસીબત કઈ છે ? કુદરત આપણાથી નારાજ થઈ ગઈ છે અને તેનો પ્રભાવ વરસાદ પર પડયો છે. સમયસર વરસાદ ન આવવાથી કઈ કઈ મુસીબતો પડી રહી છે તેની તમને ખબર છે ને ? ખેતી સૂકાઈ રહી છે, કૂવાનું પાણી નીચું ઉતરી રહ્યું છે, ડેમ અને નદીઓનું પાણી પહેલા કરતાં ઓછું થઈ રહ્યું છે. પાણીની તંગીને કારણે વીજળી ઓછી પેદા થવાની મુસીબત આવી રહી છે. વીજળીની તંગીને લીધે લાઈટ, પંખા, કારખાનાઓ વિશેની અનેક સમસ્યાઓ પેદા થઈ રહી છે અને ગામડામા તો વીજળી વિના ટ્યૂબવેલ ચાલી શકતા નથી. સિંચાઈનો બીજો કોઈ ઉપાય નથી, કારણ કે નહેરો અને તળાવો સૂકાઈ જવાથી પાણીની કોઈ સગવડ થતી નથી. આપણે ત્યાં પાણીથી જ વીજળી પેદા થાય છે. પાણીની તંગી હોય તો વીજળી પેદા કરવાની વાત તો જુદી જ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહે, પીવાનું, નહાવાનું અને ટ્યૂબવેલોમાંથી ખેતી માટે નીકળતું પાણી ક્યાંથી દૈનિક જરૂરિયાતો મળી શકશે. પાણીની એક મોટી મુસીબત છે.

મોંઘવારી એક, પાણી બે અને એના ઉપરાંત એક ત્રીજા નંબરની મુસીબત છે, જે તમારી સામે છે. તે કઈ છે ? તે એ છે કે જૂના જમાનામાં જ્યારે દુષ્કાળ પડતો હતો અને ખાવાપીવાની વસ્તુઓની તંગી પડતી હતી, ત્યારે લોકો ભીખ માગતા હતા કે કંઈ કામ કરતા હતા, પરંતુ આજે તો તમે જાણો જ છો કે ચોરી, ધાડ, લૂંટફાટ સિવાય કોઈ બીજો રસ્તો રહ્યો નથી. સૌથી સસ્તો એક જ રસ્તો છે કે હત્યા, ચોરી અને લૂંટફાટ કરવામાં આવે. આ વર્ષે અનિચ્છનીય તત્ત્વોની વૃદ્ધિ થવાની, આક્રમણો વધવાની અને જાતજાતની મુસીબતો વધવાની વિશેષ શક્યતા છે. આ મુસીબત ત્રીજા પ્રકારની છે.

શું સાંપ્રદાયિક્તાનું જોર ઘટ્યું છે ? ના, એ બિલકુલ ઘટ્યું નથી. એક જગ્યાએ વિવાદ ઘટતો નથી ત્યાં તો બીજે અન્ય તૈયારીઓ શરૂ થઈ જાય છે. આ સાંપ્રદાયિક ઉપદ્રવ કૃષ્ણ જન્મભૂમિથી લઈને બાબરી મસ્જિદ સુધી દરેક જગ્યા પર આગ સળગાવીને ધુમાડો કાઢી રહેલ છે. આ આગ વિકરાળ રૂપ ધારણ કરી લે તો કોઈ આશ્ચર્યની વાત માનવી જોઈએ નહીં.

આતંકવાદને તમે જોઈ રહ્યા છો ને ? કોઈ જગ્યાએ બૉંબ ફાટી રહેલ છે, કોઈ જગ્યાએ ગોળીઓ છૂટી રહેલ છે, તો કોઈ જગ્યાએ બીજું કંઈ બની રહેલ છે. જેમ હાથી પર મુસીબત આવી હતી તેમ આ પાંચે મુસીબતો આજકાલ આપણા બધા પર છવાઈ ગયેલ છે. હવે આપણે શું કરીશું ? જનતા, સરકાર અને સમાજ જે તે યોગ્ય ઉપાય હાથ ધરશે. આ વિશે તો મારે કશું કહેવાનું નથી. સરકાર આ વિશે તો માર્ગદર્શન આપતી રહે છે, સમાજના નેતાઓ પણ આ મુસીબતમાં પાણીની કરકસર કરવાનું કહે છે. વીજળીની પણ કરકસર કરવી જોઈએ. તળાવ અને કૂવા ખોદાવવા જોઈએ. બધા જુદા જુદા ઉપાયો બતાવે છે. આ બધા ભૌતિક ઉપાયો છે, પરંતુ એના કરતાં પણ મોટો એક આધ્યાત્મિક ઉપાય છે, જે હાથીએ અપનાવ્યો હતો. તે શો હતો ? તેણે ભગવાનને પોકાર કર્યો હતો. દેવતાઓ અને દાનવોમાં જ્યારે પણ લડાઈ થઈ અને દેવતાઓ મુસીબતમાં આવ્યા તો તેઓ દોડીને ભગવાન પાસે પહોંચી ગયા અને કહ્યું કે અમારી મુસીબત દૂર કરો. તે વેળાએ ભગવાને કોઈને કોઈ ઉપાય અજમાવ્યો હતો. તેમાં કોઈ વખત દુર્ગાનું તો કોઈ વખત સીતાનું નિર્માણ કર્યું હતું, કોઈ પ્રસંગે દધીચિના હાડકામાંથી ઇન્દ્રવજ્ર બનાવ્યું હતું, તો ક્યારેક સ્વર્ગમાંથી ભગીરથે ગંગાનું પૃથ્વી પર અવતરણ કર્યું હતું. આમ ભગવાને કોઈને કોઈ ઉપાય અવશ્ય હાથ ધર્યો હતો.

આવા મોટા ઉપાયો તો ભગવાન જ હાથ ધરી શકે છે, તે મનુષ્ય માટે તો અશક્ય હોય છે. આ સમયે ભગવાનને પોકાર કરવા માટે અમે એક મોટો ઉપયોગી અને જરૂરી ઉપાય શોધી કાઢ્યો છે. આ ઉપાય જુસ્સો વધારનારો અને તે આપને અગાઉ બતાવવામાં પણ આવેલ છે. હવે યજ્ઞો અધિક ખર્ચાળ બનાવવાના નથી. જનતા ખર્ચ કાઢવા સમર્થ પણ નથી અને જો કોઈ આપી શકે તેમ હોય તો જનતામાં પ્રત્યેક માને છે કે યજ્ઞથી પાણી વરસવું જોઈએ, જે વાત પર અમે વિશ્વાસ કરાવી શકતા નથી. તો પછી આ વર્ષનો સંપૂર્ણ સમય કેવી રીતે પસાર થશે ? અમે આ વાતની માહિતી આપીને ડરાવવા ઇચ્છતાં નથી, હેરાન કરવા માગતા નથી, પરંતુ યજ્ઞનો સંબંધ વરસાદ સાથે છે એ વાત તો નિશ્ચિત છે. યજ્ઞ પરિપૂર્ણ થવાથી વરસાદ ન વરસે તો જનતા તમને શું કહેશે ? તમારી મજાક થશે અને યજ્ઞનું અપમાન થશે, યજ્ઞની સ્કીમ બનાવનાર અમારું પણ અપમાન થશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આથી ગયા વર્ષે દરેક સ્થાન પર જે રીતના યજ્ઞો થયાં હતા, તેવા જ યજ્ઞો આ વર્ષે કરવાના છે, પરંતુ તેમાં ફરક એટલો છે કે નવી શૈલીના યજ્ઞો એવા હશે કે જે સૌથી ગરીબ મનુષ્ય પણ સરળતાથી પરિપૂર્ણ કરી શકે.

તે યજ્ઞો કયા છે ? તે દીપયજ્ઞો છે. દીપયજ્ઞમાં એક થાળી લઈને તેમાં પાંચ દીવા મૂકવામાં આવે છે. આ દીવા યજ્ઞનો સામાન છે. એક જ રૂપિયામાં આ યજ્ઞ થઈ શકે છે. થાળી ઘેરથી લાવવાની હોય છે. સામાન્ય યજ્ઞ જેવો જ કર્મકાંડ તેમાં કરવાનો હોય છે. તેમાં ઘૃતઅવઘ્રાણ, ભસ્મધારણ, વસોધારા જેવી વાત ઘટાડી દીધી છે. બાકીનું યજ્ઞકાર્યનું સ્વરૂપ દેવ આવાહન મંત્રોથી લઈને યથાવત્ છે. ફક્ત વસ્તુઓ ઓછી કરી છે. વસ્તુઓ ઓછી કરવામાં શું કોઈ ખરાબી છે ? ના, કોઈ ખરાબી નથી. અહીં યાજ્ઞવલ્કય-જનકનો સંવાદ કંઈ એવો જ છે. જનકે પૂછ્યું કે કોઈ ખરાબ વસ્તુ હોય અને અમે યજ્ઞ ન કરી શકીએ તો શું કરવું ? તે વેળાએ યાજ્ઞવલ્કયજીએ કહ્યું, " યજ્ઞ કરવો તો અનિવાર્ય છે. ગાયત્રી અને યજ્ઞ તો આપણી ભારતીય સંસ્કૃતિના માતાપિતા છે. તેમનું પૂજન તો થવું જ જોઈએ, તેમને ભોજન પણ કરાવવું જોઈએ. વાયુમંડળ અને વાતાવરણનું શુદ્ધિકરણ કરવા માટે એ જરૂરી છે, પરંતુ તે માટેની વસ્તુઓ ઘટાડી શકીએ છીએ." તે માટે રાજા જનકે પૂછ્યું, "કઈ વસ્તુઓ ઘટાડી શકાય છે ?" તેમણે કહ્યું, "જો તમારી પાસે ઘી ન હોય તો વનસ્પતિદ્રવ્યમાંથી બનેલી હવનસામગ્રીથી તમે હવન કરી શકો છો. પછી તેમણે કહ્યું, "વરસાદ પડશે નહીં તો વનસ્પતિઓ પણ પેદા થશે નહીં. તો પછી હવન કેવી રીતે કરીશું ? ત્યારે યાજ્ઞવલ્ક્યજીએ કહ્યું, "તમે લાકડાની સમિધાઓથી પણ હવન કરી શકો છો." આમ કહેવાનો ઉદ્દેશ એ છે કે ઓછામાં ઓછી વસ્તુઓથી હવન કરી શકો છો. આ રીતે મુસીબતના સમયમાં અર્થાત્ આપત્તિકાળમાં અમે લોકોને દીપયજ્ઞ કરવાનું કહ્યું છે અને તેનો લોકોએ સ્વીકાર પણ કર્યો છે. આ દીપયજ્ઞો તમારે પણ કરવાના છે. આમાં જે શ્લોકો ભાવનાપૂર્વક બોલવામાં આવશે, તેના લીધે જે પુણ્ય મળશે તે મોટા યજ્ઞકુંડોમાં હજારો રૂપિયા ખર્ચવાથી મળતાં પુણ્ય જેટલું જ હશે.

યજ્ઞનો આ એક ઉપાય છે. યજ્ઞનો બીજો ઉપાય એ છે કે સવારમાં સૂર્યોદયના સમયે યજ્ઞ પ્રારંભ થવો જોઈએ. તે સમયે પ્રકાશ ફેલાય છે અને ઠંડક અનુભવાય છે. ઘરનું કામ કરવાનો અને વેપાર-ધંધો કરવાનો પણ સમય નિશ્ચિત હોય છે. આથી પ્રાતઃકાળમાં સવારના સમયે યજ્ઞ કરી લેવાથી બધું બરાબર જળવાઈ રહે છે. સંધ્યાકાળનો એક બીજો કાર્યક્રમ છે. તેમાં શું કરવાનું હોય છે ? તેમાં કીર્તન કરવામાં આવે. જૂના કીર્તનો અને અમારા કીર્તનોમાં ફરક છે. જૂના કીર્તનોમાં તો માત્ર રામનું નામ લેવામાં આવતું હતું. 'રામભજ'માં હરે રામા, હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, બસ માત્ર રામધુન થતી હતી. અમારા કીર્તનો વિચારો અને વિવેચનોને લગતાં છે. ભગવાનનું નામ પણ છે અને ભગવાનના નામની સાથે વિચારો અને વિવેચનો પણ જોડાયેલા છે. આ વાત અમે સો-સો કુંડીય યજ્ઞના સમયે તમને બતાવી હતી. તે સમયે તમને બોલાવ્યા પણ હતા. તેમાં તમે ભાગ પણ લીધો હતો. હજુ પણ તમે સો કુંડીય યજ્ઞ કરી શકો છો. તેમાં સો રૂપિયા ખર્ચ થશે. તેને તમે ખૂબ મજાથી કરી શકો છો.

યજ્ઞના અંતમાં દેવદક્ષિણા જરૂરી છે. દેવદક્ષિણામાં બુરાઈઓનો ત્યાગ કરવાનો હોય છે અને સત્કાર્યોનો વિકાસ કરવાનો હોય છે. આમાં વાતાવરણનું શુદ્ધિકરણ થતું હોય છે. મનુષ્યના ગુણ, કર્મ અને સ્વભાવમાં ફરક પડવાને લીધે મુસીબતો પેદા થઈ છે અને કુદરત નારાજ બની છે. તમે એને પણ વ્યવસ્થિત કરી શકો છો. આ માટે તમે યજ્ઞના અંતમાં દેવદક્ષિણાના રૂપમાં એક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બુરાઈ ત્યજવાનો અને એક સારાપણું સ્વીકારવાનો સંકલ્પ લઈ શકો છો. આ કામ કરવું જરૂરી છે અને તે જ દેવદક્ષિણા છે. દક્ષિણામાં પંડિતજીને રૂપિયા, કપડાં, અનાજ, ભોજન કશું જ આપવું જરૂરી નથી. આ સામૂહિક યજ્ઞ છે. દેવીદેવતાઓનું અમે આવાહન કરીશું, તેમનું પૂજન અને સન્માન કરીશું, યજ્ઞમાં જે મનુષ્યો આવશે અને હવનના મંત્રો બોલીને આહુતિઓ આપશે તે બધા અમારા સહકર્મીઓ અને સહયોગી બનશે. આમાં કોઈ પંડિત એવો નહીં હોય જે દક્ષિણા માટે આવ્યો હોય. જો કોઈ પૈસા માટે આવ્યું હોય તો તે દેવતા હોઈ શકે નહીં, બ્રાહ્મણ હોઈ શકે નહીં. તમારે પૈસાની નોકરીની જરૂરિયાત નથી. પરંતુ દેવી-દેવતાઓને કે જેમને આપણે બોલાવ્યા છે તેમને દક્ષિણા આપવી પડશે. ઇન્દ્ર દેવતા પાસે વરસાદની આશા રાખો છો તો તેમના ચરણો પર ફૂલ અર્પણ કરવા પડશે. દેવતા આવશે તો તમારે પૂજા-વંદન તો કરવું પડશે. પૂજાવંદન કરવાની વિધિમાં દેવદક્ષિણાના રૂપમાં કોઈને કોઈ બુરાઈ ત્યજવી પડશે અને એક સારાશ ધારણ કરવી પડશે.

આ સો કુંડીય યજ્ઞ શરદ પૂર્ણિમાથી શરૂ કરીશું અને ચૈત્ર પૂર્ણિમાએ સમાપ્ત કરીશું. આ છ મહિનાના સમયમાં તમારે એ કાર્ય કરવું જોઈએ. તેમાં તમારા ગામ કે શહેરના મહોલ્લામાં જઈને પ્રત્યેક ઘરનો સંપર્ક સાધવો પડશે. આ સંપર્ક યજ્ઞ છે. સંપર્ક યજ્ઞનો અર્થ છે પ્રત્યેક ઘરમાં જઈને પ્રત્યેકને તૈયાર કરો. તમારા કુટુંબના પ્રત્યેકને થોડું શિક્ષણ આપવું છે અને સાથોસાથ ભગવાનનું સ્મરણ પણ કરાવવું છે. તમારા ઘરમાં સુખશાંતિ પણ લાવવી છે. આથી તમારે પ્રત્યેક ઘરમાં એક યજ્ઞનું આયોજન કરવાનો કાર્યક્રમ આ છ મહિના સુધી ચાલુ રાખવાનો છે. જરૂરિયાત જણાશે તો મહિનાથી આગળના સમયમાં કાર્યક્રમ ચાલુ રાખવો જોઈશે. આમ તો તમોને છ મહિનાનો સંકલ્પ તો લેવડાવી રહ્યા છીએ. આ છ મહિનામાં તમારા ગામ કે શહેરના મહોલ્લાનું કોઈ એક પણ ઘર બાકી ન રહેવું જોઈએ કે જ્યાં એક કુંડીય યજ્ઞ ન થયો હોય.

આ એક કુંડીય યજ્ઞનો મતલબ તમે સમજ્યા છો ને ? એક થાળીમાં પાંચ અગરબત્તીઓ અને પાંચ દીપક રાખો. થાળીને રંગોળી કરીને સુશોભિત કરી શકો છો. આ માટેની જરૂરી વસ્તુઓ ઘરમાંથી મળી રહે છે. જો તમને એમ લાગે કે એક કલાકના સમયમાં પાંચ અગરબત્તી અને દીપક પ્રગટાવવામાં વધુ ખર્ચ થઈ જશે તો તેમાં કરકસર કરી શકાય છે. પાંચ દીપક પૈકી પહેલાં એક પ્રગટાવો અને બુઝાઈ ગયા પછી બીજો દીપક પ્રગટાવો. આમ વારાફરતી ત્રીજો, ચોથો અને પાંચમો દીપક પ્રગટાવો. આમ એક-એક દીપકથી કામ ચાલી શકે છે, પરંતુ સ્થાપના તો પાંચ દીપકની કરવી પડશે, કારણ કે આ પાંચ દેવોનું આવાહન છે. એમાં પાંચ પ્રાણ અને પાંચ તત્ત્વોનું આવાહન છે. આથી પાંચ દીપકની પાંચ અગરબત્તીની સ્થાપના તો કરવી પડશે. જો કોઈ જગ્યાએ ગરીબીને કારણે વધુ કરકસર કરવાની જરૂરિયાત જણાય તો, અગરબત્તી પણ વારાફરતી એક પછી એક પ્રગટાવી શકો છો. આમ પાંચ અગરબત્તી અને પાંચ દીપકમાંથી એક-એક કરીને પ્રગટાવીને કરકસર થઈ શકે છે. કરકસર કરવી એટલા માટે જરૂરી છે કે હવે પછીના દિવસોમાં તમને પૈસાની તંગી પડશે, જેથી વધુ ખર્ચ કરવામાં મુશ્કેલી જણાશે. યજ્ઞમાં જે મનુષ્ય વધુ ખર્ચ કરે છે તે વધુ ફાયદાની આશા રાખે છે, પરંતુ જે થોડો ખર્ચ કરે છે તેને થોડામાં સમાધાન થઈ જાય તો પણ કામ ચાલી જાય છે. આમ તો યજ્ઞનું ખર્ચ લોકોને વધારે જણાય છે. તેથી તેમાં ઓછામાં ઓછો ખર્ચ કરવો જોઈએ. યજ્ઞની જે વિધિઓ બતાવી છે તે તો પ્રત્યેક ઘરમાં કરવી જોઈએ. ઘર પર જે યજ્ઞ કરાવો તેમાં થોડી વાતો જોડી દો. વાસ્તવમાં આ આપણે પારિવારિક યજ્ઞ કરી રહ્યા છીએ. એમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કુટુંબના નિર્માણનો ઉદ્દેશ સમાયેલો છે, જેનાથી સમાજનું નિર્માણ આધારિત છે. યજ્ઞનું નિર્માણ અને સમાજના નિર્માણ વચ્ચેનો સેતુ પરિવાર નિર્માણ છે. પરિવારનું નિર્માણ પારિવારિક યજ્ઞોના માધ્યમથી થશે. આમાં સવારે યજ્ઞ કરવામાં આવે અને સાંજે કીર્તનની વ્યવસ્થા કરવામાં આવે. આ કાર્ય ભલે મહિલાઓ કરે, પરંતુ હળીમળીને કરવું જોઈએ. યજ્ઞના અંતમાં દેવદક્ષિણાની વિધિ દરેક ઘરમાં થવી જોઈએ. દેવદક્ષિણામાં બીજું શું-શું કરવું જોઈએ ? જે મહત્ત્વની બાબતો છે તે અવશ્ય કરવી જોઈએ. પ્રથમ બાબતમાં પ્રાતઃકાળમાં સૂર્યોદયના સમયે ભગવાનનું સ્મરણ કરવું જોઈએ. આ સમયની ખાસ વિશેષતા છે. ભગવાનનું સ્મરણ શું ગમે ત્યારે થઈ શકે ? ના, ભાઈસાહેબ ! તમે સ્નાન કર્યું હોય કે, ના કર્યું હોય, પરંતુ બિલકુલ સવારે સૂર્યોદયના સમયે નામસ્મરણ કરવું જોઈએ. સૂર્યોદયના સમયે એક જ રીતે, ચોક્કસ સમયે એક જ પ્રકારનું કાર્ય કરવાથી સો ગણી શક્તિ મળે છે. આથી પ્રાતઃકાળના જપ જરૂરી ગણાવવામાં આવેલ છે. ઘરેઘર પર જઈને પ્રાતઃકાળમાં આ જપ કરવાનું દરેકને કહો, પછી ભલે તે જપ દસ મિનિટના કેમ ન હોય.

આ સિવાય બીજી એક બાબત એવી છે જે દેશને પડતીની દિશામાં લઈ જનાર છે. આપણા દેશમાં શિક્ષણની ઉણપ છે. એને લીધે મનુષ્ય જાનવર જેવો ભયંકર બની જાય છે. શિક્ષણ સિવાય મનુષ્ય અજ્ઞાની રહે છે, સમાજની હિલચાલની ખબર પડતી નથી, લોકો કઈ રીતે પ્રગતિ કરી રહેલ છે તે સમજી શકતો નથી. તે કૂવામાંના દેડકા જેવો રહે છે. આથી તમારે આ યજ્ઞોની સાથે પ્રૌઢશિક્ષણનું આંદોલન ચલાવવું જોઈશે. તમારામાંથી જે ભણેલા હોય તેમણે ઓછામાં ઓછા પાંચ નિરક્ષરોને અક્ષરજ્ઞાન આપવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. નિરક્ષરને તમારા ઘર પર કે તેના ઘરે જઈને ભણાવો. અક્ષરજ્ઞાનનું આ કાર્ય એક માસ કે છ માસ કે બે વર્ષ સુધી ચાલુ રાખશો. અહીંથી સંકલ્પ લઈને જશો કે અમે ઓછામાં ઓછા પાંચ મનુષ્યોને તો ભણાવીશું જ. પરિવારમાં યોજાનાર યજ્ઞોની આ મુખ્ય વાત છે. જે મનુષ્યો ભણાવી ન શકે તે ભણી તો શકે છે. ઘરમાં વૃદ્ધો અને યુવાન સ્ત્રીઓ નિરક્ષર હોય છે. તેમણે ભણાવવા માટેનું આંદોલન આ યજ્ઞમાં જોડી દેવાનું છે.

બીજું એક આંદોલન છે તે પહેલાં કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે. તે શું છે ? જે કાંઈ પણ આપણે કમાઈએ છીએ તે બધું ખિસ્સાના કાણામાંથી બહાર નીકળી જાય છે. ફૂટેલા ઘડામાં ગમે તેટલું પાણી રેડીએ તો તે બધું કાણામાંથી બહાર નીકળી જશે અને ઘડો ખાલી ને ખાલી રહેશે. આપણા સમાજમાં લગ્ન નિમિત્તે થતો ખોટો ખર્ચ, ઘડાના કાણા જેવો છે. ખર્ચાળ લગ્નો આપણને ગરીબ અને બેઈમાન બનાવે છે. આ વિશે અનેક વખત કહ્યું છે અને હંમેશાં કહેતાં રહીશું. ખર્ચાળ લગ્નોને કારણે આપણો દેશ ગરીબ અને બરબાદ થયો છે. ખર્ચાળ લગ્નો ચાલુ રહેશે તો આપણી આવક વધારવા છતાં ગરીબ જ રહીશું. આ માટે શું કરવું જોઈએ ? આ માટે વડીલોએ પ્રતિજ્ઞા લેવી પડશે કે, "અમે અમારા છોકરા અને છોકરીઓના લગ્નમાં ધામધૂમ અને દેખાવ કરીશું નહીં, દહેજ લઈશું કે આપીશું નહીં, ઘરેણા ચઢાવીશું નહીં.

લગ્નમાં ઘરેણા અને દહેજનો કેટલો મોટો સંબંધ છે, એ વિશે તમને ખબર નથી. છોકરાવાળા દહેજ માગે છે. કેમ માગે છે ? કારણ કે તેમની પાસે ઘરેણા માગવામાં આવશે. છોકરીવાળા ઘરેણા માગે છે અને છોકરાવાળા દહેજ માગે છે. આ બંને વાતો મરશે તો એક સાથે જ મરશે. જો તે જીવિત રહેશે તો બંને જીવતી રહેશે. જો તમે એકલા દહેજ બંધ કરવા ઇચ્છો અને એમ ઇચ્છો કે અમારી છોકરી પર ઘરેણાં જરૂર ચઢાવે. તો બિચારા છોકરાવાળા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઘરેણાં માટે સોનું ક્યાંથી લાવશે ? આજે સોનાનો ભાવ કેટલો બધો છે. દસ ગ્રામનો ભાવ પાંચ હજાર રૂપિયા છે. આ ભાવે જો કોઈ મનુષ્ય પચાસ ગ્રામના ઘરેણાં બનાવવા ઇચ્છે તો તેને પચીસ હજાર રૂપિયા જોઈએ. આ રકમ ક્યાંથી લાવશે ? આથી ઘરેણાં માટે તે દહેજ માગે છે તો તેમાં શું ખોટું છે ? દહેજ બંધ કરવા માટે ઘરેણાંની વાત પડતી મૂકવી જોઈએ. આથી તમે લગ્નોમાં દહેજ-ઘરેણાંની વાત બંધ કરો. વરઘોડામાં ધામધૂમ ન કરીએ, બેન્ડવાજા ન વગાડીએ, દારૂખાનું ન ફોડીએ. હોળી અને દિવાળીના જેવા ઘરગથ્થુ તહેવારોની માફક પાંચ માણસ લઈને લગ્નમાં જઈએ અને પાંચ માણસ કન્યાપક્ષના હોય. આપણા ઘરમાં નાનો સરખો હવન કરી લેવામાં આવે અને શાંતિથી લગ્ન કરીને બીજા દિવસે જાન વિદાય કરી દેવામાં આવે. આ પ્રકારના લગ્નો ઓછા ખર્ચાળ હોય છે. કોઈએ દહેજ આપવું હોય તો પોતાની પુત્રીને ઇન્દિરા વિકાસ જેવા બચતપત્રોમાં રકમ જમા કરાવીને બચતપત્રો આપો જેની રકમ પાંચ વર્ષમાં બમણી થઈ જશે.

આ પ્રકારના લગ્નની પરંપરા ચલાવવી એ પણ આપણું આજના સમયનું મહત્ત્વનું કાર્ય છે. દહેજ હિન્દુ સમાજનો કોઢ છે - કલંક છે. નિરક્ષરતા આપણા દેશનું કલંક છે. લગ્નમાં દહેજના નિમિત્તે થતું ખોટું ખર્ચ આપણા દેશનું કલંક છે. એને દૂર કરવા માટે નિરક્ષરતા અને સાદાઈયુક્ત લગ્નનો કાર્યક્રમ ચલાવવો પડશે.

લગ્ન કરવાનો એક બીજો ઉપાય છે. મોટાભાગે પડોશીઓ, મિત્રો અને સંબંધીઓ સાદાઈયુક્ત લગ્ન કરવામાં નાક કપાઈ જવાની વાત કરે છે. લગ્નમાં ધામધૂમ તો થવી જોઈએ તેમ કહે છે. મહોલ્લાના ફલાણાએ આટલું મોટું ધામધૂમથી લગ્ન કર્યું હતું, તો તમે કેમ ન કરી શકો ? જ્યાં આ પ્રકારની મુસીબતો હોય, જ્યાં આ પ્રકારના ગીધ-કાગડા ચારેતરફ ઘેરાયેલા હોય, તમને આ મુસીબતોમાંથી બચવાનો કોઈ ઉપાય ન જડતો હોય, તો અમે તમોને શાંતિકુંજ આવવાનું આમંત્રણ આપીએ છીએ. તમે છોકરા અને છોકરી પક્ષના પાંચ-પાંચ મનુષ્યો લઈને આવો. શાંતિકુંજમાં ખર્ચ કર્યા વિના આનંદપૂર્વક લગ્ન કરી શકો છો. અહીં કોઈ દેખાવ કરવો પડશે નહીં કે દહેજમાં કશું આપવું પડશે નહીં. જે પાંચ-પાંચ મનુષ્યો આવશે તેના ભોજનની અહીં વ્યવસ્થા થઈ જશે. અહીં ભોજનશાળામાં હજારો મનુષ્યો ભોજન લે છે. લગ્નમાં જે પાંચ મહેમાનો આવશે, તેઓ અમારા મહેમાનની જેમ ભોજન લેશે. મારી સમજ મુજબ આ પ્રકારના લગ્નો ઘણા સારા છે. સ્થાનિક સ્તર પર આ પ્રકારના લગ્ન ન કરી શકો તો તમે અહીં આવીને શાંતિકુંજમાં - ગુરુદ્વારામાં લગ્ન કરી શકો છો. શાંતિકુંજ તીર્થસ્થાન છે, દેવતાઓનું નિવાસસ્થાન છે. અહીં નિયમિત યજ્ઞ થાય છે. તેથી આવા શુદ્ધ સ્થાન પર લગ્નસંસ્કાર પરિપૂર્ણ કરો. જેમ શુભ મુહૂર્તની વાત વિચારીએ છીએ તેમ શુદ્ધ સ્થાનની વાત વિચારો. મુહૂર્તની વાત વિચારો નહીં. તમે લગ્ન માટે ગમે ત્યારે આવી શકો છો. અહીં હંમેશાં લગ્નો થતાં હોય છે, કારણ કે અહીંનું વાતાવરણ અને ભૂમિ શુદ્ધ અને પવિત્ર છે. આથી અહીં મુહૂર્તની જરૂરિયાત નથી એ વાત સમજી શકો છો.

આ સિવાય બીજી બે વાત છે. પહેલી વાત નશાખોરીની છે. તમે નશામુક્તિ કરાવો, નહીંતર હવે પછીની પેઢીઓ બરબાદ થતી જશે. તમે જાણો છો કે નશાથી શરીર ખલાસ થઈ જાય છે, બુદ્ધિ બહેર મારી જાય છે, પૈસા બરબાદ થઈ જાય છે, કુટુંબ પણ બરબાદ થઈ જાય છે અને બાળકોનું ભવિષ્ય પણ ખરાબ થઈ જાય છે. નશાબાજનો કોઈ વિશ્વાસ રાખતું નથી કે કોઈ તેની પાસે બેસતું નથી. આમ પેઢીઓ બરબાદ થતી જશે તો પચીસ-ચાલીસ વર્ષમાં એક પેઢી પછી બીજી પેઢી કમજોર થતી જશે. વાસ્તવમાં તે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પેઢીઓ સમાજને ભારરૂપ બનતી જશે. આથી નશાખોરીની વિરુદ્ધ જે કંઈ કરવું તમારા માટે સંભવ હોય તે જરૂરથી કરશો.

નશાખોરી સિવાય એક બીજી વાત છે. શાકભાજી ઉગાડવાની વાત તો અમે કહી શકતા નથી, કારણ કે જ્યારે વરસાદની તંગી છે ત્યારે શાકભાજી ક્યાંથી ઉગાડીશું ? મનુષ્ય માટે શાકભાજી અનાજ જેટલી જરૂરી છે. તમે આંગણામાં શાકભાજી ઉગાડી શકો છો. તમે પાણી પીવો છે તે જરૂરી છે, પરંતુ સ્નાન કરો છો અને સાફસૂફી કરો છો ત્યારે જે પાણી વહીને નકામું બને છે તેને એકત્ર કરી લો અને તે પાણી કૂંડામાં, આંગણાની ક્યારીમાં કે ટોકરોમાં જ્યાં શાકભાજી ઉગાડી હોય ત્યાં રેડી દો. ધારો કે તે શાકભાજીથી તમારા ઘરનું પૂરું ખર્ચ ન નીકળી શકે તો તેનાથી ચટણી જેટલું કામ તો થઈ શકે છે. લૂખી રોટલી ખાવાના બદલે તમે ચટણીથી તો કામ ચલાવી શકો છો. ચટણી જ એક એવી ચીજ છે કે જેનાથી આપણી ઘણી બધી સગવડ સચવાય છે. ધાણા, ફૂદીનો, પાલક, મેથી, આદુ, મરચાં, ટામેટા એવી વસ્તુઓ છે કે જે સરળતાથી ઉગાડી શકાય છે. કોઈ શાક ના ઉગાડી શકો તો ચટણીની ચીજો તો સરળતાથી ઉગાડી શકો છો.

તો સાહેબ, શાકભાજી ઉગાડવી એક વાત, નશાખોરીનો વિરોધ કરવો બીજી વાત, સાદાઈયુક્ત લગ્નો કરવા ત્રીજી વાત અને પ્રૌઢશિક્ષણની બાબતમાં પ્રચાર કરવો એ ચોથી વાત છે. નાના બાળકો માટે તો સરકારી સ્કૂલોની સગવડ છે, પરંતુ પ્રૌઢશિક્ષણની કોઈ સ્થાયી વ્યવસ્થા નથી. આમ આ બધી વાતોનું ધ્યાન રાખીને યજ્ઞમાં તેને સાંકળી દેવામાં આવી છે, કારણ કે યજ્ઞની સાથે સેવા અને ભાવનાઓ જોડાયેલી હોય છે, દેશને આગળ લઈ જવાની વાત જોડાયેલી છે. યજ્ઞની સાથે ભગવાનના કીર્તનની વાત જોડાયેલી હોય છે. યજ્ઞમાં બુરાઈઓ ત્યજવાની અને સારાશ અપનાવવાની વાત સંકળાયેલી હોય છે. આ બધી વાતોને ધ્યાનમાં લઈને કાર્યક્રમો હાથ ધરવામાં આવશે તો મોટા યજ્ઞો જેટલું જ તમને ફળ મળશે. મને આશા છે કે તમે આ વાતોને સાંભળીને અમલમાં મૂકશો. આશા છે કે આ કાર્યમાં કોઈ કચાશ રાખશો નહીં. આજની વાત સમાપ્ત. ૐ શાંતિ.

---

**ઉત્તંગ મુનિ અમૃતપાનની મહેચ્છામાં કઠોર તપ કરવા લાગ્યા. ઈન્દ્ર સમયાનુસાર પ્રકટ થયા અને વરદાન માગવા માટે કહેવા લાગ્યા. ઉત્તંગ મુનિએ પોતાની મહેચ્છા કહી દીધી.**

**ઈન્દ્રએ કહ્યું, "તમારો મનોરથ જલદી પૂરો થઈ જશે. જે ખામી છે, તે ત્યાં સુધીમાં પૂરી કરી લેશો." આટલું કહ્યા પછી તેઓ અંતર્ધાન થઈ ગયા.**

**ઘણા દિવસ વીતી ગયા પછી ઉત્તંગ તીર્થયાત્રા માટે નીકળી ગયા. રસ્તામાં લાંબો રણવિસ્તાર હતો. પાણીની કોઈ સગવડ ન હતી. ગળુ સૂકાવા લાગ્યું. કંટાળીને ઉત્તંગ એક વૃક્ષની છાયામાં સૂઈ ગયા.**

**એટલામાં એક ચાંડાલ સામેથી આવ્યો. સાથે જળપાત્ર હતું, બોલ્યો, "તમારી તરસ મિટાવી લો."**

**ઉત્તંગ ચાંડાલનું પાણી પીવા માટે સંમત ન થયા. વિનંતીનો સ્વીકાર ન થતા તે પાછો ચાલી ગયો.**

**ગમે તેમ કરીને ઉત્તંગ તે ક્ષેત્રમાંથી પ્રાણ બચાવીને નીકળી ગયા અને ત્રિવેણી તટ પર પહોંચીને તરસ મિટાવી શક્યા.**

**તેમણે રાત્રિના સમયે ઈન્દ્રને જોયા. તેઓ બોલ્યા, "તે દિવસે હું ચાંડાલના વેશમાં અમૃત લાવ્યો હતો, તમે પાછો મોકલી દીધો. હવે જો ફરીથી મેળવવાની ઇચ્છા હોય તો મનુષ્ય મનુષ્ય વચ્ચેના બુદ્ધિભેદને દૂર કરવા માટે ફરીથી તપ કરો.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહાજનો યેન ગતઃ સ પન્થાઃ

## જીવનના યક્ષ પ્રશ્ન અને માસિક યુગ શક્તિ ગાયત્રી દ્વારા તેનું સમાધાન

મહાભારત આરણેય પર્વમાં એક બહુ પ્રેરક કથા આવે છે. એક સરોવરમાં બગલા રૂપધારી એક યક્ષ રહેતો હતો. તે વનમાં વિચરણ કરી રહેલ વનવાસી પાંડવોને તરસ લાગી. જળ લેવા માટે પહેલાં નકુલને મોકલ્યો. નકુલ એ સરોવર પર પહોંચ્યો તો યક્ષે કહ્યું નકુલ પહેલા મારા પ્રશ્નોનાં ઉત્તર આપ, જો તેમ નહીં કરે અને પાણી પી લીધું તો તારું મૃત્યુ થઈ જશે. બાકીના ભાઈઓ માટે જળ લઈ જવાનો તો પ્રશ્ન જ નથી. નકુલ બહુ તરસ્યો હતો. પાણી પી લીધું. મૂર્છિત થઈ પડી ગયો. સહદેવ, અર્જુન, ભીમ બધાની એવી દુર્ગતિ થઈ.

અંતમાં યુધિષ્ઠિર ગયા. યક્ષે તે જ વાત તેમને પણ કહી. ધીર ગંભીર યુધિષ્ઠિરે પહેલા તો યક્ષની પ્રશંસા કરી અને કહ્યું- આપ ભલે બગલો લાગતા હોવ પણ છો બીજા જ કંઈક. જેટલા બનશે તેટલા તમારા પ્રશ્નોનાં ઉત્તર આપીશ. તેના પછી યક્ષના પ્રશ્ન પૂછવાનો અને યુધિષ્ઠિરના જવાબ આપવાનો ક્રમ પ્રારંભ થયો. યક્ષે જે પણ પ્રશ્ન પૂછ્યા હતા તે દાર્શનિક અને વ્યવહારિક લાગે છે. આ રીતે મનુષ્યને સુખી, સમુન્નત, શાંત, સમર્થ અને સ્વર્ગીય જીવન જીવવાનું માર્ગદર્શન મહર્ષિ વ્યાસ દેવે કર્યું છે બીજા શબ્દોમાં જીવન જીવવાની કલાનું નામ જ યક્ષ પ્રશ્નોત્તરી છે જે એને જાણી ન શકે તે કેટલો પણ ધર્માત્મા હોવાનો, મોટાઈનો ઢોંગ કરી લે તેને એક દિવસ અધોગતિમાં જ જવું પડે છે.

આ પ્રશ્નોત્તરીના અંતિમ ચાર પ્રશ્નોમાં સમસ્ત પ્રશ્નોનો એક ઉત્તરમાં બધાનો સાર બતાવી યુધિષ્ઠિરે મનુષ્ય માત્રનું કલ્યાણ કરી દીધું. યક્ષનો સારગર્ભિત પ્રશ્ન છે કઃ પન્થાઃ અર્થાત્ હે યુધિષ્ઠિર સુખી જીવનનો રાજમાર્ગ બતાવો ? ત્યારે યુધિષ્ઠિરે બતાવ્યું-

**તર્કોડપ્રતિષ્ઠઃ શ્રુતયો વિભિન્ના**
**નૈકો ઋષિર્યસ્ય મતં પ્રમાણમ્,**
**ધર્મસ્ય તત્વં નિહિતં ગુહાયાં**
**મહાજનો યેન ગતઃ સ પન્થાઃ.**

આરણેય પર્વ-૧૧૭

હે યક્ષ ! સારામાં સારા સિધ્ધાંત પણ તર્કની આગળ ટકતા નથી, શ્રુતિઓ પણ અનેક છે કોને માનવી કોને નહીં એવી રીતે ધર્મ અત્યંત રહસ્યપૂર્ણ છે સહેજમાં સમજમાં ન આવતા કોને અપનાવે કોને છોડે માટે હે યક્ષ ! જે પથ પર મહાપુરુષ ચાલ્યા તે પર ચાલવું મનુષ્ય માટે શ્રેયસ્કર અને કલ્યાણકારી છે.

પરમ પૂજ્ય ગુરુદેવે પ્રારંભમાં લોકોને સાધના ઉપાસના, તપ, વૈરાગ્ય, વેદ, ઉપનિષદ, દર્શન શીખવાડવાનો પ્રારંભ કર્યો. આત્મ તત્વ અને કુંડલિની વિદ્યા જેવા રહસ્યોને પણ તેમણે સરળમાં સરળ ભાષામાં પ્રસ્તુત કર્યા. પરંતુ પૂ. ગુરુદેવે જોયું લોકોના જીવનમાં કોઈ અંતર ન આવ્યું. ત્યારે તેમણે પરિસ્થિતિઓનું વિશ્લેષણ કર્યું અને મેળવ્યું કે પીરસાય રહેલ સામગ્રી પૌષ્ટિક તો છે પણ એટલી ગરિષ્ઠ છે કે તેને આધ્યાત્મ વિદ્યાના સ્નાતક સમજી શકે છે પ્રારંભિક પ્રવેશના વિદ્યાર્થી નહીં.

યક્ષ પ્રશ્નોત્તરીથી એક વાત એ પણ સ્પષ્ટ છે કે જીવન વ્યવહાર સ્વયં એક એવો યક્ષ પ્રશ્ન છે જેને સમજદારીથી ઉકેલવામાં ન આવે તો વ્યક્તિ માત્ર સામાન્ય બાબતમાં એવી મૂંઝવણમાં પડી જાય છે કે અધ્યાત્મ જેવા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગંભીર વિષય માટે ન તો તેની મનઃસ્થિતિ રહી જાય છે ન તો પરિસ્થિતિઓ. એ મુશ્કેલીઓમાં જકડાયેલ મનુષ્ય પોતાનું આ જીવન પણ નરક જેવા ત્રાસમાં જીવે છે અને વિક્ષુબ્ધ મનથી વિદાય થયેલ પોતાનો પરલોક પુનર્જન્મ પણ બગાડી બેસે છે. એનું નામ અધોગતિ, ચોરાસીનું ચક્કર કે નરકમાં જવાનું છે. મહાભારતમાં યક્ષ દ્વારા પૂછાયેલ પ્રશ્નોમાં દર્શન હતું કે જીવન વ્યવહાર ઉત્તમ હોવો જોઈએ. યુધિષ્ઠિરે જે બતાવ્યું તેમાં આસન, પ્રાણાયામ, જપ અને ધ્યાન ન હતું પણ અવાર નવાર આવતી મુશ્કેલીઓ આશંકાઓના કુચક્રોના નિરાકરણનું સર્વાંગપૂર્ણ માર્ગદર્શન છે. યુધિષ્ઠિરે સ્પષ્ટ બતાવ્યું છે કે મહાપુરુષોને જુઓ તેઓ જેવું જીવન જીવ્યા તેવું જીવન જીવો, તેમના પદચિહ્નો પર ચાલો તેનાથી આ જીવન પણ સુંદર બનશે. સ્વર્ગ અને મુક્તિ મળશે.

પરમ પૂ. ગુરુદેવ પણ કહેતા હતા સ્વર્ગ અને મુક્તિ બધા મનના ખેલ છે 'મન એવ મનુષ્યાણાં કારણબંધ મોક્ષયો''-એને ઠીક કરવામાં આવે તો સંસારના દરેક વૈભવ વિભૂતિ પ્રાપ્ત કરી શકાય છે. આ સત્યને ધ્યાનમાં રાખીને ૧૯૭૦માં જ પરમ પૂ. ગુરુદેવે મિશનની સારી ગતિ બદલી દીધી. વેદ જ્ઞાનની જગ્યાએ વેદ વ્યવહાર અર્થાત્ યુગ શક્તિ ગાયત્રી માસિકનું પ્રકાશન પ્રારંભ કર્યું. બગલા રૂપી યક્ષ જે જ્ઞાન મેળવી ધન્ય થયા તે મંગલાચરણ પરમ પૂ. ગુરુદેવે યુગ શક્તિ ગાયત્રી માસિકના માધ્યમથી પ્રારંભ કર્યું. એમાં તર્કને કોઈ સ્થાન નથી. શ્રુતિઓની ભિન્નતા નથી. આધ્યાત્મની ગુહ્યતા નથી. મહાપુરુષોના જીવનનો સાચો ધર્મ છે જેમાં એક હાથમાં સદાચરણ અને બીજા હાથમાં તત્કાળ તેનું સત્પરિણામ છે. આજે કે કાલે સંસાર જ્યારે પણ બદલાશે એનાથી બદલાશે-જ્યારે મનુષ્ય સન્માર્ગ તરફ વધશે ત્યારે તે પણ સુખી, સમુન્નત અને સ્વર્ગીય પરિસ્થિતિઓ પ્રાપ્ત કરશે આ ગીતાનો પાઠ કરી પ્રાપ્ત કરશે.

વનપર્વમાં યુધિષ્ઠિરે યક્ષ પ્રશ્નોનું સમાધાન કર્યું. પરમ પૂ. ગુરુદેવે તે જ નિરાકરણ યુગ શક્તિ ગાયત્રીમાં કર્યું. આ સરળ, સુબોધ, રૂચિકર અને વ્યવહારિક છે એને જેટલું વધારે વ્યાપક બનાવાશે યુગ પરિવર્તનનો આધાર એટલો જ સુદૃઢ હશે. આ યુગમાં જો કંઈક અભાવ છે તો તે વ્યક્તિત્વનો અભાવ છે. યુગ શક્તિ ગાયત્રી વ્યક્તિત્વ ઘડનાર છે તે હવે ઘરે-ઘરે વંચાવું જોઈએ. આપણા કર્મવીર યુગ નિર્માણી ભાઈઓને આ વર્ષે યુગ શક્તિ ગાયત્રીના યુધ્ધ સ્તરે સદસ્ય બનાવવાની ભાવભરી પ્રાર્થના છે. જેથી આપણા સમાજમાં પ્રતિભા તેમજ વ્યક્તિત્વને બનાવવાનું કાર્ય તીવ્રગતિથી ચાલે.

ડિસેમ્બરમાં લગભગ ઘણા પરિજનોના શુલ્ક સમાપ્ત થઈ જાય છે તેમનાથી નવા વર્ષનું લવાજમ લેવાના ક્રમમાં જ નવા પરિજનોને શોધવાનો ક્રમ પ્રારંભ કરી દેવો. થોડી ચર્ચા પણ કરવી તો લોકો આ પત્રિકાના સદસ્ય બનવામાં હાર્દિક પ્રસન્નતાનો અનુભવ કરશે. આજે દરેક ઘર બાળકોની, ગૃહસ્થ જીવનની સામાજિક જીવનની સમસ્યાઓથી ત્રસ્ત છે તેમને જો કંઈક સંતોષદાયક પ્રકાશ અને માર્ગદર્શક મળી શકતું હોય તો યુગ શક્તિ ગાયત્રીનું સ્થાન સર્વ પ્રથમ હશે. ઘરે-ઘરે ગાયત્રી ઉપાસના અર્થાત્ ઘરે-ઘરે યુગ શક્તિ ગાયત્રી, ગામે-ગામે ગાયત્રી યજ્ઞ અથાત્ પ્રત્યેક ક્લબ, દુકાન, પંચાયત ઘર, સ્કુલ, હોસ્પીટલ, પુસ્તકાલય, વાચનાલયમાં પૂ. ગુરુદેવને આ ધર્મરાજ યુધિષ્ઠિર ગીતાને અવશ્ય પહોંચાડશો.

-લીલાપત શર્મા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**વીસનગર :** ગાયત્રી પરિવાર જી. મહેસાણા દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન ૧૦ જેટલી પ્રજ્ઞા ટોળિઓ ઉતારીને દરરોજ ઘેર-ઘેર પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક ઘેર યુગ સાહિત્ય પ્રસાદી તરીકે આપવામાં આવ્યું હતું. 'ગામે ગામે ગાયત્રી યજ્ઞ અને ગૃહે ગૃહે ગાયત્રી ઉપાસના' અભિયાન ચાલે છે. નજીકના રાલીસણા, ત્રાંસવાડ, મણિનગર, મગરોડા, ઉદલપુર વગેરે ગામોમાં ૧૧થી ૨૧ કુંડીના આયોજનો કરી ત્યાં શાખાઓ સ્થાપવામાં આવી છે.

**જેતપુર :** ગાયત્રી પરિવાર શાખા જી. રાજકોટ રક્ષાબંધન જેવા પવિત્ર મહાપર્વ નિમિત્તે ગાયત્રી જ્ઞાન મંદિર જેતપુર દ્વારા સામુહિક યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ અહીંના કનકેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં યોજાયો હતો પરંતુ આ કાર્યક્રમ શરૂ થાય તે પહેલા ગાયત્રી પરિવારના પરિજનો દ્વારા જેતપુરની જેલમાં રહેતા કેદીઓને રક્ષાબંધન કરવાનું નક્કી થયું હતું. તે મુજબ ગાયત્રી જ્ઞાન મંદિરના આચાર્ય પ્રોફેસર ડો. જીવરામની તથા મહેશભાઈ ભટ્ટ બંને અહીંના જેલના કેદીઓને રક્ષાબંધન કરવા ગયા. આવી અદ્‌ભૂત ભાવનાથી કેદીઓની મિશન પ્રત્યે શ્રધ્ધાની લહેર વધી.

**ભરતનગર** ( ભાવનગર ) ગાયત્રી પરિવારના ભાઈ બહેનો તરફથી લોકોની સેવા માટે પાછલા દિવસોમાં શરદભાઈ ભટ્ટના દવાખાને સવારના ૯થી બપોરના ૧ વાગ્યા સુધી વિના મૂલ્યે કેમ્પ યોજાયો.

માનનીય અશ્વિનભાઈ પટેલ સીવીલ એન્જીનીયરના મુખ્ય અતિથિ પદે તેમજ વંદનીય રાણા સાહેબ, કાર્યપાલક ઈજનેર નિવૃત્ત ગુજરાત રાજ્યના પ્રમુખ પદે યોજવામાં આવેલ જેમાં ૬૦૦ ( છસો ) દર્દીઓને આંખ તપાસીને સારવાર આપવામાં આવેલ હતી. તેમજ ૩૧ દર્દીઓને વીરનગર હોસ્પીટલમાં ઓપરેશન માટે મોકલવામાં આવેલ હતા. દર્દીઓની સેવા માટે ભરતનગર ગાયત્રી પરિવારના ૩ બહેનોને વીરનગર સાથે મોકલવામાં આવેલ.

આ કાર્યમાં મુખ્ય અતિથિ તરફથી પ્રમુખ શ્રી તરફથી, ગાયત્રી જીલ્લા પરિવાર તરફથી, ચિત્રા ગાયત્રી ધામ તરફથી અને ધોધારોડ ગાયત્રી શક્તિપીઠ તરફથી અને ધર્મપ્રેમી દાતાઓ તરફથી તેમજ વંદનીય પૂ. મદનમોહન મહારાજ તરફથી તન, મન, ધનથી ઉદાર દિલે સહાય કરવામાં આવી.

**ખંભાત જી. ખેડા :** આ યુગ સંધિકાળમાં અનુયાજ પ્રક્રિયામાં સમાજોત્થાન સંકલ્પના ભાગરૂપ ખંભાત સમસ્ત પ્રજાપતિ સમાજ દ્વારા આયોજીત અને ખંભાત ગાયત્રી પરિવાર દ્વારા સંચાલિત ૨૫ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ તા. ૮-૯-૯૬ ને રવિવારે પ્રજાપતિ સમાજની વાડીમાં ભવ્ય રીતે યોજાઈ ગયો. અગાઉ ૨૧ દિવસોમાં સમાજના અગ્રણી શ્રી ભદ્રિકભાઈ પ્રજાપતિ, શ્રી ચીમનભાઈ પ્રજાપતિ, શ્રી સમુદ્રભાઈ પ્રજાપતિ અને સમાજનાં ભાઈ-બહેનોએ સવાલક્ષ જપાનુષ્ઠાન કરીને યજ્ઞમાં આહુતિઓ દ્વારા દરેકે વ્યસનમુક્તિ, કુરીતિઓની નાબુદી અને સત્પ્રવૃત્તિઓ માટે પ્રતિજ્ઞાઓ લઈ ધન્યતા અનુભવી હતી.

**ભાટીએલ** ગાયત્રી પરિવાર શાખા દ્વારા આસો નવરાત્રીના નવદિવસ નવ ગામોમાં અલગ અલગ પંચકુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છેલ્લા બે ગામોમાં ફાંગણીમાં નવકુંડી તથા દશેરાના દિવસે ભાટીએલ ગામના પૂર્ણાહુતિના કાર્યક્રમમાં ૨૧ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. નવમાંથી છ ગામો, ગાયત્રી મંત્ર, ગાયત્રી ઉપાસના, ગાયત્રી યજ્ઞ અને મિશનની પ્રવૃત્તિઓથી અજાણ હતા. તેઓને યજ્ઞ દ્વારા આ અંગે માહિતગાર કરવામાં આવ્યા નવ ગામોમાં થઈ કુલ ૧૦૦૦ વ્યક્તિઓએ યજ્ઞમાં ભાગ લીધો. યજ્ઞ સાથે ગાયત્રી મંત્રલેખન, સુવાક્ય સ્ટીકર અભિયાન પણ કરવામાં આવ્યું. હાઈસ્કૂલની લાયબ્રેરીમાં મિશનના સાહિત્ય અંગે ગુજરાત સરકારના પરિપત્ર સાથે સ્કૂલોના આચાર્યોનો પણ સંપર્ક કરવામાં આવ્યો.

છીપડી જી. ખેડા ગાયત્રી શક્તિપીઠ તરફથી નીચે દર્શાવ્યા પ્રમાણે પ્રચાર પ્રસાર અને જન જાગરણ માટે દિપ યજ્ઞો અને યજ્ઞ કાર્ય કરેલ છે.

મોટી મુડેલ પ્રાથમિક શાળા તા. ૨૦-૧૦-૯૬ના દિપ યજ્ઞ ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. બસો વિદ્યાર્થીઓએ વ્યશન મુક્તિ કરી છે. દરેક બાળકને એક એક ચાલીસા આપવામાં આવી છે.

દેવટાકૂવા પ્રાથમિકશાળા ૧૧૧ વિદ્યાર્થીઓએ દિપયજ્ઞમાં ભાગ લીધો છે. દરેક બાળકને ચાલીસા આપવામાં આવી છે.

કલેસર : પ્રાથમિક શાળા તા.૨૨-૧૦-૯૬ના દિપયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. આયોજનમાં ૨૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

રતનપુર પ્રાથમિક શાળા તા. ૨૪-૧૦-૯૬ના દિપ યજ્ઞ આયોજન રાખવામાં આવ્યું. આ આયોજનમાં ૨૨૫ વિદ્યાર્થીઓઓ ભાગ લીધો દરેક બાળકોને એક એક ચાલીસા પ્રસાદીમાં આપી છે.

જી. કચ્છ ખાતે તા. ૨-૧૦-૯૬ ગાંધી જયંતીના શુભદિને પરમ પૂ. શ્રી શ્રીરામ શર્મા આચાર્ય, પરમ વંદનીયા ભગવતી દેવી શર્માના આશીર્વાદથી ''૫૧ કુંડી ગાયત્રી યજ્ઞ'' સંપન્ન કર્યો. આ વિરાટ મહાયજ્ઞમાં ૧૧૨ યજમાન દંપતિઓએ લાભ લીધો. સાથે આશરે ૧૫૦૦ ધાર્મિકોએ દર્શન તથા આહુતિનો લાભ લીધો. મહાયજ્ઞના રસોડે ૬૨૫ માણસોએ પ્રસાદ લીધેલ, આ મહાયજ્ઞમાં કચ્છ જિલ્લાની કપુરાશી, નવાનગર, પાનધો, ધડુલી. વિરાણી, દયાપર, રવાપર, નખત્રાણા, મોટીવિરાણી, નવાવાસ માધાપર શાખાઓના પરિજનો તથા આસપાસના વિસ્તારોના રહીશોએ ઉમળકાભેર ભાગ લઈ વર્માનગરના માર્ગો પર શોભાયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કર્યું. યજમાન દંપતિઓએ વ્યસન મુક્તિના સંકલ્પ લીધા. હાજર રહેલ દર્શનાર્થીમાંથી પણ વ્યસન મુક્તિના સંકલ્પ લીધાનું જાણવા મળેલ છે. મહાયજ્ઞની સાથે યુગ સાહિત્ય, આસોપાલવના રોપાનું વિતરણ, મંત્રલેખન બુકોનું વિના મૂલ્યે વિતરણ કરેલ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.